MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૭-૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૨૮ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636
Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રોજે રોજ કેસોમાં વધારો થતાં સરકાર ચિંતિત,અમદાવાદ હોટસ્પોટ

ગુજરાત પર સંકટના વાદળોઃ કોરોનાના વધુ ૧૪ કેસ પોઝિટિવ

દિલ્હીના ધાર્મિક મરકઝથી આવેલા લઘુમતી સમાજના લોકોના વિસ્તારોમાં કેસ વધી રહ્યાંનો હોવાનો જયંતિ રવિનો દાવો

લોકડાઉનના આઠ દિવસ બાકી છતાં કેસોમાં રોજે રોજ વધારો થતાં લોકોમાં ભય, રાજ્યમાં પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૧૪૪ થઈ,મૃત્યુઆંક ૧૧ તો ૨૧ દર્દીઓ સ્વસ્થ થયા

ગાંધીનગર

દેશમાં મહારાષ્ટ્ર પછી બીજા નંબરે ગુજરાત રાજ્યમાં પણ સરકાર અને પ્રજા માટે ચિંતાજનક રીતે કોરોના પોઝિટિવ કેસના આંકડાઓ સતત વધી રહ્યાં છે. અત્યારસુધીમાં રાજ્યના ૧૫ જિલ્લાઓમાં કોરોનાનો ચેપ પ્રસરી ચૂક્યો છે. કોરોના કેસોની વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ મિડિયા બ્રિફિંગમાં જણાવ્યું છેકે, રાજ્યમાં વધુ ૧૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. દિલ્હીના ધાર્મિક મકરઝથી આવેલા લઘુમતી સમાજના લોકોના વિસ્તારોમાં કેસ વધી રહ્યાં છે. હોટસ્પોટ કરાયેલા વિસ્તારોમાં કેસમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં ૧૪૪ કેસ થયા છે. અમદાવાદમાં ૧૧ નવા કેસ જ્યારે સુરત, મહેસાણા અને પાટણમાં એક-એક નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં કુલ ૧૪૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૧ દર્દીઓના મૃત્યુ થયા છે તો ૨૧ દર્દીઓ સાજા થઈ જતા તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજ્ય માટે એ બાબત પણ હવે ચિંતા ઉપજાવે તેવી છે કે રાજ્યમાં હવે લોકલ ટ્રાન્સમિશનના કેસ વધી રહ્યાં છે. કુલ ૧૪૪ પોઝિટિવ કેસમાંથી ૮૫ જેટલા કેસ લોકલ ટ્રાન્સમિશન છે. જેના કારણે રાજ્યના અનેક શહેરોમાં સાચવેતીના ભાગરૂપે સમગ્ર વિસ્તારને ક્વોરન્ટીન કરવામાં આવી રહ્યું છે. મરકઝથી આવેલા લોકોના અને હોટસ્પોટ વિસ્તારોમાં કેસ વધ્યા હોવાનું કારણ પણ તેમણે જાહેર કર્યું હતું. રાજ્યમાં કુલ ૧૪૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૧ દર્દીઓના મૃત્યુ થયા છે તો ૨૧ દર્દીઓ સાજા થઈ જતા તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ચિંતા ઉપજાવે તેવી બાબત એ છે કે રાજ્યમાં હવે લોકલ ટ્રાન્સમિશનના કેસ વધી રહ્યાં છે. કુલ ૧૪૪ પોઝિટિવ કેસમાંથી ૮૫ જેટલા કેસ લોકલ ટ્રાન્સમિશન છે

આરોગ્ય સચિવનાં જણાવ્યાં મુજબ, ગત રોજથી ટોટલ ૩૬૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં પોઝિટવ ૨૨ છે આરોગ્ય સચીવે જણાવ્યું કે લોકલ ટ્રાન્સમિશનમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે.મુસ્લિમ વિસ્તારમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળ્યો છે

આરોગ્ય સચિવે વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, અમદાવાદમાં મુસ્લિમ સમાજના ગીચ વિસ્તારોમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. તેમણે મુસ્લિમ સમાજના આગેવાનો અને મૌલાનાઓને સમાજમાં જાગૃતતા માટે આગળ આવે તેવી વિનંતી કરી છે. આ લોકોમાં જાગૃતતા જરૂરી છે. આ સમાજના આગેવાનો-ધાર્મિક પદાધિકારીઓ મેસેજ ટાઈપ કરીને કે અન્ય માધ્યમથી તેમના સમાજને સંદેશો આપે

અનુસંધાન પાના નં. ૬

ભાજપના સ્થાપના દિવસે વડાપ્રધાને નાગરિકોને સંબોધિત કર્યા

કોરોનાથી હારવાનું કે થાકવાનું નથી, લાંબી લડાઈ પછી વિજય પ્રાપ્ત કરવાનો છેઃ મોદી

કોરોના મુદ્દે ભારતે મહત્વની ભૂમિકા ભજવી,દેશના નાગરિકોએ મહામારીના સમયમાં એકજૂટ થઈને કામ કર્યું છે



ન્યુ દિલ્હી

આજે ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ હોવાથી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રના નાગરિકોને સંબંધિત કર્યા હતા. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે, સરકારે યોગ્ય સમયે મહત્વના નિર્ણયો કર્યા છે.વર્તમાન પરિસ્થિતમાં કોરોનાની સામે તમામ દેશ એકજૂટ થઈને આ મહામારીનો સામનો કરી રહી છે. આપણે ગરીબી વિરુદ્ધ લડાઈ લડવામાં સક્ષમ છીએ. તેથી જ નિરંતર પ્રયા, કરતા આગળવધી રહ્યા છીએ.આપણા વિચાર, સંકલ્પ એક સરખા હોવા જોઈએ.

આપણા દેશના દરેક નાગરિકે ખૂબ જ ધીરજ અને સહિષ્ણુતાની સાથે સાથ આપ્યો છે. પછી ભલે તે લાંબા સમયનું લોકડાઉન હોય કે, એક દિવસનું જનતા કર્ફ્યુ. દેશના દરેક નાગરિકે એકજૂટ થઈને આ મહામારીના સમયમાં કામ કરી રહી છે. દેશના દરેક નાગરિક ખુદ તો બચાવી રહ્યા છે, પરંતુ દેશને પણ બચાવી રહ્યા છે. તેથી જ ભારતના દરેક નાગરિકોને કોટી-કોટી નમન કરીએ તેટલુ ઓછુ છે. આ વિશેષ પરિસ્થિતિમાં તેમાંથી કેટલાક કાર્યો પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ડબલ્યુએચઓએ પણ ભારતના આ પગલાની પ્રશંસા કરી છે. તે સિવાય ઘણા ફોરમમાં કોરોનાના મુદ્દે ભારતે મહત્વની ભૂમિકા ભજવી છે. અમે ઘણા દેશોના વડાઓ સાથે વાત કરી છે, આપણો દેશ વિકાસશીલ દેશ છે, જે ગરીબી સામેની લડત લડી રહ્યો છે. પરંતુ આ કટોકટીની વચ્ચે આપણે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રયાસ કરી રહ્યા છીએ.

વડાપ્રધાન મોદીએ કાર્યકર્તાઓને પાંચ આગ્રહ કર્યાઃ

૧.ગરીબોને રેશન આપવાની અવિરત સેવા

જ્યારથી આ સંકટ શરૂ થયું છે ભાજપના લાખો કાર્યકર્તા દિવસ રાત ગરીબોની મદદ કરવા અને રેશન પહોંચાડવામાં જોડાયા છે. ગરીબોની સેવા કરે છે.

૨. ૫ અન્ય ઘરો માટે ખાવાનું બનાવો

પાંચ ઘરો માટે ખાવાનું બનાવો અને જરૂરિયાતમંદ લોકોને આપો. સમાજના તમામ લોકનું મનોબળ વધારવું તે આપણી જવાબદારી છે.

૩.ઘરો માટે ધન્યવાદ પત્ર લઈને જાવ

તમારા વિસ્તારમાં જે પણ નર્સ અને સફાઈ કર્મચારીઓ, પોલીસ કર્મચારીઓ, બેંક અને પોસ્ટ ઓફિસમાં કામ કરનારા લોકો અને સરકારી સેવાઓમાં લોકો છે, તેમનો આપણે આભાર વ્યક્ત કરવાનો છે. ૪૦ ઘરના ૫ અલગ અલગ લોકો આ ધન્યવાદ પત્ર પર સહી કરે.

અનુસંધાન પાના નં. ૬

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે.કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

સરકારે ગરીબ અને સામાન્ય વર્ગને આર્થિક મદદ કરવી પડશે

૨૦૦૮-૦૯ની મંદીથી પણ ખતરનાક હશે કોરોનાથી આવેલ મંદીઃ રઘુરામ રાજન

આઝાદી પછી કોરોના મહામારી દેશ માટે સૌથી મોટો પડકાર, ભવિષ્યના પ્લાનિંગ પર કામ કરે સરકાર

ન્યુ દિલ્હી

હાલ આખું દેશ કોરોના વાયરસ સામે લડી રહ્યું છે અને દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન છે. જેના કારણે જનજીવન થંભી ગયું છે. આઈએમએફએ પણ કહ્યું કે મંદીની શરૂઆત થઈ ચૂકી છે. આવી સ્થિતિમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને જણાવ્યું છે કે કેવી રીતે લોકડાઉન સમાપ્ત થયા બાદ ઇકોનોમીને ફરી શરૂ કરી શકાય છે અને કેવી રીતે ભારત પડકારોથી લડી શકે છે.

મીડિયા રિપોર્ટ મુજબ રઘુરામ રાજને કહ્યું કે આ પહેલા ૨૦૦૮-૦૯માં પણ મંદી આવી હતી. પરંતુ આ મંદી તેની સરખામણીએ વધુ ખતરનાક હશે. કારણ કે તે સમય બધુ ચાલુ હતું. કંપનીઓ ચાલી રહી હતી. દેશ ચાલી રહ્યો હતો, ફાઇનાન્શિયલ સિસ્ટમ મજબૂત હતી. પરંતુ હાલ બધુ ઠપ્પ છે. ઉપરાંત તેમણે કહ્યું કે જો ૨૧ દિવસ પછી વાયરસની અસર સમાપ્ત ન થઈ તો પછી શું? તેમણે કહ્યું કે લાંબા સમય સુધી

અનુસંધાન પાના નં. ૬

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634, State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

મહારાષ્ટ્રમાં સોમવારે સવારે ૩૩ નવા પોઝિટીવ કેસ સામે આવ્યા

મુંબઈની વોકહાર્ટ હોસ્પિટલમાં ૨૬ નર્સ અને ૩ ડોક્ટરનો ટેસ્ટ પોઝિટિવ આવતા હાહાકાર

મુંબઈ

બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૬ નર્સો અને ત્રણ ડોકટરોમાં કોરોના વાયરસનું પરીક્ષણ પોઝિટિવ આવ્યા બાદ મુંબઈની વોકહાર્ટ હોસ્પિટલને ક્વોરેન્ટાઈન ક્ષેત્ર જાહેર કરાઈ છે. મુંબઈ સેન્ટ્રલ સ્થિત આ હોસ્પિટલ કોઈપણ નવા દર્દીઓની ભરતી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. દરમિયાન આજે સોમવારે મહારાષ્ટ્રમાં કોરોનાના ૩૩ નવા પોઝિટીવ કેસ સામે આવ્યા છે. આ સાથે જ રાજ્યમાં ચેપગ્રસ્તોનો આંકડો વધીએ ૭૮૧ પર પહોચી ગયો છે અને મૃતકોની સંખ્યા ૪૬ થઈ ગઈ છે. રવિવારે સૌથી વધુ ૧૧૩ દર્દીઓ બહાર આવ્યા હતા. રવિવારે અહીં સૌથી વધુ ૧૩ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા, જેમાંથી ૯ મુંબઈ, ૩ પુણે અને એક ઔરંગાબાદથી છે.

બીએમસી કમિશનર સુરેશ કાકાનીએ કહ્યું, આ દુર્ભાગ્યપૂર્ણ છે કે હોસ્પિટલના ડોક્ટર્સ અને નર્સોમાં કોરોનાનો ચેપ ફેલાયો છે. દરેક વ્યક્તિએ સાવધ રહેવું જોઈએ. હોસ્પિટલ સ્ટાફને આ ચેપ કેવી રીતે લાગ્યો તેની તપાસ માટે એક ટીમ બનાવવામાં આવી છે. હોસ્પિટલમાં કાર્યરત ૨૭૦ થી વધુ કર્મચારીઓ અને ડોકટરોની તપાસ કરવામાં આવી રહી છે. ઔરંગાબાદની જિલ્લા હોસ્પિટલમાં કાર્યરત ૩૮ વર્ષીય પુરૂષ નર્સ પણ કોરોના પોઝિટિવ આવી છે, ત્યારબાદ હોસ્પિટલના અનેક કર્મચારીઓને કોરોના તપાસ કરવામાં આવી છે. તેમનો અહેવાલ પણ સાંજ સુધીમાં આવશે.

લોકડાઉન નિયમ તોડવા બદલ ધારાસભ્ય સામે ફરિયાદ

મહારાષ્ટ્રના વર્ધાની આરવી બેઠક પરથી ભાજપના ધારાસભ્ય દાદરાવ કીચેનો રવિવારે જન્મદિવસ હતો. આને કારણે તેના ઘરની બહાર સમર્થકોની ભારે ભીડ હતી. આ દરમિયાન ધારાસભ્યએ લોકડાઉન નિયમોનું ઉલ્લંઘન કરીને રાશન વિતરણ કરી લોકોને મીઠાઈઓ ખવડાવી હતી. આ પછી વર્ધા પોલીસે તેમની વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે.

૩.૪૦ લાખથી વધુ લોકો સંક્રમિત,ન્યૂયોર્કમાં જ ૪ હજાર લોકોના મોત

અમેરિકામાં કોરોના ત્રીજા સ્ટેજમાં: ૯ હજારથી વધુ લોકોના મોત

વોશિંગ્ટન

કિલર કોરોના વાયરસનો કહેર દરરોજ પોતાની અસર વિશ્વભરમાં ફેલાવી રહ્યું છે. વિશ્વમાં ૧૦ લાખથી વધુ લોકો કોરોના વાયરસથી પીડિત થઈ ગયા છે. જ્યારે ૭૦૦૦૦ કરતા વધુ લોકોના મોત થયા છે. આ મહામારીની ઝપટમાં સૌથી વધુ અમેરિકા આવ્યું છે, જ્યાં છેલ્લી ૨૪ કલાકમાં આ વાયરસથી ૧૨૦૦ મોત નોંધાયા છે. કોરોનાએ અમેરિકામાં તો મોતનું તાંડવ મચાવી દીધું છે. હાલ સ્થિતિ એવી છે કે અમેરિકન પ્રજા ઘરની બહાર નીકળતા ફફડી રહી છે. વિશ્વના સૌથી શક્તિશાળી દેશમાં કોરોના વાયરસના કહેરના કારણે બધુ ઠપ થઈ ગયું છે. જોન હોપકિંગ્સ યુનિવર્સિટીના ડેટા પ્રમાણે અત્યાર સુધી અમેરિકામાં કોરોના વાયરસની ઝપટમાં ૩ લાખથી વધુ લોકો આવી ચુક્યા છે. જ્યારે ૯૬૦૦ લોકોના મોત થયા છે.અમેરિકામાં કોરોના વાયરસને કારણે મત્યુઆંક સતત વધી રહ્યો છે અને હવે આ આંકડો ૯/૧૧ આતંકી હુમલામાં મૃત્યુ પામનાર લોકોથી ત્રણ ગણો વધી ગયો છે. જ્યારે ૩ લાખથી વધુ લોકો સંક્રમિત છે. અહીં સૌથી વધુ પ્રભાવિત ન્યૂયોર્ક શહેર અને સ્ટેટ છે જ્યાં અમેરિકાના કુલ કેસની અડધી સંખ્યા છે. ન્યૂયોર્કમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧ લાખ ૨૦ હજારથી વધુ પોઝિટિવ મામલા સામે આવ્યા છે, જ્યારે ૪ હજાર કરતા વધુલોકોના મોત થયા છે.

ઉલ્લેખનીય છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હાલની સ્થિતિને જોતા લોકોને વધુમાં વધુ ઘરમાં રહેવાની અપીલ કરી છે, કોઈ જાહેર જગ્યા કે ઘરની બહાર નિકળવાની ના પાડવામાં આવી છે. પરંતુ અમેરિકામાં હજુ સુધી લૉકડાઉન સંપૂર્ણ રીતે કરવામાં આવ્યું નથી, જેનું નુકસાન ત્યાંના લોકોને ભોગવવું પડી રહ્યાની ચારેકોર ચર્ચા છે.

તુર્કીમાં એક દિવસમાં ૭૬ના મોત,૩૦૧૩ નવા કેસ નોંધાયા

સમગ્ર વિશ્વ કોરોનાની ચપેટમાં: મૃત્યુઆંક ૭૦,૦૦૦ને પાર

- **ફ્રાંસમાં ૯૨,૮૩૯ કેસ, ૮૦૭૮ના મોત, સ્પેનમાં ૨૪ કલાકમાં ૮૦૯ના મોત**
- **ભારતમાં દર ૧૦૦ કોરોના દર્દીઓમાંથી ૨.૭૫ લોકોના મોત થઈ રહ્યા છે જે દુનિયામાં સૌથી ઓછા**

વોશિંગ્ટન

વિશ્વના વધુ પડતા દેશ આ સમયે ચીનથી ફેલાયેલી કોરોના મહામારીની ઝપેટમાં છે. ૧૨.૫ લાખથી વધુ સંક્રમિત થઈ ચુકયા છે. જ્યારે મૃત્યુઆંક ૭૦ હજારની નજીક પહોંચી ગયો છે. અઢી લાખથી વધુ લોકો સ્વસ્થ થયા છે. જોકે ભારતમાં મૃત્યુદર તેનાથી દેશોની સરખામણીએ સૌથી ઓછો છે. ભારતમાં દર ૧૦૦ કોરોના દર્દીઓ ૨.૭૫ લોકોના મોત થઈ રહ્યા છે

ભારતની સરખામણીએ અમેરિકામાં ૧૦૦ કોરોના દર્દીઓ પર ૨.૬ના લોકોના મોત થઈ રહ્યા છે. અમેરિકાના બાલ્ટીમોર આવેલ જોન્સ હોપ્કિસ યુનિવર્સિટીના જણાવ્યા મુજબ યુરોપીય દેશ ઈટાલીમાં મૃત્યુદર વિશ્વમાં સૌથી વધુ છે. ત્યાં ૧૨.૩ ટકા કોરોના દર્દીઓના મોત થઈ રહ્યા છે. ફ્રાંસ, નેધરલેન્ડ અને સ્પેન જેવા અન્ય યુરોપીય દેશોમાં પણ મૃત્યુદર વધુ છે. ફ્રાંસમાં ૧૦૦ કોરોના સંક્રમિતોમાં ૧૦, નેધરલેન્ડમાં ૯.૪ અને સ્પેનમાં ૯.૪ લોકોના મોત થઈ રહ્યા છે. યુરોપીય સંઘથી અલગ થઈ ચૂકેલા બ્રિટેનમાં ૧૦૦ દર્દીઓમાં ૯.૩ લોકોના મોત થઈ રહ્યા છે. બીજી બાજુ બેલ્જીયમમાં ૬.૮ અને ઈરાનમાં ૬.૨ ટકાના દરથી કોરોના દર્દીના મોત થઈ રહ્યા છે. ચીનમાં ૧૦૦ સંક્રમિતોમાં ૪ના મોત થઈ રહ્યા છે. સ્પેનમાં૨૪ કલાકમાં ૮૦૯ના મોત થયા છે

પાકિસ્તાનમાં આંકડો ૨૮૮૦ ઉપર પહોંચી ગયો. થાઈલેન્ડમાં ૧૦૨ નવા કેસ અને ત્રણના મોત થઈ ગયા છે. બીજી બાજુ બ્રિટેનમાં કોરોનાથી સંક્રમિત પાંચ વર્ષના એક બાળકનું મોત થયું છે. દેશમાં તે અત્યાર સુધીના સૌથી ઓછી ઉંમરના મોત છે. ત્યાં ૭૦૮ના મોત થયા છે. કોરોનાનો કહેર અમેરિકામાં છેલ્લા સપ્તાહે સૌથી વધુ અને ભયાવહ રહ્યો ત્યાં અત્યાર સુધી ૩.૨૮ લાખથી વધુ લોકો સંક્રમિત થઈ ચુકયા છે. જ્યારે ૭૩૦૦થી વધુના મોત થયા છે.

આ દરમિયાન સારા સમાચાર એ છે કે ૧૬,૭૦૦ લોકો સ્વસ્થ થઈ ચુકયા છે. ન્યુયોર્ક, લુઈસિયાના અને મિશગન સહિતના ગર્વનરોએ લોકોને આહ્વાન કર્યું છે કે તેઓ ઘરોમાં જ રહે સૌથી વધુ પ્રભાવિત ન્યૂયોર્ક છે. હોસ્પિટલોમાં ક્ષમતાથી વધુ લોકો દાખલ છે. મહિલાઓની સરખામણીએ પુરૂષોને કોરોનાથી વધુ ખતરો છે. તુર્કીમાં ૨૪ કલાકમાં ૩૦૧૩ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૭૬ લોકોના મોત થયા છે. પોઝીટીવનો આંકડો ૨૩,૯૩૪ થયો છે. અત્યાર સુધીમાં ૫૦૧ના મોત થયા છે. તુર્કીએ દેશના ૩૦ મોટા શહેરોમાં ૧૫ દિવસો માટે અવર-જવર પર પૂર્ણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો.

૧૪૪૫ કેસો તબલીગી જમાત સાથે જોડાયેલા, ૨૯૫ લોકો સ્વસ્થ થયા

ભારતમાં કોરોનાની સુનામી: ૨૪ કલાકમાં ૩૦ના મોત,મૃત્યુઆંક ૧૦૯

- **દેશમાં કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યા વધીને ૪૦૬૭ થઈ**
- **આઈસીએમઆરને ૨ દિવસમાં ૭ લાખ એન્ટીબોડી ટેસ્ટિંગ કીટ મળશે, આનાથી વધારે સંક્રમિત વિસ્તારમાં તપાસમાં મદદ મળશે**

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૪૦૬૭ થઈ ગઈ છે. સોમવારે મહારાષ્ટ્રમાં ૩૩, ગુજરાતમાં ૧૬, આંધ્રપ્રદેશમાં ૧૪, રાજસ્થામાં ૮ અને ઝારખંડમાં ૧ નવો કેસ સામે આવ્યો છે. રવિવારે દેશમાં સૌથી વધારે ૬૦૫ કેસ સામે આવ્યા હતા. તેમજ આ વાયરસમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા ૨૯૫ છે.

સોમવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં કોરોના વાયરસના સંક્રમિતોની સંખ્યા વધીને ૪૦૬૭ પહોંચી છે. જ્યારે ૧૦૯ લોકોના મોત નિપજ્યા છે. તો ૨૪ કલાકમાં વધુ ૩૦ લોકોના મોત થતા હાહાકર મચ્યો છે. તો બીજી બાજુ રાહતના સમાચાર એ છે કે કોરોના વાયરસના સંક્રમિતોમાંથી ૨૯૫ લોકો સ્વસ્થ થયા છે. ૧૪૪૫ કેસો તબલીગી જમાત સાથે જોડાયેલા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, દેશમાં તબલીઘ જમાતનું પ્રકરણ સામે આવ્યા બાદ સંક્રમણના કેસની ગતિ લગભગ બમણી થઈ ગઈ છે.

મધ્યપ્રદેશના ભોપાલમાં સોમવારે કોરોનાના કારણે પહેલું મોત થયું હતું. ત્રણ દિવસ પહેલા હોસ્પિટલમાં ભરતી ૫૨ વર્ષના નરેશ સટીકનો રવિવારે રાતે ૧૨.૩૦ વાગ્યે મોત થયું હતું. તેમણે તાવ અને નિમોનીયાની ફરિયાદ બાદ શહેરના એમબીએસ હોસ્પિટલમાં ભરતી કરાવાયા હતા. મોત બાદ સોમવારે સવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

મહારાષ્ટ્રના નાલાસોપારામાં પણ ૬૫ વર્ષના વૃદ્ધનું મોત થયું હતું. આ ઉપરાંત વડોદરામાં સોમવારે ૬૨ વર્ષીય એક વૃદ્ધ મહિલાનું મોત થયું છે. વડોદરાના નગરપાલિકા કમિશનર નલિન ઉપાધ્યાયના જણાવ્યા પ્રમાણે, મહિલા ગત દિવસોમાં શ્રીલંકાથી આવ્યા બાદ બિમાર થઈ ગઈ હતી. તેને ૧૮ માર્ચે વડોદરાના એસએસજી હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા. જ્યાં ટેસ્ટ બાદ તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તે શ્રીલંકાથી આવેલા એક ગ્રુપમાં સામેલ હતા. ૨ એપ્રિલે આ ગ્રુપના અન્ય એક વ્યક્તિનું મોત થયું છે. આ સાથે જ ગુજરાતમાં સંક્રમણથી મૃતકોની સંખ્યા ૧૨ થઈ ગઈ છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચને ૮ એપ્રિલ સુધી ૭ લાખ રેપિડ એન્ટીબોડી ટેસ્ટિંગ કીટ મળી જશે. જેનાથી વધારે સંક્રમણ વાળા વિસ્તારોમાં કોરોના સંક્રમિતોની તપાસમાં મદદ મળશે. આઈસીએમઆરને આ ટેસ્ટિંગ કીટ અલગ અલગ જૂથમાં મળશે. આશા છે કે પહેલા તબક્કમાં ૫ લાખ કિટ આવશે.

ગુજરાતમાં પણ ધારાસભ્યો-મંત્રીઓના પગાર ભથ્થામાં આવશે ૩૦ ટકાનો કાપ

ગાંધીનગર

મોદી સરકારે કોરોનાથી ઉભી થયેલી મહામારીની આર્થિક પરિસ્થિતિમાં એક વર્ષ સુધી ૩૦ ટકા વેતનકાપના કરેલા નિર્ણયનો ગુજરાતમાં પણ અમલ થાય તેવી શક્યતા છે. અને મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી સહિત મંત્રીઓ અને ધારાસભ્યોના વેતનભથ્થામાં પણ ૩૦ ટકા કાપ મૂકાઇ શકે છે. જેમાં રાજ્યપાલનો પણ સમાવેશ થાય તો નવાઇ નહીં.

સૂત્રોએ કહ્યું કે રૂપાણી સરકાર કેન્દ્રમાં મોદી સરકારના નિર્ણયોને અનુસરે છે. કોરોનાની હાડમારીને જોતાં અને પ્રજામાં સંવેદનશીલ સરકારનો એક હકારાત્મક સંદેશો આપવા માટે રૂપાણી સરકાર પણ એકાદ બે દિવસમાં ધારાસભ્યો અને મંત્રીઓ સહિતના વેતન-ભથ્થામાં એક વર્ષ સુધી ૩૦ ટકા કાપના નિર્ણયની જાહેરાત કરે તેમ છે. નોંધનીય છે કે ગુજરાતમાં ધારાસભ્યોને કલાસ-૨ના અધિકારીના વેતનભથ્થા સમકક્ષના લાભો મળે છે. હાલમાં ૭મા વેતન પંચ પ્રમાણે ધારાસભ્યો અને મંત્રીઓ વગેરે.ને પગાર ભથ્થાં મળે છે. જે મહિને દોઢ લાખ થવા જાય છે.

ઉત્તરપ્રદેશના ૩૦ જિલ્લામાં કોરોનાનો કહેર: ૨૯૦થી વધુ લોકો સંક્રમિત

લખનૌ

ઉત્તર પ્રદેશના ૩૦ જિલ્લામાં કોરોના વાઈરસનો કહેર મચી ગયો છે. નોઈડામાં અત્યાર સુધી ૫૮ કોરોનાના દર્દી મળ્યા છે. સરકારના તમામ ઉપાયો છતાં કોરોના નોઈડાની ઝૂંપડપટ્ટી અને ગામ સુધીમાં દસ્તક આપી ચૂક્યો છે.

ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધી કોરોનાના કુલ ૨૯૪ કેસ સામે આવ્યા છે. સોમવારે ૧૬ લોકોનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેમાં ૬ દર્દી લખનૌના બલરામપુર હોસ્પિટલ, ૮ દર્દી સીતાપુરના ખૈરાબાદ અને ૨ દર્દી આગ્રાના એસએનએમસીમાં દાખલ કરાયા છે. અત્યાર સુધી વારાણસી, બસ્તી અને મેરઠમાં કોરોનાથી એક-એક દર્દીનું મોત નીપજ્યુ છે.

ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધી કોરોનાના કુલ ૨૯૪ કેસ સામે આવ્યા છે. સોમવારે ૧૬ લોકોનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેમાં ૬ દર્દી લખનૌના બલરામપુર હોસ્પિટલ, ૮ દર્દી સીતાપુરના ખૈરાબાદ અને ૨ દર્દી આગ્રાના એસએનએમસીમાં દાખલ કરાયા છે. અત્યાર સુધી વારાણસી, બસ્તી અને મેરઠમાં કોરોનાથી એક-એક દર્દીનું મોત નીપજ્યુ છે.

દિલ્હીમાં કોરોના દર્દીઓની સંખ્યા ૫૦૦ને પાર, ૧૮૦૦ના રિપોર્ટ આવવાના બાકી

ન્યુ દિલ્હી

દિલ્હીમાં કોરોનાનું સંકટ વધતુ જઈ રહ્યુ છે. અત્યાર સુધી કોરોનાની ચપેટમાં ૫૦૦થી વધારે લોકો આવી ચૂક્યા છે પરંતુ ૧૮૦૦ લોકોના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. ૨૪ કલાકમાં દિલ્હીમાં કોરોનાના ૫૮ કેસ સામે આવ્યા છે. જેમાં ૧૯નું કનેક્શન તબલીગી જમાતના મરકઝ સાથે છે. દિલ્હીમાં અત્યાર સુધી કોરોના દર્દીઓનો આંકડો ૫૦૩ સુધી પહોંચી ચૂક્યો છે. જેમાં ૩૨૦ કેસ મરકઝ સાથે જોડાયેલા છે. દિલ્હીમાં કોરોનાથી અત્યાર સુધી ૭ દર્દીઓના મોત થઈ ચૂક્યા છે. હાલ આંકડા પરથી તો એ જ વર્તાઈ રહ્યુ છે કે મરકઝની બેદરકારી દિલ્હી પર ભારે પડી રહી છે.

હત્યા-દુષ્કર્મ જેવા ગુના ૯૦ ટકા સુધી ઘટ્યા

પોલીસ ટ્રાવેલ હિસ્ટ્રી છુપાવવી, લૉકડાઉન તોડવા, ફેક ન્યૂઝ જેવા ગુના રોકવામાં વ્યસ્ત

ન્યુ દિલ્હી

દિલ્હી સહિત ૧૦ રાજ્યોની રાજધાનીઓમાં કોરોના વાઈરસના ડર અને લૉકડાઉનથી હત્યા-દુષ્કર્મ જેવા ગુનાના દરમાં ૯૦ ટકાનો ઘટાડો થયો છે. વાત પછી સ્ટ્રીટ ક્રાઈમની હોય, ઘરફોડ કે પછી વાહનચોરીની, દરેક ગુનામાં ઘટાડો થયો છે. તેનું કારણ એ છે કે મોટી સંખ્યામાં પોલીસ માર્ગો પર તહેનાત છે. માર્ગ અકસ્માતોમાં પણ ૯૫ ટકાનો ઘટાડો થયો છે. ૨૨ માર્ચે જનતા કર્ફ્યૂ બાદથી ૩ એપ્રિલ સુધી આ બે સપ્તાહમાં જે નવા પ્રકારના કેસ નોંધાયા છે, તેમાં પોલીસકર્મીઓ સાથે મારપીટ, માસ્ક અને સેનેટાઈઝરની સંગ્રહખોરી, લૉકડાઉનનું ઉલ્લંઘન, વિદેશથી આવવાની માહિતી છુપાવવી અને ફેક ન્યૂઝ ફેલાવનારા સામેની કાર્યવાહી સામેલ છે.

ઘરફોડ અને વાહનચોરી જેવા કેસ ઓનલાઈન નોંધાવવાની સુવિધા

ભાસ્કરે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ સહિત ૧૦ રાજ્યોની રાજધાનીઓમાં તેની તપાસ કરી. જયપુરમાં દર રોજ સરેરાશ ૭૫ કેસ નોંધાય છે, પરંતુ છેલ્લા બે સપ્તાહમાં કુલ ૧૩૨ કેસ જ નોંધાયા. એટલે દરરોજ માત્ર ૯.૪ કેસ નોંધાયા. તેમાં મોટાભાગે લૉકડાઉન ઉલ્લંઘન પણ છે. ઓછાવત્તા આવી જ સ્થિતિ અન્ય રાજધાનીઓની પણ છે. દિલ્હીમાં સૌથી વધુ વાહનચોરીની ફરિયાદ નોંધાઈ. દિલ્હી પોલીસના એસીપી અનિલ મિત્તલનું કહેવું છે કે ઘરફોડ અને વાહનચોરી જેવા કેસ ઓનલાઈન નોંધાવવાની સુવિધા છે. તેથી દિલ્હીના આસપાસના રાજ્યોમાં રહેતા લોકો પણ ઓનલાઈન ફરિયાદો નોંધાવે છે. જેથી તેમને ઈન્સ્યોરન્સ ક્લેઈમ મળી શકે. અમદાવાદમાં પહેલી વાર એવું થયું કે પોલીસે પ્રતિબંધન આદેશના ઉલ્લંઘન બદલ ૯૬૦ કેસ નોંધી ૨૯૬૦ આરોપીની ધરપકડ કરી છે. આ મામલા જનહિત અરજીથી હાઈકોર્ટમાં પણ પહોંચી ગયો છે. બિહારમાં ૮,૧૩૪ વાહનને જપ્ત કરી ૧.૮૦ કરોડ રૂપિયાનો દંડ વસુલવામાં આવ્યો છે.

અર્થવ્યવસ્થામાં પ્રાણ ફૂંકવા મોદી સરકાર લોકડાઉન બાદ વધુ એક પેકેજ જાહેર કરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ મહામારી રોકવાના પ્રયાસમાં સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા દેશવ્યાપી લોકડાઉન બાદ ઊભી થનારી પરિસ્થિતિનો સામનો કરવા માટે કેન્દ્ર સરકારે કામ શરૂ કરી દીધું છે. આ સાથે જ કેન્દ્ર સરકાર લોકડાઉનની અસરને ઓછી કરવા અને અર્થવ્યવસ્થામાં પ્રાણ ફૂંકવા માટે વધુ એક બૂસ્ટર ડોઝ આપવાનું વિચારી રહી છે. કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓએ આ માહિતી આપી છે. આ અધિકારીએ જણાવ્યું છે કે, સરકારનું ધ્યાન ૧૫ એપ્રિલે પૂરા થનારા લોકડાઉન બાદ ઊભા થનારા પ્રશ્નો પર છે. તેમણે કહ્યું છે કે 'પેકેજને લઈને ચર્ચા થઈ છે, પરંતુ હજી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. સરકારનો વિચાર અર્થવ્યવસ્થામાં પ્રાણ ફૂંકવાનો છે અને તે માટે કેટલાક ઉપાય કરવાની જરૂર છે.' જો પેકેજની જાહેરાત કરવામાં આવશે, તો કોરોના વાયરસ મહામારીથી ઊભા થનારા પડકારોનો સામનો કરવા માટે આ ત્રીજુ પગલું હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૪ માર્ચે દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી હતી, તેના થોડા કલાક પહેલા નાણામંત્રી નિર્મલા સીતારમણે કરદાતાઓ તથા વેપારીઓ માટે રાહતની જાહેરાત કરી હતી. તેના બે દિવસ બાદ સીતારમણે કોરોના વાયરસના પ્રકોપથી સૌથી વધુ અસરગ્રસ્ત થનારા લોકો માટે ૧.૭૦,૦૦૦ કરોડ રૂપિયાની સહાયતાની જાહેરાત કરી હતી. અધિકારીઓએ કહ્યું છે કે, સરકાર પાસે ઘણા વિકલ્પો છે. જેવા કે, મંત્રાલયો દ્વારા શિષ્યવૃત્તિ અને ફેલોશિપ, રવી પાકની લણણી અને સરકારે તેમને એક પછી એક સમાધાન કરવાનું શરૂ કર્યું છે.

કોરોના મહામારી માટે ચીન જવાબદાર, આર્થિક-રાજકીય રીતે ચીનનો બહિષ્કાર કરો: બાબા રામદેવ

હરિદ્વાર

યોગગુરુ રામદેવે વિશ્વભરમાં ફેલાયેલી કોરોના મહામારી માટે ચીનને દોષિત ઠેરવ્યું છે. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાયે ચીનનો રાજકીય અને આર્થિક રીતે બહિષ્કાર કરવો જોઈએ. રામદેવે ટ્વિટ કરી કહ્યું છે કે ભારતે આ માટે રાજદ્વારી પહેલ કરવાની જરૂર છે.

રામદેવે હિન્દીમાં ટ્વિટ કરી લખ્યું છે કે, સાચે જ ચીને અમાનવીય, અનૈતિક અને સમગ્ર વિશ્વને ઘોર સંકટમાં નાંખવાનું કૃત્ય કર્યું છે. આ માટે વિશ્વ સમુદાય દ્વારા ચીનનો રાજકીય અને આર્થિક રીતે વિરોધ કરી તેને પાઠ ભણાવવો જોઈએ. વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ભારતે પ્રારંભ કરવો જોઈએ.



નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતનું નિવેદન

આગામી બે મહિનામાં ૨.૭ કરોડ એન૯૫ માસ્ક અને ૫૦ હજાર વેન્ટિલેટરની જરૂર પડશે

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના ઝડપથી વધી રહ્યો છે, જેના કારણે પીપીઈ એટલે કે પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપ્મેન્ટ અને ટેસ્ટિંગ કિટ ની માગ વધી રહી છે. આ બધુ જોતા કેન્દ્ર સરકારે અંદાજ લગાવ્યો છે કે આવનારા બે મહિનામાં ભારતને ૨.૭ કરોડ એન-૯૫ માસ્ક ૧.૫ કરોડ પીપીઈ, ૧૬ લાખ ટેસ્ટિંગ કિટ અને ૫૦ હજાર વેન્ટિલેટરની જરૂર પડશે.

સૂત્રો પ્રમાણે ૩ એપ્રિલે નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે કેટલાક બિઝનેસના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી, જેમાં ખાનગી સેક્ટર, એનજીઓ અને આંતરરાષ્ટ્રીય ઓર્ગેનાઈઝેશનને પણ આ વિશે જણાવી દેવામાં આવ્યું છે કે ભારતને આવનારા સમયમાં આ વસ્તુની જરૂર પડી શકે છે.

અધિકારીઓ અનુસાર જૂન સુધી ૫૦ હજાર વેન્ટિલેટરની જરૂર પડશે, જેમાંથી ૧૬ હજાર ઉપલબ્ધ છે અને બાકી ૩૪ હજાર વેન્ટિલેટર માટે ઓર્ડર આપી દેવામાં આવ્યો છે. અધિકારીઓનો આ જવાબ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓના તે સવાલ બાદ આવ્યો જેમાં તેમણે પૂછ્યું હતું કે આ પ્રોજેક્ટ માટે સરકારને ખરેખર કેટલી જરૂર છે. તેમના અનુસાર કોઈપણ પ્રોજેક્ટમાં રોકાણ કરવા માટે આ જાણકારી હોવી જરૂરી છે.

કોરોના અસરઃ વડાપ્રધાનની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટનો મોટો નિર્ણય

રાષ્ટ્રપતિ,વડાપ્રધાન સહિત સાંસદોના એક વર્ષના પગારમાં ૩૦ ટકાનો કાપ મૂકાશે

પ્રધાનમંત્રી રાહતફંડમાં આ રકમ જમા કરાવવામાં આવશે,૭૯૦૦ કરોડની રકમ સ્થગિત કરાઈ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસની મહામારી વચ્ચે લોકડાઉન વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં વીડિયો કોન્ફરન્સ દ્વારા કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ હતી. ભારતમાં સૌ પ્રથમ વખતે વીડિયો કોન્ફરન્સ દ્વારા કેબિનેટની બેઠક યોજાય હતી. કોરોના વાયરસ સામેની જંગમાં મોદી સરકારે મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે એક વર્ષ સુધી તમામ સાંસદોની સેલરીમાં ૩૦ ટકા ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. સાસંદોની સેલરીનો ઉપયોગ કોરોના વાયરસથી લડવા માટે કરવામાં આવશે. આ ઉપરાંત રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યપાલ પણ એક વર્ષ સુધી પોતાની સેલરી ૩૦ ટકા ઓછી લેશે. ૨ વર્ષ માટે સાંસદને મળતું ફન્ડ સ્થગિત કરવામાં આવ્યું છે. સંસદ સભ્યોને વિકાસ માટે મળતી ગ્રાન્ટમાં રૂ. ૭૯૦૦ કરોડ સ્થગિત કરાવામાં આવ્યા છે.

કેબિનેટ બેઠક બાદ કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે તમામ સાંસદો પાસેથી ઓછો પગાર લેવાની મંજૂરી મળી ગઈ છે. પીએમ, મંત્રી અને તમામ સાંસદો ૩૦ ટકા ઓછી સેલરી લેશે. આ ઉપરાંત સાંસદોને મળતા ફંડ ૧૦ કરોડ પણ ૨ વર્ષ સુધી નહીં મળે તેવો નિર્ણય લેવાયો છે. આ મુદ્દે સરકાર અધ્યાદેશ બહાર પાડશે.

હરિયાણામાં આઈસોલેશન વોર્ડમાંથી ભાગવા જતાં દર્દીનું મોત

પાનીપત

હરિયાણામાં આઈસોલેશનમાં રહેલ વ્યક્તિ અકસ્માતે મૃત્યુ પામવાનો કિસ્સો સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર હરિયાણાના એક ૫૫ વર્ષીય શંકાસ્પદ વ્યક્તિને હોસ્પિટલના છઠ્ઠા માળે આઈસોલેશનમાં રાખવામા આવ્યો હતો જ્યાંથી તેણે ભાગી છૂટવાના પ્રયાસ કરતાં મોતને ભેટયો હતો.

આ વ્યક્તિ આજે સવારે ૪ વાગ્યે કરનાલની કલ્પના ચાવલા મેડિકલ કોલેજની બારીમાંથી પડી ગયો હતો ત્યારબાદ તેનું મૃત્યુ થયું હતું. તેણે બેડશીટ અને પ્લાસ્ટિકના પેકેટનો ઉપયોગ કરીને દોરડું બનાવ્યું હતું અને નીચે ઊતરવાની કોશિશ કરી રહ્યો હતો તેમ પોલીસે જણાવ્યુ હતું.

પાણીપતનો રહેવાસી વ્યક્તિ ૧ એપ્રિલના રોજ હોસ્પિટલમાં દાખલ થયો હતો અને તે આઈસોલેશન વોર્ડમાં હતો. ડોકટરોના જણાવ્યા મુજબ તેને ઘણી બિમારીઓ હતી તેમજ કોવિડ-૧૯ના લક્ષણો ન હોવા છતાં તેને આઈસોલેશનમાં રાખવામાં આવ્યો હતો. આ મૃતકનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. અત્રે નોંધનીય છે કે આ પ્રકારની ઘટનાથી આઈસોલેશન વોર્ડની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા છે. હરિયાણામાં કોરોના વાઈરસના કુલ ૮૪ કેસ નોંધાયા છે.

હરિદ્વારમાં જમાતીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા ૧૩ હજાર લોકોને ક્વોરન્ટાઈન કરાયા

દહેરાદૂન

ઉત્તરાખડમાં ઝડપથી પ્રસરી રહ્યો છે કોરોના વાઈરસ. હરીદ્વારના પનિયાલા ગામમાં એક જમાતીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા ગામના ૧૩ હજાર લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. તો અનેક લોકોના સેંપલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

ઉત્તરાખંડમાં વધુ ૫ જમાતી કોરોના વાયરસના કારણે સંક્રમિત મળી આવ્યા છે. જેમાં દહેરાદુનના ત્રણ અને રામનગર અને રાનીખેતના ૧-૧ જમાતી સામેલ છે. પ્રદેશમા કુલ ૨૭ દર્દી સંક્રમિત થઈ ચૂક્યા છે. તો તેમાં કોરોનાથી સંક્રમિત ૩ ટ્રેની IFS ઓફિસરોને વાયરસથી જિંદગીની જંગ જીતી લીધી છે. આ ત્રણેય દર્દીને હોસ્પીટલમાંથી ઘરે પરત મોકલી દેવામાં આવ્યા છે.

રવિવારના રોજ મેડિકલ કોલેજ હલ્દવાની અને એમ્સ રિશિકેશથી ૧૪૮ કોરોના સંક્રમણના સેમ્પલ રિપોર્ટ આવ્યા હતા. તપાસમાં દેહરાદૂનના ત્રણ અને રામનગર અને રાનીખેતના ૧-૧ જમાતીમાં કોરોના સંક્રમણની પુષ્ટી કરવામા આવી છે. દહેરાદુનમાં ત્રણેય સંક્રમિત દર્દીને સુદ્ધોવાલામાં બનાવવામાં આવેલ ક્વોરન્ટાઈન સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. જેમાં ૨ ડોઈવાલા અને ૧ લક્ખીબાગનો રહેવાસી છે.

અમેરિકા માટે આગામી સપ્તાહ ૯/૧૧ જેવુ સાબિત થશે

વોશિંગ્ટન

અમરેકા હવે કોરોના વાયરસનો નવો ગઢ બની ચુક્યુ છે. અમેરિકામાં રોજે રોજ લોકોના મોતનો સીલસીલો અટકવાનુ નામ નથી લઈ રહ્યો.

આ સંજોગોમાં અમેરિકાના સર્જન જનરલ જેરોમ એડમ્સે આગાઈ કરતા કહ્યુ હતુ કે, આગામી સપ્તાહ અમેરિકા માટે ૯/૧૧ અને પર્લ હાર્બર જેવુ સાબિત થશે. જેનો અર્થ એવો થાય કે આગામી સપ્તાહમાં અમેરિકા પર થયેલા ૯-૧૧ હુમલામાં કે બીજા વિશ્વયુધ્ધ વખતે પર્લ હાર્બર પર થયેલા હુમલામાં જેટલા લોકોના મોત થયા હતા તેના કરતા પણ વધારે લોકોના મોત આ એક સપ્તાહમાં કોરનાના કારણે થઈ શકે છે.

ન્યૂયોર્કમાં વાઘને કોરોના વાયરસ થતાં ખળભળાટ

ન્યૂયોર્ક

કોરોના વાયરસનો પ્રકોપ દુનિયાભરમાં ઝડપથી ફેલાઇ રહ્યો છે અને અમેરિકા તેનો સૌથી મોટો શિકાર બન્યો છે. અહીં વાયરસ હવે પ્રાણીઓમાં પણ પહોંચી રહ્યો છે. ન્યૂયોર્કના એક પ્રાણીસંગ્રહાલયમાં એક વાઘને કોરોના થયો છે.

ન્યૂયોર્કના બ્રોનક્સ ઝૂમાં એક વાઘમાં કોરોના પોઝિટીવ આવ્યો છે. અમેરિકાના કૃષિ વિભાગના નેશનલ વેટનરી સર્વિસીસ લેબોરેટરીના મતે પ્રાણીઓમાં કોરોના પોઝિટીવની આ પહેલી ઘટના છે. બ્રોનક્સ પ્રાણી સંગ્રહાલયના વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન સોસાયટીના મતે ૪ વર્ષની મલાયન પ્રજાતિની વાઘણને કોરોના પ્રાણીસંગ્રહાલયના કોઈ કર્મચારી દ્વારા થયો છે. કર્મચારી પહેલેથી જ કોરોનાથી ચેપગ્રસ્ત રહ્યો હશે અને તેના સંપર્કમાં આવવાથી વાઘણને પણ કોરોના થઈ ગયો હશે. જો કે સામાન્ય લોકો માટે આ પ્રાણીસંગ્રહાલય ગઇ ૧૬મી માર્ચથી જ બંધ કરી દેવાયું છે. નાદિયાથી સેમ્પલ લેવાયા અને પરીક્ષણ કરાયું જેમાં તે પોઝિટીવ આવ્યો. હવે ૫ બીજા વાઘ અને ચિત્તાના સેમ્પલ લેવાયા છે અને જેમાં કોરોનાના લક્ષણ દેખાઇ રહ્યા છે. પ્રાણીસંગ્રહાલયના બીજા વાઘોમાં પણ આ વાયરસના લક્ષણ દેખાઇ રહ્યા છે.

કોરોનાનો ડરઃ ૭૫ પોલીસ અધિકારીઓએ કરાવ્યું મુંડન

કોરોના વાયરસ માથાના વાળમાં ચોંટી ના જાય તેના માટે પોલીસકર્મીઓએ મુંડન કરાવ્યું

આગ્રા

કોરોના વાયરસના સંક્રમણથી બચવા માટે આગ્રાના પોલીસ સ્ટેશન ફતેહપુર સીકરીની પોલીસે વિચિત્ર રીત અપનાવી છે. રવિવારે પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર સહિત ૭૫ પોલીસકર્મીએ સામૂહિક મુંડન કરાવી લીધું હતું અને ત્યારબાદ જ્યારે પોલીસ બહાર આવી તો લોકો તેમને જોઈને હેરાન થઈ ગયા હતા.

પોલીસ ઈન્સપેક્ટર ભૂપેન્દ્ર સિંહ બાલિયાને જણાવ્યું કે, અમે જોયું કે કેટલાક લોકો મોઢા પર માસ્ક લગાવીને અને માથાને ઢાંકીને બહાર નીકળી રહ્યા છે. ડોક્ટરે જણાવ્યું કે, કોરોના વાયરસ માથાના વાળમાં ચોંટી શકે છે. ત્યાંથી શ્વાસ દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે તેથી અમે મુંડન કરાવવાનો નિર્ણય લીધો છે. તમામ પોલીસકર્મીઓ સહમત થયા તેથી અમે ૭૫ લોકોએ મુંડન કરાવ્યું હતું.

મુંડન કરાવ્યા બાદ પોલીસકર્મી રોડ પર પેટ્રોલિંગ માટે નીકળ્યા હતા. લોકો પોલીસકર્મીને આવી સ્થિતિમાં જોઈને ચોંકી ગયા હતા. ઈન્સપેક્ટરે જણાવ્યું કે, મુંડન પોલીસ પ્રોટોકોલનું ઉલ્લંઘન નથી. લાંબા વાળ રાખવા અનુશાસનની વિરુદ્ધ છે પરંતુ નાના વાળ રાખવા અને મુંડન કરાવવું પ્રોટોકોલનું ઉલ્લંઘન થઈ શકે નહીં.

કોરોના વાયરસથી સંક્રમિત બ્રિટિન વડાપ્રધાન બોરિસ જૉનસન હોસ્પિટલમાં દાખલ

લંડન

કોરોના વાયરસથી પીડિત બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોનસનને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. રવિવાર મોડી રાત્રે બ્રિટિશ પીએમના કાર્યાલયે આ અંગેની માહિતી આપતા કહ્યું કે જૉનસનમાં હજુ પણ કોરોનાના લક્ષણ દેખાઇ રહ્યા છે અને તેમને ટેસ્ટ માટે હોસ્પિટલમાં દાખલ કર્યા છે.

૧૦ દિવસ પહેલાં જ બોરિસ જૉનસનના કોરોનાથી પીડિત હોવાની પુષ્ટિ થઇ હતી. બ્રિટિશ પીએમઓએ કહ્યું કે તેમને એક હોસ્પિટલે ડૉકટર્સની સલાહ પર દાખલ કર્યા છે. જો કે ઈમરજન્સીની કોઇ સ્થિતિ નથી અને જૉનસનની જ સરકાર મુખ્યત્વે કામ કરતી રહેશે. પીએમઓએ તેને સાવચેતીભર્યું પગલું ગણાવ્યું છે. ૨૬મી માર્ચના રોજ કોરોનાની પુષ્ટિ થયા બાદ બ્રિટિશ પીએમને ડાઉનિંગ સ્ટ્રીટ સ્થિતિ તેમના સત્તાવાર આવાસ પર ક્વારેન્ટાઈન કર્યા હતા. આઈસોલેશન દરમ્યાન પણ બ્રિટિશ પીએમે પોતાના જરૂરી કામકાજ ચાલુ રાખ્યા છે અને કેટલાંય વીડિયો સંદેશ પણ રજૂ કર્યા છે. શુક્રવારના રોજ એક વીડિયો મેસેજમાં ૫૫ વર્ષના જૉનસને પ્રજાને કહ્યું હતું કે તેઓ પહેલાં કરતાં સારું મહેસૂસ કરી રહ્યા છે.

કોરોનાના કારણે મોત થવા મામલે વીમા કંપનીઓએ વળતર ચૂકવવું જ પડશે

ન્યુ દિલ્હી

જીવન વીમા પરિષદે વીમા કંપનીઓને ચેતવણી આપતા કહ્યુ છે કે, કોરોનાના કારણે મોત થવાના મામલામાં ખાનગી અને સરકારી વીમા કંપનીઓએ વળતર આપવુ જ પડશે. પરિષદે કહ્યુ હતુ કે, કોરોનાના મામલામાં ફોર્સ મેજરની જોગવાઈ લાગુ નહી થાય. ફોર્સ મેજરનો મતલબ થાય છે કે, કેટલાક એવા અસાધારણ સંજોગો જેમાં વીમા કંપનીઓ માટે પોલિસીની રકમ આપવી જરુરી નથી હોતી. કેટલાક ગ્રાહકોએ આ મામલામાં વીમા કંપનીઓ પાસેથી સફાઈ માંગી હતી.દરમિયાન વીમા કંપનીઓ કોરોનાના મોતના કેસમાં વળતર નહી ચુકવે તેવી અફવા પણ ઉડી હતી.જેના સંદર્ભમાં હવે જીવન વીમા પરિષદે આ સ્પષ્ટતા કરી છે. સાથે સાથે પરિષદે કહ્યુ છે કે, લોકડાઉનના કારણે પોલીસ હોલ્ડર્સને તકલીફ ના પડે તેવા પ્રયાસો પણ થઈ રહ્યા છે. દરેક વીમા કંપની પોતાના ગ્રાહકોની સાથે છે. લોકોએ અફવાથી દોરવવાની જરુર નથી.

કોરોનાઃ એરપોર્ટની આશરે ૨ લાખ નોકરીઓ પર સંકટના વાદળો

ન્યુ દિલ્હી

કોરોના વાયરસએ એરલાઈન અને હોસ્પિટાલિટી સેક્ટરને ખુબ મોટું નુકસાન પહોંચાડ્યું છે. આ કારણે દેશના ખાનગી એરપોર્ટ સંચાલકોની સાથે કામ કરનારા ૨ લાખ કર્મચારીઓની નોકરી પર સંકટના વાદળો છવાયા છે. એસોસિએશન ઓફ પ્રાઈવેટ એરપોર્ટ ઓપરેટર્સએ કેન્દ્ર સરકારને રજૂઆત કરી છે કે તે નમાત્ર આર્થિક રૂપથી રાહત પેકેજ આપે પરંતુ સેક્ટરને જાળવી રાખનારી મુખ્ય આધારભૂત સંપત્તીઓને યથાવત રાખે.

હાલના સમયમાં એરપોર્ટ સાઈટો પર કામ કરનારા આશરે ૨ લાખ ૪૦ હજાર લોકોની નોકરી ખતરામાં છે, જેમાં એરપોર્ટ સંચાલનના કર્મચારી પણ સામેલ છે. છટણીના પ્રભાવનો અનુભવ દેશમાં થશે કારણ કે નવી દિલ્હી, મુંબઈ, બેંગલુરૂ અને હૈદરાબાદ એવા કેટલાક મોટા એરપોર્ટ છે, જેને ખાનગી સંસ્થા સંભાળે છે.

હાલના સમયમાં ૧૪ એપ્રિલ સુધી લૉકડાઉનની સમયમર્યાદાને કારણે કોઈપણ પ્રકારની ડોમેસ્ટિક કે ઈન્ટરનેશનલ ઉડાનને મંજૂરી નથી. માત્ર કાર્ગો સંચાલનને મંજૂરી આપવામાં આવી છે, જેથી આ વિમાન કંપનીઓને મોટું નુકસાન થઈ રહ્યું છે.

આ વિમાન કંપનીઓની ન માત્ર આવક ઘટી છે પરંતુ તેના ઉપર સંબંધિત એરપોર્ટ સાથે જોડાયેલા ઘણા મેનેજમેન્ટ સોદાની રકમ ચુકવવાનો પણ મોટો દબાવ છે.

એસોસિએશન ઓફ પ્રાઈવેટ એરપોર્ટ ઓપરેટર્સના મહાસચિવ સત્યન નાયરે કહ્યું, અમે સરકારને ખાનગી એરપોર્ટ સંચાલકો માટે કંઈક રાહતના ઉપાય કરવાની વિનંતી કરી છે, જે કોરોના વાયરસના પ્રકોપને કારણે એરપોર્ટ પર પડનારા નાણાકીય ભાગને ઓછો કરશે.

એમ્સના ડાયરેક્ટર ડો.રણદીપ ગુલેરિયાનો મોટો ધડાકો

ભારતના કેટલાક વિસ્તારમાં કોરોના વાયરસ ત્રીજા સ્ટેજમાં પહોંચ્યો

હવે આપણે વધુ સતર્ક રહેવાની જરૂર,તબલીગી જમાતને કારણે રોકાયેલી બીમારી વધી

ન્યુ દિલ્હી

દેશમાં કોરોનાનો વધતા કેસની વચ્ચે વધુ એક ખરાબ સમાચાર આવ્યા છે. ભારતના કેટલાંય વિસ્તારોમાં કોરોના ત્રીજા ટેસ્ટમાં પહોંચી ગયો છે. દિલ્હી એમ્સના ડાયરેકટર ડૉ.રણદીપ ગુલેરિયાએ કહ્યું કે કેટલાંય વિસ્તારોમાં કોરોનાનો કોમ્યુનિટી પ્રસાર થયો છે. જો કે તેમણે કહ્યું કે આખા ભારતમાં કોરોના બીજા સ્ટેજ અને ત્રીજા ટેસ્ટની વચ્ચે છે.

એક અગ્રણી મીડિયા સાથે વાતચીત કરતાં દિલ્હી એમ્સના ડાયરેકટર ડૉ.રણદીપ ગુલેરિયાએ કહ્યું કે ચિંતાનો વિષય છે કારણ કે કયાંક-કયાંક કેસ એકદમથી વધી ગયા અને કેટલાંક વિસ્તારોમાં લોકલાઈઝ્ડ કોમ્યુનિટી સ્પ્રેડ થઈ રહ્યું છે. જેમકે મુંબઈમાં. આપણે સ્ટેજ ૨ અને સ્ટેજ ૩ની વચ્ચે છીએ. મોટાભાગે ભારતમાં કોરોના સ્ટેજ-૨ પર જ છે.

ડૉકટર રણદીપ ગુલેરિયાએ કહ્યું કે કેટલાંક હોટસ્પોર્ટસમાં લોકલ કોમ્યુનિટી સ્પ્રેડ થઈ રહ્યું છે. જો ત્યાં પણ આપણે સ્થિતિને રોકી લઈએ તો કોઈ ચિંતાની વાત નથી. શરૂઆતના કોમ્યુનિટી સ્પ્રેડ કેટલાંક પૉકેટ્સમાં શરૂ થઈ રહ્યું છે. આથી હવે આપણે વધુ સતર્ક રહેવાની જરૂરી છે. તબલીગી જમાતના લીધે જે બીમારી રોકાઈ હતી તે થોડીક વધી ગઈ છે.

દિલ્હી એમ્સના ડાયરેકટર ડૉકટર રણદીપ ગુલેરિયાએ કહ્યું કે કોરોના વાયરસની ઝપટમાં ડૉકટર પણ આવી રહ્યા છે, આથી ખૂબ જ ભયનો માહોલ છે. ડૉકટર્સના પરિવારને પણ કોરોના થઈ શકે છે. લોકોએ ડૉકટરને વધુ સાથ આપવો જોઈએ.

કોરોના જંગમાં દુનિયાની સાથે ભારત પણ નિર્ણાયક તબક્કામાં પ્રવેશ્યુઃ પી.ચિદમ્બરમ્

ન્યુ દિલ્હી

કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા અને પૂર્વ નાણાં પ્રધાન પી. ચિદમ્બરમે કહ્યું છે કે, ભારત બે અઠવાડિયાનાં નિર્ણાયક ગાળામાં પ્રવેશ કરી રહ્યું છે. ચિદમ્બરમે પોતાના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ પર લખ્યું છે કે, દુનિયાની સાથે સાથે ભારત પણ બે અઠવાડિયાનાં નિર્ણાયક ગાળામાં પ્રવેશ કરી રહ્યું છે. તે સારું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિરોધી પક્ષોનાં નેતાઓ સાથે વાત કરી. મને કોઈ શંકા નથી કે તેમાંથી દરેકે કોવિડ-૧૯ ફેલાવવાનાં સરકારના પ્રયત્નોને સમર્થન આપ્યું છે.

તેમણે વધુમાં લખ્યું છે કે, જો કોંગ્રેસ અને અન્ય વિરોધી પક્ષોએ સરકાર દ્વારા લેવામાં આવેલા પગલામાં ખામીઓ તરફ ધ્યાન દોર્યું તો તે રચનાત્મક ટીકા અને સહકારની ભાવનામાં હતુ - એપ્રિલ ૨, ૨૦૨૦ ના સીડબલ્યુસીનાં ઠરાવમાં પ્રકાશિત થયેલ મુદ્દાઓ પર પ્રકાસ નાખવામાં આવ્યો. ચિદમ્બરમે સરકારને કોરોના વાયરસની વિસ્તૃત રીતે તપાસ કરવા વિનંતી કરી હતી કારણ કે આમ કરવાથી લોકડાઉન અસરકારક સાબિત થશે.

તેમણે ટ્વિટ કર્યું, હુ ઝડપથી એન્ટીબોડી ટેસ્ટ કરવવા માટે આઈસીએમઆર દ્વારા સરકારને આપેલ સલાહનું સ્વાગત કરુ છુ. ઘણા ચિકિત્સકોનાં જણાવ્યા મુજબ આ સલાહ પેન્ડિંગ હતી. કોંગ્રેસ કાર્યકારી સમિતિનાં તાજેતરનાં પ્રસ્તાવને ટાંકીને ચિદમ્બરમે કહ્યું કે, સીડબ્લ્યુસીએ તેના ઠરાવમાં કહ્યું હતું કે મર્યાદિત સ્તરની તપાસ એ ખામીયુક્ત વ્યૂહરચના છે. મહામારી વિશેષજ્ઞોએ વિસ્તૃત અને ઝડપી તપાસની હાકલ કરી છે. સરકારે આજથી જ ઝડપી તપાસ શરૂ કરવી જોઈએ.

મૌલાના સાદે ૨૬ પ્રશ્નોના જવાબ ન આપતા ક્રાઈમ બ્રાન્ચે બીજી નોટિસ ફટકારી

ન્યુ દિલ્હી

દિલ્હીનાં નિઝામુદ્દીન વિસ્તારમાં આવેલું મરકઝ કોરોનાનું મોટું કેન્દ્ર બની ગયું છે. મરકઝથી નીકળેલા અનેક જમાતી કોરોના સંક્રમિત મળી આવ્યા છે. આ મોટી લાપરવાહી માટે મરકઝનાં સંચાલક મૌલાના સાદની વિરુદ્ધ કેસ પણ નોંધાવી દેવામાં આવ્યો છે, પરંતુ તેઓ પણ ફરાર છે. આ દરમિયાન ક્રાઈમ બ્રાંચે મૌલાના સાદને બીજી નોટિસ ફટકારી છે.

મૌલાના સાદે જણાવ્યું છે કે તેઓ સેલ્ફ ક્વોરન્ટાઈનમાં છે ત્યારબાદ દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચે નોટિસ મોકલીને ૨૬ પ્રશ્નોનાં જવાબ માંગ્યા છે, પરંતુ કોઈપણ પ્રશ્નનો જવાબ મૌલાના સાદે નથી આપ્યો. મૌલાના સાદે કહ્યું છે કે તેઓ સેલ્ફ ક્વોરન્ટાઈનમાં છે અને મરકઝ અત્યારે બંધ છે, તેથી કોઈપણ પ્રશ્નનો જવાબ તેઓ અત્યારે નહી આપી શકે. જયારે મરકઝ ખુલશે ત્યારે બાકીનાં પ્રશ્નોનો જવાબ આપવામાં આવશે.

મૌલાના સાદનાં આ વલણથી ઈન્વેસ્ટિગેશન ટીમ સંતુષ્ટ નથી અને ટીમે બીજી નોટિસ ફટકારી છે. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે મરકઝમાં તપાસ પણ શરુ કરી દીધી છે. ક્રાઈમ બ્રાન્ચનાં સૂત્રોનું કહેવું છે કે મરકઝમાં અંદર કોઈ સીસીટીવી નથી મળ્યા, સાથે જ મકરઝથી જોડાયેલા લોકો ગોળ ગોળ જવાબ આપી રહ્યા છે.

તંત્રી લેખ

કોરાના સાઈડ ઈફેક્ટ

કોવિડ-૧૯ની સામે ચાલી રહેલી વિશ્વવ્યાપી લડાઈને ધ્યાનમાં લઈને ભારતમાં તેના ફેલાવાને રોકવા માટે ૨૧ દિવસ માટે લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. હાલમાં દેશમાં ૧૩૦ કરોડ લોકો પૈકી તમામ લોકો ઘરમાં છે. જેના કારણે હવે તેની સાઈડ ઈફેક્ટ પણ જોવા મળવા લાગી ગઈ છે. આવી જ એક સાઈડ ઈફેક્ટ તરીકે માનસિક બિમારી પણ છે. માનસિક બિમારીના કેસોની સંખ્યામાં હાલમાં વધારો થયો છે. ઈન્ડિયન સાયક્યાટ્રી સોસાયટીના એક સર્વેમાં એવી માહિતી ખુલીને સપાટી પર આવી છે કે માનસિક રોગોના શિકાર થયેલા લોકોની સંખ્યામાં એકાએક ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. આ આંકડા તો પ્રથમ સપ્તાહના છે. સમજી શકાય છે કે લોકડાઉનના કારણે દરરોજના જીવનમાં આવેલા ફેરફારોનો સામનો કરવામાં લોકોને કેટલી મુશ્કેલી પડી રહી છે. આ અભ્યાસની વાતને એક વખત બાજુમાં મુકી દેવામાં આવે તો પણ સમજી શકાય છે કે પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે લોકડાઉનની માનસિક સ્થિતી પર અસર થઈ રહી છે. ૨૪ કલાક ઘરમાં રહેવાની સ્થિતીમાં કેટલીક તકલીફ ઉભી થાય છે. આના કારણે સ્વભાવમાં ગુસ્સો આવી જાય છે. જે બાબતો હજુ સુધી કોઈ મુદ્દા તરીકે ન હતી તે બાબતો હવે મુદ્દા તરીકે છે. નાના નાના મુદ્દા પર પરિવારના સભ્યો એકબીજા સામે આવી રહ્યા છે. કેટલાક લોકો પોતાને અલગ સમજી રહ્યા છે. લોકડાઉનના કારણે સર્જાયેલી આર્થિક પરેશાની, ખાવા પિવાની ચીજવસ્તુઓને લઈને આવી રહેલી તકલીફો પણ કેટલીક પરેશાની સર્જે છે. નોકરી જતા રહેવાની ચિંતા પણ સતાવી રહી છે. એકલાપણાના કારણે પણ કેટલીક નવી સમસ્યા સર્જાઈ રહી છે. કેટલાક વર્ષોથી એમ કહેવામાં આવી રહ્યુ હતુ કે સોશિયલ મિડિયાના આ દોરમાં સતત ડિજિટલ સંપર્કના કારણે લોકો એકલા થતા જાય છે. અમારી વર્ચ્યુઅલ દુનિયા અમને ઘર પરિવાર અને પાસ પડોશથી દુર કરી રહી છે. એક હદ સુધી આ વાત યોગ્ય પણ છે. લોકડાઉનના કારણે હાલમાં લોકો ઘરમાં રહે છે. મોટા ભાગે તમામને ઘરમાં રહેવાની ફરજ પડી રહી છે. જેથી માનસિક રોગની સંખ્યા વધી રહી છે. મોબાઈલ ફોન અને ઈન્ટરનેટની દુનિયા આજે પણ ઉપલબ્ધ છે પરંતુ કોઈ ખાસ અંગત રાહત થઈ રહી નથી. લોકડાઉનના કારણે અમે વ્યહારિક દ્રષ્ટિથી જ નહીં બલ્કે મનોવૈજ્ઞાનિક રીતે પણ વાસ્તવિક દુનિયાના મહત્વને સમજાવી દેવામાં ભૂમિકા અદા કરી છે. એકલાપણુ અમારા માટે કોઈ નવી ચીજ નથી. હાલમાં સમસ્યાને હલ કરવા માટે પરિવારના સભ્યોની સાથે બેસીને તાસ, લુડો અને સાપ સીઢીની રમત રમી શકાય છે. એકલા પુસ્તક વાંચવાના બદલે તેને વાંચીને સંભળાવવામાં આવે તે જરૂરી છે. સંયુક્ત સુત્ર તો એ છે કે અલગતાવાદની સારવાર માનવી જ શોધી શકે છે. હાલમાં લોકડાઉન કારણે લોકો ઘરમાં જુદા જુદા પ્રકારની સમસ્યા અનુભવ કરી રહ્યા છે. જો કે લોકોના હિતમાં લેવામાં આવેલા નિર્ણયને પાળવામાં આવે તે જરૂરી છે. હાલમાં દેશ સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં સૌથી જટિલ સમસ્યા અને પડકારનો સામનો કરી રહ્યુ છે. આ લડાઈ લાંબી ચાલનાર છે. તે બાબત પણ નક્કી દેખાઈ રહી છે.

લોકડાઉનના ગાળામાં સાઈડ ઈફેક્ટ પણ હવે દેખાવવા લાગ્યા : માનસિક બિમારી

જરૂરતમંદ "લોઅર મધ્યમ વર્ગ"ને સ્વયં સહાય કોણ પહોંચાડશે.....?

નોવેલ કોરોના વાયરસે વિશ્વના ૧૭ દેશો છોડીને અન્ય દેશોને ઘમરોળી નાખ્યા છે. વિશ્વની મહાસત્તાઓ વચ્ચેની ખેંચતાણમાં કે.સ્વર્થમાં "ખૂટીયાઓની લડાઈમાં જમીનનો ખો નીકળી જાય" તેમ ૧૮૩ દેશોના અનેક લોકોને ચીની કોરોના વાયરસના વિસ્ફોટે જીવ હણી નાખ્યા છે. અનેકોને મોતના મુખ પજીક ધકેલી દીધા છે. વિશ્વભરમાં કોરોના ચેપગ્રસ્તોની સંખ્યા ૧૨ લાખ પર પહોંચવાની તૈયારીમાં છે... ત્યારે કોરોનાની ભયાનકતાને નગણ્ય સમજનાર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના લોકોને ભારે મુશ્કેલીમાં મૂકી દીધા છે... અમેરિકી રાજયોના લોકો ટ્રમ્પથી ભારે નારાજ થઈ ગયા છે. અને મૃતાક પણ ૭ હજારનો આક વટાવી મોટા પ્રમાણમાં આગળ પહોંચી જાય તેવી સ્થિતિ પેદા થઈ ગઈ છે....! ટ્રમ્પના અવ્યવહારું માસ્ક સહિતની ખરીદીને કારણે યુરોપિયન દેશો સહિતના અન્ય દેશો પણ નારાજ થયા છે. આ બધા વચ્ચે આશાનું કિરણ વિશ્વના દેશો માટે પ્રગટ થયું છે તે ઓસ્ટ્રેલિયાથી પ્રગટ થયું છે. અહીંના વિજ્ઞાનીઓ-ડોક્ટરોએ એન્ટી પેરાસાઈટ દવા કે જેને માત્ર ૪૮ કલાકમાં કોરોનાને ખતમ કરી નાખતા આ દવાનું લેબમાં પરીક્ષણ કર્યા બાદ સફળતા મળતાં ક્લિનીકલી ટ્રાયલ કરવામાં આવશે. તો ભારતમાં માં વપરાતી થી હાઈડ્રોક્સી ક્લોરોફિલ દવાની અછત ઊભી થવા પામી છે. વડાપ્રધાન મોદીજી ભીડ એકઠી ન કરવા માટે અને એકબીજા વચ્ચે એક મીટર જેટલું અંતર રાખવા આમ પ્રજાને કહે છે- સમજાવે છે ત્યારે તેમનાજ ભાજપાના દિલ્હી એકમના પ્રમુખ મનોજ તિવારી લાંબા સમય પછી સક્રિય થયા છે અને દિલ્હીમાં લોકોને માસ્ક વિતરણ કરવા લાગતા મોટી ભીડ જમા થઈ ગઈ હતી. તેઓ પોતે અન્યોને માસ્ક પહેરાવતા અને વિતરણ કરવાના ફોટા પડાવતા રહ્યા હતા તેનો વિડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો છે. આનો મતલબ શું....? તિવારીને ૧૪૪ કાયદો લાગુ નથી પડતો કે શુ.....? ખુદ મોદીજીની સલાહને અવગણીને આવા કાર્ય કરવા તે કેટલું યોગ્ય ગણાય....? અગાઉ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં બેફામ વાણીવિલાસ કર્યો હતો અને ભાજપા માટે મુશ્કેલી સર્જી હતી ત્યારે ભાજપાના નેતાગણે પગલા લીધા ન હતા....! તો હવે માસ્ક વિતરણમાં ભીડ થવા દેવી ધારા ૧૪૪ નો ભંગ છે. અને જાહેરમાં આવું કરવું એટલે કોરોના વાયરસ વાહક બનવા બરાબર છે.... ત્યારે ભાજપાના નેતાઓ આવા વ્યવહાર માટખ અન્યોની સામે પગલાં લેવામા આવે છે તેવા પગલા લેશે કે કેમ.....?

આજે અન્ય રાજયોની વાત ન કરતા ગુજરાતની વાત ઉલ્લેખનીય છે. ગુજરાતમાં કોરોનાએ ઉછાળો માર્યો છે, રાજયના ૧૨ જિલ્લામાં પગરણ કરી દીધા છે. કુલ મૂતાંક ૧૦ પર છે અને ૧૦૮ કેસ નોંધાયા છે. ત્યારે અમદાવાદના ૭ દર્દી નોધાતા ૪૫ દર્દી થયા છે.... જેથી અમદાવાદના કેટલાક વિસ્તારોને હોટસ્પોટ જાહેર કર્યા છે. તો અમદાવાદ-સુરત સહિતના શહેરોના કેટલાક વિસ્તારોને સીલ કરવાની નોબત આવી પડી છે. જોકે હવે ના કેસ પોઝિટીવ દર્દીના સંપર્કોને કારણે વધવા લાગ્યા છે. ટૂંકમાં ટ્રાન્સમિશનથી કેસો વધવા લાગ્યા છે....! ગુજરાત સરકારે કોરોનાથી લોકોને બચાવવા અનેક પગલાં લીધા છે. તો ડોક્ટરો-નર્સો- મેડિકલ ટીમો, હોસ્પિટલોમાં વિવિધ સેવા કરતા કર્મચારીઓએ પોતાના જીવ જોખમમાં મૂકીને કોરોનાગ્રસ્તોની સતત સેવા કરી રહ્યા છે. ત્યારે પોલીસ પણ લોકડાઉનનો અમલ કરાવવા ૨૪ કલાક જીવના જોખમે ફરજ બજાવી રહ્યા છે. ત્યારે પત્રકારો- મીડિયા જગત તો પોતાની રીતે પોતાના જીવની પરવા કર્યા વગર દોડીને માહિતી એકઠી કરવામાં મચી પડ્યા છે. ત્યારે આરોગ્ય તંત્ર સહિત સરકારી અધિકારીઓ પણ કોરોના વાયરસ અનુસંધાને કાર્ય કરવામાં પાછી પાની કરતા નથી. આવા સમયમા શુભ સમાચાર બહાર આવ્યા છે કે રાજકોટની એક કંપનીએ દસ દિવસમાં વેન્ટીલેટર તૈયાર કરી દીધું છે અને ગુજરાત તેમાં હરણફાળ ભરશેજ જે સરકાર- આરોગ્ય તંત્ર અને લોકો માટે ઘણા જ સારા સમાચાર બની ગયા છે.....

ગુજરાતમાં ખાસ કરીને મોટા ભાગના લોકો "હાથે તે સાથે" મા માનનારાઓની સંખ્યા મોટા પ્રમાણમા છે.આવુ માનનારા નાના-મોટા ગુપ્ત દાતાઓને સંખ્યા મોટા પ્રમાણમાં છે. તો કિર્તીદાન કરનારા છે પણ આંગળીના વેઢે ગણાય તેટલા.....! રાજ્ય સરકારે અનાજ વિતરણ સહિત આર્થિક સહાયની જાહેરાત કરી છે... પરંતુ તે દરેક સુધી પહઘચતી ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે....! તો લોઅર મધ્યમ વર્ગ વધુ ભીસ-મુશ્કેલીમા મુકાઈ ગયો છે... તે જાહેરમાં મદદ લેવા તૈયાર પણ થતો નથી.... કારણ દાન થોડું અને દર્શન મોટા કરાવનારાઓ ફોટા પાડીને સોશિયલ મીડિયા પર વાયરલ કરી દે છે. જે તેમને પસંદ નથી..... ત્યારે જૈન સમાજના ત્રણેય ફીરકાઓ પોતાના લોઅર મધ્યમવર્ગના પરિવારોને ઘેર બેઠા જીવન જરૂરી ચીજો મોકલાવી રહ્યા છે.... જે અન્ય ધર્મ સંસ્થાઓ કે સમાજના નથી કરતા. તથા હાથોહાથ જરૂરતવાળાને અનાજ સહિત જરૂરી વસ્તુઓ તેઓના ઘર પર પહોંચે તે તરફ નાના- મોટા સ્વયં દાન કરનારા ધ્યાન આપવા લાગ્યા છે. આ તમામને લાખ લાખ વંદન.... તો ગુજરાતમાં પત્રકારોનું મોટુ સંગઠન છે અને તેના ઝોન વાઈઝ પદાધિકારીઓ છે. જે પ્રજા વચ્ચે રહેતા હોય છે એટલે તેમને વધુ ખબર હોય છે કે કયા વિસ્તારમાં કોને મદદની અને કેવી સહાયની જરૂર છે.... એટલે રાજ્યના વિવિધ ઝોનમા પત્રકારો અનાજ, દવા, શાક- બકાલુ,માસ્ક, સેનેટાઈઝર વગેરે ગામડા સુધી પહોંચાડી રહ્યા છે. તો ક્યાંક ક્યાંક તો ઓર્ડર કરો એટલે યોગ્ય ભાવથી ઘેર બેઠા શાકભાજી કરિયાણું સહિતની ચીજો પહોંચાડવાનું કાર્ય પત્રકારો કરી રહ્યા છે..... ત્યારે આવા સમયે બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર બિહારના પત્રકારોની કદર કરી માસિક રૂપિયા ૬,૦૦૦ પેન્શન આપવાનો નિર્ણય કરી અમલ કરી દેતાં પત્રકારોમાં ખુશી ફરી વળી છે.... હવે ગુજરાત સરકાર પત્રકાર પેન્શન જાહેર કરે (વોલ્વો બસની જેમ નહીં) પરંતુ નિર્ણય કરવા સાથે અમલ કરે તો રૂપાણી-નીતિન સરકારને ચાર ચાંદ લાગી જાય..... પણ અમલ કરે તો....! હવે સુખી-સમૃદ્ધ લોકો કિર્તીદાન ન કરતા ખરેખર લોઅર મધ્યમ વર્ગ જરૂરતવાળાને અનાજ સહિતની જીવનજરૂરી વસ્તુઓ સ્વયં વિતરણ કરે તે જરૂરી છે. કારણ કે સરકારી તંત્ર....આખરે... સરકારી તંત્ર છે.... કદાચ સહાય પહોંચાડવામાં ઉણુ પણ ઉતરી રહ્યું છે.....! વંદે માતરમ્.

લોકડાઉનમાં તંગી જોતા આવશ્યક ચીજવસ્તુ ઉત્પાદન માટે મહેસાણાની ૧૮૦ કંપનીને મંજૂરી

મહેસાણા

કોરોના વાયરસને પગલે અપાયેલા લોકડાઉનમાં વધુ કામદારો ધરાવતી ઈન્ડસ્ટ્રીઝો પણ બંધ કરી દેવાઇ છે. જોકે, દવા, ફાર્માસ્યુટિકલ, માસ્ક, સેનેટાઈઝર સહિતની આવશ્યક ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતી ઈન્ડસ્ટ્રીઝને ઉત્પાદન અને વેચાણ ચાલુ રાખવા જિલ્લા કલેકટર કચેરીએ અરજી કરી મંજૂરી બાદ વ્યવસ્થાની છૂટછાટ અપાઇ રહી છે. જેમાં અત્યાર સુધી જિલ્લા કક્ષાએથી વિવિધ ૧૮૦ ઈન્ડસ્ટ્રીઝને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અભિપ્રાય બાદ ઉત્પાદન ચાલુ રાખવા મંજૂરી અપાઇ છે, જયારે ૨૩ એકમોની અરજી નામંજૂર કરાઇ છે.આ અંગે નિવાસી અધિક કલેકટર પ્રદિપસિંહ રાઠોડે તમામ પરવાનેદાર ઔદ્યોગિક એકમને પત્રથી શરતોનું પાલન કરવા સુચવ્યું છે. જેમાં માત્ર આવશ્યક ચીજવસ્તુના ઉત્પાદનની પરવાનગી અપાઇ છે. પરવાનગી સિવાયની ચીજવસ્તુઓના ઉત્પાદન કરી શકશે નહીં. અન્ય ઉત્પાદન ધ્યાને આવશે તો તેમના વિરુદ્ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ ૫૧ થી ૫૮ની જોગવાઇ હેઠળ કાર્યવાહી કરાશે.

લોકડાઉનઃ નડિયાદ સંતરામ મંદિર દ્વારા ૫ હજાર કિટનું કરાયું વિતરણ

નડિયાદ

સંતરામ મંદિર દ્વારા દરરોજ ત્રણ હજારથી વધુની ટિફિનની સેવાઓ આપવામાં આવી રહી હતી. પરંતુ કલેક્ટરની અપીલને ધ્યા.ને રાખી લોકોની અવરજવર ઉપર કાબુ રાખી શકાય તે માટે પ્રજાજનોને ૨૦ કિલોની વિવિધ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે આયોજન મુજબ શહેરમાં પાંચ હજાર કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. નડિયાદ શહેરમાં કીટનું વિતરણ વોર્ડવાઈઝ કરવામાં આવ્યુંત હતું. મહંત રામદાસજી મહારાજની આજ્ઞાથી સંતરામ મંદિરના સેવકો, મુખ્યપ દંડક પંકજભાઈ દેસાઈએ નગરપાલિકાના સભ્યોઅિને અગ્રણીઓ સાથે વિચાર વિમર્શ કરી કીટ વિતરણ પૂર્વે પાસ સીસ્ટએમની વ્યનવસ્થાત ગોઠવવામાં આવી હતી. જે મુજબ સૌ પાસ ધારકોને પાલિકા સદસ્યોઓએ કીટનું વિતરણ કર્યુ હતું.

આ કીટમાં પ્રસાદી સ્વંરૂપ ઘઉંનો લોટ, દાળ, ચોખા, કઠોળ અને તેલ સહિતની જરૂરી ચીજવસ્તુકઓ (૨૦ કિલોની માત્રામાં) સૌને ઘર આંગણે પહોંચાડવામાં આવી હતી. રામદાસજી મહારાજની આજ્ઞા મુજબ નડીઆદ શહેરના તમામ વિસ્તારરોમાં જ્ઞાતિ-જાતિના ભેદભાવ સિવાય તમામ જરૂરિયાતમંદ પરિવારોને આ કીટ સુલભરીતે પ્રાપ્તય થાય તે માટે ખાસ સલાહની સાથેનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ જરૂરિયાત મંદોને ઘરે બેઠા કીટ મળવાથી તા.૧૪મી સુધીના લોકડાઉન સમયમાં ઘરની બહાર નિકળવા માટેની કોઇ ખાસ જરૂરીયાત રહેશે નહીં.

મહેસાણામાં મધ્યાહન ભોજન પેટે બાળકોના ખાતામાં જમા થશે ૧૧ દિવસનું ફૂડ એલાઉન્સ

મહેસાણા

લોકડાઉનમાં મહેસાણા જિલ્લાની તમામ ૧૦૫૧ સરકારી પ્રાથમિક શાળાઓ બંધ રહેતાં ૧૬ થી ૨૯ માર્ચ દરમ્યાન રજાના દિવસો બાદ કરતાં ૧૧ દિવસનું ફૂડ સિક્યુરિટી એલાઉન્સ બાળકોને તેમના ખાતામાં ચૂકવવા સરકારની સુચનાના પગલે પ્રક્રિયા શરૂ કરાઇ છે. જેમાં ફૂડ સિક્યુરિટી એલાઉન્સ દરેક શાળાની એસએમસીના એકાઉન્ટમાં જમા કરાયું છે. જે રકમ શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીના ખાતામાં જમા કરવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા તમામ ટીપીઓને સૂચના અપાઇ છે. મહેસાણા જિલ્લામાં ધોરણ ૧ થી ૫માં અંદાજે ૧.૧૭ લાખ બાળકો અને ધોરણ ૬ થી ૮માં ૭૦,૫૦૦ જેટલા બાળકો મધ્યાહન ભોજનનો લાભ લે છે. આ તમામ બાળકોને કૂકિંગ કોસ્ટ ચૂકવવા તજવીજ શરૂ કરાઇ છે. જેમાં ધોરણ ૧ થી ૫ના બાળક દીઠ રૂ. ૫૪.૫૬ અને ધોરણ ૬થી ૮માં બાળક દીઠ રૂ.૭૬.૫૬ કૂકિંટ કોસ્ટ ચૂકવાશે તેમ શિક્ષણાધિકારી કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું.

વડોદરામાં કોરોનાથી વધુ એક મોત થતા મૃત્યુઆંક ૨ થયો, ૨ પોઝિટીવ

વડોદરા

વડોદરામાં કોરોના વાઈરસથી આજે વધુ એક મોત થયું છે. શ્રીલંકાના પ્રવાસે પરત ફરેલી મહિલાનું કોરોના વાઈરસથી મોત થયું છે. જેથી વડોદરા શહેરમાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસથી ૨ લોકોના મોત થયા છે. વડોદરા જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલે જણાવ્યું કે, વડોદરા શહેરના ૬૨ વર્ષની કોરોનાગ્રસ્ત મહિલાનું આજે સવારે સારવાર દરમિયાન સયાજી હોસ્પિટલમાં મોત થયું છે. આ મહિલા શ્રીલંકાના પ્રવાસેથી પાછા ફર્યા પછી ૧૮ માર્ચે હોસ્પિટલમાં દાખલ થયા પછી તેમનો કોરોના વાઈરસનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ તેમની સારવાર કરવામાં આવી રહી હતી.

જોકે આજે સવારે સારવાર દરમિયાન તેમનું મોત થયું છે. વડોદરામાં કોરોના વાઈરસથી અગાઉ એક પુરુષનું મોત થયું હતુ અને આજે એક મહિલાનું મોત થયું છે. વડોદરા જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલે જણાવ્યું કે, એક ૧૫ વર્ષની ઉંમરના કિશોર અને ૨૭ વર્ષની ઉંમરના યુવાનનો કોરોના વાઈરસનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. વડોદરાના કોરોના પોઝિટિવની સંખ્યા વધીને ૧૨ થઈ ગઈ છે. આ લોકોના સેમ્પલ ગઈકાલે લેવામાં આવ્યા હતા. એમને હાલમાં ગોત્રી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

લોકડાઉનમાં સેવા કરવી પડી મોંઘી, સેવાર્થી થયો કોરોના પોઝિટીવ

અમદાવાદ

કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે ત્યારે આજે અમદાવાદ શહેરમાંથી વધુ આઠ કેસો સામે આવ્યા છે. સેવાના નામે બહાર આવતા લોકો માટે એક લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હાલ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદના મણિનગરમાં જે કોરોના પોઝિટિવ દર્દી નોંધાયા છે તે સેવા કરવા જતા હતા. જો કે, તેઓને આ ચેપ ક્યાંથી લાગ્યો તે અંગે તંત્ર હાલ તપાસ કરી રહ્યુ છે.

કેટલાક સ્થાનિક લોકોએ નામ ન લખવાની શરતે જણાવ્યું છે કે, જે વ્યક્તિને કોરોના થયો છે તે ભાઈ ગરીબોને સેવાર્થે ભોજન આપવા અને અન્ય સેવાઓ માટે જતા હતા. કોરોનાનો ચેપ લાગતા ૫૫ વર્ષીય આ વ્યક્તિને સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. જો સ્થાનિકોનું માનીએ અને આ વાત સાચી હોય તો આ વ્યક્તિને કઈ જગ્યાએ સેવા કરતા કરતા કોરોનાનો ચેપ લાગ્યો છે? અને સેવા દરમ્યાન આ વ્યક્તિ અન્ય કેટલા લોકોના સંપર્કમાં આવ્યા છે? તે એક તપાસનો વિષય છે અને તંત્રએ આ મામલે ઊંડાણ પૂર્વક તપાસ કરવી પડશે.

હાલ આ વ્યક્તિ જ્યાં રહે છે તે મણિનગરની પુષ્પકુંજ સોસાયટીમાં આવેલા સ્નેહ સરિતા એપાર્ટમેન્ટને કોરોન્ટાઈન કરી દેવામાં આવ્યું છે. આ વ્યક્તિની સેવા કરતી એક તસ્વીર પણ સામે આવી છે. જો કે પરિપત્ર મુજબ કોરોના ગ્રસ્ત દર્દીની ઓળખ જાહેર ન થાય તે હેતુથી ચહેરો ઢાંકવામાં આવ્યો છે. આસપાસના લોકો પણ કોરોના પોઝિટિવ કેસ આવતા ડર અનુભવી રહ્યા છે. જો કે તંત્ર દ્વારા કોઈને પણ ઘર બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

બોપલમાં પોલીસ ગરબા, લોકડાઉનના ભંગ બદલ PI સસ્પેન્ડ

અમદાવાદ

અમદાવાદમાં કોરોના વાયરસના ખતરાની ઘંટી વાગી ગઈ છે. દિવસેને દિવસે કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે. બીજી બાજુ અમદાવાદ પોલીસ લોકડાઉનનું ચુસ્ત પાલન થાય તેના માટે બનતા તમામ પ્રયત્નો કરી રહી છે. ત્યારે રવિવારે મોડી રાત્રે બોપલ પોલીસ સ્ટેશનના પીઆઈ અનિલાબેન બ્રહ્મભટ્ટ તેમજ તેમની પોલીસ ટીમ દ્વારા તેમના જ બનાવેલા નિયમોનું સરેઆમ ભંગ કર્યું હતું. બોપલ વિસ્તારની એક સોસાયટીમાં ગરબા ચાલી રહ્યા હતા, તેમાં PI પોતે અને તેમના સ્ટાફે ડીજેના તાલે ગરબા રમ્યા હતા.

આ ઘટના મુદ્દે હાલ મોટું એક્શન લેવામાં આવ્યું છે. અમદાવાદના બોપલ પોલીસ સ્ટેશનના PI અનિલા બ્રહ્મભટ્ટને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. PI અનિલા બ્રહ્મભટ્ટને ગ્રામ્ય જીએ સસ્પેન્ડ કરતા એક મોટું ઉદાહરણ પુરું પાડ્યું છે કે કાયદો તમામ માટે સમાન છે, પછી ભલે તો શહેરનો નાગરિક હોય કે પોલીસ તંત્રમાં હોય. તમને જણાવીએ કે રવિવારે રાત્રે બોપલ પોલીસ સ્ટેશનના પીઆઈ અનિલાબેન બ્રહ્મભટ્ટ તેમજ તેમની પોલીસ ટીમ ડીજેના તાલે ગરબા રમતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ત્યારબાદ મોટો હોબાળો સામે આવ્યો હતો.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, રાજ્યમાં હાલ કોરોના વાયરસના કારણે લોકડાઉન ચાલી રહ્યું છે. જેનું ચુસ્તપાલન કરવા માટે શહેરમાં ૧૪૪ કલમ લગાવવામાં આવી છે. આ કલમમાં ૪થી વધુ લોકો ભેગા થઈ શકે તેમ નથી તેમ છતાં અમદાવાદના કેટલાંક વિસ્તારોની સોસાયટીઓમાં ડીજે જેવી પાર્ટીઓમાં લોકો ભેગા થાય છે. આવા સમયમાં લોકોને ભેગા ન થાય તેની ધ્યાન રાખવાના બદલે પોતાના જ બનાવેલા નિયમોનું સરેઆમ ઉલ્લંધન કરીને બોપલ પીઆઈ અનિલા બ્રહ્મભટ્ટ બોપલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ તેમ જ ૧૫ જેટલા પોલીસ કર્મચારીઓ ગરબે ઝૂમતા દેખાયાં હતાં.

લોકડાઉનમાં ગરીબોની સ્થિતિ જોતા સાણંદના ખેડૂતોનું અનાજનું કર્યું દાન

સાણંદ

કોરોનાના લોકડાઉનમાં ધંધા- વેપાર- રોજગાર બંધ છે જેની સૌથી મોટી અસર મજૂર વર્ગ પર પડી છે ત્યારે રોજનું કમાઈને રોજનું ખાતા દરિદ્રનારાયણને પોતે પકવેલું અનાજ સૌ પ્રથમ ધરાવવા માટે સાણંદના ખેડૂતોએ 'એક ખેડૂત એક મણ અનાજ'ના અભિયાનમાં ઝોળી છલકાવી દીધી છે. તાલુકામાં ચાર દિવસથી ગામે ગામ ફરતા ટ્રેકટરમાં ખેડૂતોએ મન મુકીને અનાજ આપ્યું છે. હજુ બે દિવસ સુધી આ અભિયાન ચાલશે ત્યાં સુધીમાં પાંચ હજાર મણથી વધુ અનાજ એકઠુ થવાનો અંદાજ છે.

સાણંદ પંથકમાં પાંચેક દિવસ પહેલા બોળ વિસ્તારની મુલાકાતે આવેલા નહેરુ યુવા કેન્દ્રના ઉપાધ્યક્ષ અને યુવા નેતા પ્રદિવસિંહ વાઘેલાએ આ વિસ્તારની પરિસ્થિતિ જોતા જ ખેડૂતોને મદદ માટે હાકલ કરી હતી. નાની કંપનીઓ, ફેક્ટરીઓ તેમજ છુટક મજુરી કરતા હજારો કારીગરો કામધંધા વગર બેકાર બનતા તેમને હાલ રોજીરોટી તો ઠીક પરંતું જમવાનાં પણ ફાંફા છે. હાલમાં સાણંદની અનેક સેવાભાવી સંસ્થાઓ પાકુ ભોજન, ફુડ પેકેટ લઈને તેમના સુધી પહોંચી છે પરંતું આ વર્ગને લાંબો સમય ચાલે તેટલું અનાજ અપાય તે માટે પ્રદિવસિંહે ખેડૂતો સમક્ષ ઝોળી ફેલાવીને 'એક ખેડૂત એક મણ અનાજ'નું અભિયાન ચલાવ્યું હતું. જેમાં સાણંદ તાલુકાના ગામે ગામ ફરતા ટ્રેકટરમાં ધરતીપુત્રોએ ખેતરમાંથી આવેલા ઘઉંના અનાજનો પ્રથમ દાણો ભગવાનને ધરાવવાને બદલે દરિદ્રનારાયણને આપવાનું શરૂ કરતા અનાજના ઢગલા થવા માંડ્યા છે. પ્રદિપસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ કે ગામે ગામ ફરતા ટ્રેક્ટરમાં ધરતીપુત્રો વરસી પડ્યા છે. દરેક ખેડૂત ભગવાનની પ્રસાદી સ્વરૂપે દરિદ્રનારાયની સેવા માટે એક મણથી વધુ અનાજ આપી રહ્યા છે. સાણંદ એપીએમસીએ ૧૫૦૦ મણ ઘઉં અને ૧૦૦૦ મણ ચોખા આપ્યાં છે. હજુ બે દિવસ સુધી આ અભિયાન ચાલશે ત્યાં સુધીમા પાંચ હજાર મણથી વધુ ઘઉં થશે જેમાં બે હજાર મણથી વધુ ચોખા અને એક હજાર મણથી વધુ દાળ થશે જે તમામ અનાજની કિટ બનાવીને તાલુકાના જરૂરિયાતમંદોના ઘર સુધી પહોંચાડવા સ્વયંસેવકો કામે લાગ્યા છે.

લોકડાઉનને પગલે રાજ્યમાં જૈનોએ કરી મહાવીર જયંતીની ડિજિટલ ઉજવણી

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં આજે મહાવીર જયંતીની ઉજવણી ઉલ્લાસભેર કરાઈ છે. કોરોનાના લોકડાઉન વચ્ચે અહીં મહાવીર સ્વામી જયંતીની અનોખી ડિજિટલ ઉજવણી કરાઈ છે.

જૈનોએ કોરોનાને લઈને ભગવાન મહાવીર સ્વામીની શોભાયાત્રાને બદલે પોતાના ઘરે થાળી, ઘંટનાદ અને ધજા સાથે પૂજા અર્ચના કરી ડિજિટલ વિકલ્પોનો ઉપયોગ કર્યો છે. લોકડાઉનના સમયમાં જિલ્લામાં દરેક જૈન ભાઈ બહેનોએ યુ ટ્યૂબમાં ભગવાન મહાવીર સ્વામીના દર્શન કરી પ્રવચન સાંભળ્યું અને રાત્રે ઘરેથી જ ભગવાનની દિવા કરી આરતી કરશે.

દાહોદ ખાતે પણ મહાવીર જયંતી ની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી છે. તેમણે ઘરમાં પણ ઉજવણી દરમિયાન મોઢા પર માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટનસિંગનું પાલન કર્યું છે. દર વર્ષે દાહોદ માં મહાવીર જયંતી નિમિત્તે જૈન સમુદાય ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરે છે પણ આ વખતે આયોજન ટાળવામાં આવ્યું છે.

કોરોના: સેનિટાઈઝરના અભાવે મહેસાણામાં ATM પર કોરોના સંક્રમણનું જોખમ

મહેસાણા

શહેરની કોઈપણ બેંકમાં ગ્રાહકો પ્રવેશે તો તેમને બેંકના કર્મચારીઓ દ્વારા સેનિટાઈઝ કર્યા બાદ પ્રવેશ અપાય છે. જોકે, આ નિયમ એટીએમ પર જળવાતા નથી. જેને લઈ ન કરે ને નારાયણ કોઈ એક કોરોના સંક્રમિત વ્યક્તિ એટીએમને સ્પર્શે તો તેનું ભારે નુકસાન ચુકવવાનો વારો આવી શકે છે. એટીએમની આ સ્થિતિના કારણે મોટાભાગના ગ્રાહકો ધક્કો ખાઈ પાછા ફરી ઓનલાઈન ટ્રાન્ઝેક્શનને વધુ મહત્વ આપી રહ્યા છે.

કોરોના સંક્રમણને રોકવા સરકારી કચેરીઓમાં કર્મચારી-અધિકારીની હાજરી બાયોમેટ્રીકને બદલે મેન્યુલ કરાઈ છે. એ જ રીતે શહેરની તમામ બેંકોમાં પણ સાવચેતીના ભાગરૂપે સેનિટાઈઝ કર્યા વગર ગ્રાહકોને પ્રવેશ અપાતો નથી, તેમજ સોશિયલ ડિસ્ટન્સનું પણ ખાસ ધ્યાન રખાય છે. પરંતુ બેંકોના એટીએમ પર આ પ્રકારની કોઈપણ સાવચેતી રખાતી નથી. ગ્રાહકો માટે સેનિટાઈઝરની વ્યવસ્થા જ નથી. ન કરે ને નારાયણ જો કોઈ કોરોના વાયરસગ્રસ્ત વ્યક્તિ એટીએમને સ્પર્શે તો મહેસાણાવાસીઓને ભારે પડી શકે તેમ છે.

કોરોના: હિંમતનગરના વિરાવાડા ગામના યુવાનો દ્વારા ૨૫૦૦ કીટનું વિતરણ

હિંમતનગર

સમગ્ર દેશ સહિત સાબરકાંઠા જિલ્લામાં અત્યારે લોકડાઉન અમલી છે ત્યારે જિલ્લાના અનેક દાનવીરો અને સેવાભાવી સંસ્થાઓ ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી આપવા માટે આગળ આવી રહ્યા છે. હિંમતનગર તાલુકાના વિરાવાડા ગામના યુવા કાર્યકર દેવેન્દ્રસિંહ પરમાર તથા તેમની ટીમ દ્વારા ગણેશ યુવક મંડળના નેજા હેઠળ સાબરકાંઠા જિલ્લામાં લોક ડાઉન શરૂ થયા બાદ શુક્રવાર તારીખ ૩ એપ્રિલ સુધીમાં વીરાવાડા તથા આસપાસના ગામોમાં અત્યાર સુધી ૨૫૦૦ થી વધુ જીવન જરુરિયાતની ચીજવસ્તુઓની કીટ બનાવી ને વિતરણ કરાયું છે ગામના યુવાનોના દાવા મુજબ તેઓ અત્યાર સુધીમાં હિંમતનગરના વિનાયક નગર છાપરીયા રામજી મંદિર, જલારામ મંદિર રોડ, સહકારી જિન, ચિસ્તિયાનગર, કરણપુર, વાંટડા, સુરપુર, કુંપ, બરેલી મિલ, ભોલેશ્વર સહિતના જરૂરિયાત મંદ લોકોને ૨૫૦૦ થી વધુ કીટનું વિતરણ તેમના જણાવાયા મુજબ જ્યાં સુધી લોક ડાઉન નો અમલ ક્યાં સુધી ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી આપવાના મંત્રને અમો ક્યારે નિષ્ફળ જવા દઈશું નહીં સેવા કરવાનો એક અવસર મળે છે જેને ક્યારેય જતો કરવા જેવો નથી.

આંતરસુંબામાં પાણીની ટાંકી બનાવી છતાં લોકોને ત્રણ મહિનાથી પીવાના પાણીના ફાફા

વિજયનગર

તાલુકાના આંતર સુમ્બામાં છેલ્લા ૩ મહિનાથી પીવાનું પાણી નહીં મળતાં લોકોએ હેરાનગતિ વેઠવી પડી રહી છે. પાણી પુરવઠા ખાતા દ્વારા નવીન પાણીની ટાંકી બનાવ્યા બાદ પણ કાય કારણોસર લોકોને પીવાનું પાણી નથી મળી રહ્યું તે બાબત લોકોને મૂંઝવી રહી છે અને ૪૫થી વધુ ઘરના લોકોને પીવાનું પાણી નહીં મળતાં લોકો લોકડાઉન તોડવા મજબૂર બન્યા છે. તંત્ર દ્વારા યોગ્યા કાર્યવાહી થાય તેવી લોક માંગણી ઉઠી છે. આ અંગે તંત્રને લેખિતમાં રજૂઆત કરતાં હિતેન્દ્ર પ્રજાપતિ, રાજેન્દ્ર ડોડીયાર,વિકેશ બોડાત, રાકેશ ભાટિયા,રમેશ બજાણીયા તરલીકાબેન શાહ, મનુભાઈ સંઘવીએ જણાવ્યું કે અમારા વિસ્તારમાં પંચાયત દ્વારા ઘરે ઘરે પીવાનું પાણી આપવા માટે ઓવરહેડ ટાંકી બનાવી પાઈપલાઈન પણ નાખવામાં આવી છે. પરંતુ ગત ત્રણ મહિનાથી પંચાયત દ્વારા પાણી આપવામાં આવતુ નથી. જેને લીધે લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે અને જેના ઘરે બોર છે ત્યાંથી પીવાનું પાણી ભરવું પડે છે. જે અંગે ગ્રામ પંચાયત થી લઈને જિલ્લા કક્ષાએ રજૂઆત કરવા છતાં કોઈ જ સાંભળતું નથી અને લોકોએ હેરાન થવું પડી રહ્યું છે. તંત્ર દ્વારા યોગ્યા કાર્યવાહી થાય તેવી લોક માંગણી ઉઠી છે.

ગુજરાતમાં ૬૦% વધ્યો લોકલ ચેપનો ખતરો

ગાંધીનગર

રાજ્યનાં ૧૫ જિલ્લાઓમાં કોરોનાનો ચેપ પ્રસરી ચૂક્યો છે. મળતી માહિતી પ્રમાણે, રાજ્યમાં નવા ૧૬ પોઝિટિવ કેસ સાથે કુલ ૧૪૪ કેસ થયા છે. રાજ્યનાં આરોગ્ય અગ્ર સચિવનાં જણાવ્યાં પ્રમાણે, હાલ લોકલ ટ્રાન્સમિશનનાં કેસ વધી રહ્યાં છે. કુલ ૧૪૪ પોઝિટિવ કેસમાંથી ૮૫ જેટલા કેસ લોકલ ટ્રાન્સમિશન છે. આ સાથે મકરઝથી આવેલા લોકોના વિસ્તારોમાં કેસ વધી રહ્યાં છે.

ગુજરાત સરકાર પાસેથી મળતી માહિતીનું પૃથ્થુકરણ કરતા સામે આવે છે કે રાજ્યનાં ૪ જિલ્લાઓમાં તો ૧૦૦ ટકા લોકલ ટ્રાન્સમિશનથી ચેપ લાગેલો છે. રાજ્યમાં પોરબંદર, પંચમહાલ, જામનગર, મોરબીમાં ૧૦૦ ટકા લોકલ ટ્રાન્સમિશનનાં કારણે લોકો સંક્રમિત થયા છે. આ ચારેય જિલ્લાઓ ગ્રામ્ય વિસ્તારમાં આવે છે. અહીં એકપણ દર્દી વિદેશથી આવ્યો નથી. જ્યારે ૫૦ ટકા કે તેથી વધુ ટકા લોકલ ટ્રાન્સમિશનનાં કેસમાં ૯ જિલ્લાનો સામાવેશ થાય છે. જેમાં ભાવનગર, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, કચ્છ, મહેસાણા, ગીર સોમનાથ, પાટણ જિલ્લાનો સમાવેશ થાય છે. જ્યારે અમદાવાદમાં પણ કુલ ૬૪ કેસ નોંધાયા છે ત્યાં ૨૪ લોકો લોકલ ટ્રાન્સમિનશનનો ભોગ બન્યાં છે. રાજ્યમાં ૯ તો એવા દર્દીઓ છે જેમને કઈરીતે ચેપ લાગ્યો તે અંગે તંત્રને કે પરિવારને કાંઈ ખબર જ નથી પડતી. એટલે આવી પરિસ્થિતિમાં ઘરમાં રહેવું જ વધારે હિતાવહ છે.

ગુજરાતમાં વધતા જતા કોરોના પોઝિટિવ કેસોમાં હવે ફ્લાઈટ્સ સંપૂર્ણપણે બંધ કરતા વિદેશી પ્રવાસીઓ કરતા લોકલ ટ્રાન્સમિશનનું કારણ વધવા લાગ્યું છે. ગુજરાતમાં કોરોના પોઝિટિવના કેસોમાં ૬૦ ટકા જેટલા લોકલ ટ્રાન્સમિશનને કારણે થયા છે. રાજ્યમાં કુલ ૧૪૪ પોઝિટિવ કેસ છે જેમાંથી ૮૫ જેટલા કેસ લોકલ ટ્રાન્સમિશનનાં છે. ૨૨મી માર્ચે તમામ ફ્લાઈટો બંધ કરી દેવાઈ હતી. જેને પણ હવે ૧૪ દિવસ પૂરા થઈ ગયા છે. કોરોના વાયરસ ૧૪ દિવસ શરીરમાં રહેતો હોય છે એટલે જ સીધા વિદેશ પ્રવાસનો એકેય નવો કેસ નોંધાયો નથી.

MBBS પછી ઈન્ટર્નશીપ ટ્રાન્સફર માટે હવે ડીન જ આપશે મંજૂરી

અમદાવાદ

મેડિકલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ચાર વર્ષ પુરા થયા બાદ ફરજિયાત ઈન્ટર્નશીપ કરવી પડે છે. હાલમાં ઈન્ટર્નશીપ માટે રજિસ્ટ્રેશનની કાર્યવાહી ચાલુ છે પરંતુ જે વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપ ટ્રાન્સફર કરવા ઈચ્છતાં હોય તેમને એમસીઆઈની મંજુરીની જરૂર પડતી હોય છે. તાજેતરમાં કાઉન્સિલ દ્વારા એવી સ્પષ્ટતા કરી દેવામાં આવી છે કે ઈન્ટર્નશીપ ટ્રાન્સફર માટે હાલની સ્થિતિમાં એમસીઆઈની જરૂરી નથી જે તે કોલેજના ડીન પણ આ માટેની મંજુરી આપી શકશે.

મેડિકલ એટલે કે એમબીબીએસ પુરી કર્યા પછી નિયમ પ્રમાણે દરેક વિદ્યાર્થીઓએ એક વર્ષ-૧૨ માસ ઈન્ટર્નશીપ કરવી જરૂરી છે. આ ઈન્ટર્નશીપ કર્યા પછી જ ડીન દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવે અને તેના આધારે જે તે રાજ્યના મેડિકલ કાઉન્સિલમાં વિદ્યાર્થીઓનુ રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. એમબીબીએસ પુરુ થયા બાદ કેટલાક વિદ્યાર્થીઓ એવા હોય છે કે જેઓ પોતાની ઈન્ટર્નશીપ ટ્રાન્સફર કરાવવા ઈચ્છતાં હોય છે. એટલે કે પોતે જુદી જુદી જગ્યાઓ પર ઈન્ટર્નશીપ કરવા ઈચ્છતાં હોય તો તે માટે દરખાસ્ત કરતાં હોય છે. આ પ્રકારની દરખાસ્ત મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ) સમક્ષ કરવી પડી છે. કાઉન્સિલ મંજુરી આપે પછી વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપ ટ્રાન્સફર કરી શકે છે. હાલની સ્થિતિમાં જે વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપ ટ્રાન્સફર કરવા ઈચ્છતાં હોય તેઓ એમસીઆઈ પાસે મંજુરી માટે જઈ શકે તેમ નથી. હાલમાં ઈન્ટર્નશીપ માટેની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

આ સ્થિતિમાં જે વિદ્યાર્થીઓ પોતાની ઈન્ટર્નશીપ ટ્રાન્સફર કરવા ઈચ્છતાં હોય તેઓએ એમસીઆઈ પાસે મંજુરી માટે જવાની જરૂર નથી. કાઉન્સિલ દ્વારા કરાયેલી સ્પષ્ટતાં પ્રમાણે હવે જે તે કોલેજના ડીન પોતે જ વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ ટ્રાન્સફર માટેની મંજુરી આપીને વિદ્યાર્થીઓનુ રજિસ્ટ્રેશન કરાવી શકશે. હાલની સ્થિતિમાં ઈન્ટર્નશીપ શરૂ ન થાય તો વિદ્યાર્થીઓ નિર્ધારીત સમયમાં પી.જી.એટલે કે એમ.ડી-એમ.એસમાં પ્રવેશ મેળવવા માટે લાયક બની શકે તેમ નથી. જેના કારણે કાઉન્સિલે તાકીદે જે તે કોલેજના ડીનને એવી તાકીદ કરવામાં આવી છે કે વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ ટ્રાન્સફરની મંજુરી આપીને પણ રજિસ્ટ્રેશન કરાવે તે જરૂરી છે.

કોરોના પગલે લોકડાઉન આણંદની ઝાયડસનો કબજો તંત્રએ લેતા સર્જાયો વિવાદ

આણંદ

ઝાયડસ હોસ્પિટલના સીઈઓ પ્રજ્ઞેશ ગોરે જણાવ્યું હતું કે, શનિવારે રાત્રે એકાએક આણંદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હોસ્પિટલ રેકવીઝીટ કરવાનો પત્ર મોકલાયો હતો. આમ એકાએક કહેતા પહેલા કોઈપણ જાતની વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ નથી. મા કાર્ડ પર અને અન્ય મળીને ૧૪૦૦ દર્દીઓનું મહિને ડાયાલીસીસ થાય છે. આ ઉપરાંત હૃદયરોગ, બ્રેઈન સ્ટ્રોક વગેરેના ઈમરજન્સી દર્દીઓ માટે કોઈ સુવિધા નથી. આ બધા દર્દીઓ મુશ્કેલીમાં મૂકાઈ જવાની શકયતા રહેલી છે.

કોરોના માટે ઝાયડસ હોસ્પિટલ દ્વારા સેન્ટ્રલી એરકન્ડીશનવાળા આઈસીયુમાં ૧૦ બેડ અને ૧૨ બેડ જનરલ વોર્ડ પહેલાથી જ અલગ રખાયા હતા. આમ છતાં આખી હોસ્પિટલ જિલ્લા વહીવટીતંત્રને તાબી લીધી છે. નડિયાદ, ખંભાત, મહેમદાવાદ, ડાકોર સહિત આસપાસના અનેક દર્દીઓ અહી રોજ આવતા હોય છે. તેમની સારવારમાં રુકાવટ આવી શકે છે. જ્યારે આણંદમાં કોરોનાનો કોઈ પોઝીટીવ કેસ થયો નથી.

સીઈઓ ગોરે જણાવ્યું હતું કે, આ અગાઉ કોરોનાના ૪ શંકાસ્પદ દર્દીઓની અમે સારવાર ઝાયડસમાં કરાઈ હતી. દાહોદમાં ઝાયડસ હોસ્પિટલ અમે ત્યાંના વહીવટીતંત્રને આપી છે. આણંદ જિલ્લા કલેકટર આર. જી. ગોહિલે જણાવ્યું હતું કે, કોરોના અત્યારે તમામની મોસ્ટ પ્રાયોરીટી છે. કોરાના માટે ઝાયડસ હોસ્પિટલમાં ઈન્ફાસ્ટકચર, સ્ટાફ શ્રેષ્ઠ છે. ભરૂચની બે હોસ્પિટલ, એક અંકલેશ્વર અને દાહોદમાં ઝાયડસ હોસ્પિટલ સ્થાનિક તંત્રએ લીધી છે. હજી જરૂર પડે તો જિલ્લાની બીજી વધુ હોસ્પિટલો પણ જિલ્લા બીજી વધુ હોસ્પિટલો પણ જીલ્લા વહીવટી તંત્ર તાબેલઈ શકેછે. જોકે, કરમસદ મેડિકલ હોસ્પિટલ ઉપરાંત અન્ય હોસ્પિટલોમાં ડાયાલીસીસની સુવિધા ઉપલબ્ધ છે. ગુજરાત રાજ્ય ઈન્ડિયન મેડિકલ એસોસીએશન સીડબલસીકમિટીના સભ્ય ડો. શૈલેષભાઈ શાહે જણાવ્યું હતું કે, આણંદ જિલ્લા વહીવટીતંત્રનો તઘલખી નિર્ણય છે. સરકારે આણંદની આમ જનતાનો વિચાર કરીને નિર્ણય લેવો જોઈએ. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મનમાની કરતા અમારે વિરોધ કરવાની ફરજ પડી છે. રાજ્ય સરકારનું ધ્યાન દોરવાની ના છુટકે ફરજ પડી છે.

અરવલ્લી-મોડાસામાં ખુલ્લેઆમ ગુટખા-તમાકુનું વેચાણ, ચાર વેપારી ઝડપાયા

અરવલ્લી

એલસીબી, ટ્રાફિક પોલીસ અને પેરોલ ફ્લો સ્કવોડે મોડાસામાંથી જુદી જુદી જગ્યાએથી ગુટખા અને તમાકુનું વેચાણ કરતાં ચાર વેપારીઓને કુલ રૂ. ૨૬૪૧૩ની મત્તા સાથે પકડી જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધ્યો છે. પેટ્રોલિંગ દરમિયાન એલસીબીએ મોડાસા શહેરના જૂના બસ સ્ટેન્ડ સામેથી છગનલાલ મલજીરામ શાહ રહે. ૧૦, રામપાર્ક સોસાયટી , મોડાસાએ પોતાની છગનલાલ મલજીરામ જનરલ સ્ટોરમાં પાનમસાલા, ગુટખા , તમાકુના પેકેટ નંગ-૧૬૦ મળી કુલ કિ.રૂ. ૨૧૦૬૫/- નો મુદ્દામાલ રાખી દુકાન ચાલુ રાખી જાહેરમાં વેચાણ કરતાં જાહેરનામાં ભંગ અંતર્ગત ધરપકડ કરી હતી.

ગાંધીવાડા ચોક, સોનીવાડાની બાજુમાં શ્રીનાથ પ્રોવિઝન સ્ટોર્સના માલિક સંજયભાઈ ઈન્દુલાલ પરીખે પોતાની દુકાનમાં પાનમસાલા ગુટખા - તમાકુ મળી કુલ નંગ-૭૬ કિ.રૂ. ૬૩૩/- નો મુદ્દામાલ દુકાનમાં રાખી વેચાણ કરતાં જાહેરનામાના ભંગ અંતર્ગત એલસીબીએ ધરપકડ કરી હતી. અરવલ્લી જિલ્લા પેરોલ ફર્લો સ્કવોડે કોરોના વાયરસ અંતર્ગત જાહેરનામાના ભંગ બદલ મોડાસા વિસ્તારમાં કોલેજ રોડ ઉપર આવેલી આયશા પાર્ક સોસાયટીમાં રહેતા અને ફાતેમા પ્રોવિઝન એન્ડ પાર્લર ધરાવતા આરીફમહંમદ ગુલાબમહંમદ મનસુરીએ પોતાની ફાતેમા પ્રોવિઝન એન્ડ પાર્લર દુકાનમાં પાનમસાલા , ગુટકા, તમાકુ, બીડી , સિગારેટ મળી કુલ કિં.રૂ. ૨૩૯૫/- નો મુદ્દામાલ રાખી દુકાન ચાલુ રાખી જાહેરમાં વેચાણ કરતાં રંગે હાથ ઝડપાઈ ગયો હતો.

અરવલ્લી જિલ્લા ટ્રાફિક પોલીસે મોડાસા ચાર રસ્તા ચોકી પાસે બાબુભાઈ રામાભાઈ તરાર રહે. રાજપુર (શિણાવાડ) તા-મોડાસા પોતાની ટીવીએસ મોટરસાયકલ નં જી.જે.૩૧.કે.૪૦૪૩ ઉપર થેલામાં પાન, મસાલા, ગુટકખા, બીડી , તમાકુ , સોપારી કિ.રૂ. ૨૩૨૦/- નો મુદ્દામાલ વેચાણ અર્થે લઈ જતાં ઝડપી જાહેરનામાં ભંગ અંતગર્ત ગુનો નોંધ્યો હતો.

કોરોનાના ઈમરજન્સી જોતા નડિયાદ સિવિલને પોર્ટેબલ વેન્ટીલેટર કરાયું અર્પણ

નડિયાદ

સિવિલ હોસ્પિટલને વેન્ટીલેટરની ખાસ જરૂરીયાત છે. કોરોનાના ઈમરજન્સી વખતે વેન્ટીલેટર પ્રાપ્ત થાય તે માટે નડિયાદની સિવિલ હોસ્પિટલને દાતા તરફથી અદ્યતન પોર્ટેબલ વેન્ટીલેટર મશીન આપવામાં આવ્યું છે. જેને સરકાર વતી કલેકટર આઈ.કે.પટેલએ સ્વીકાર્યું હતું અને સરકારવતી દાતાઓનો આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે દંડક પંકજભાઈ દેસાઈ પણ હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત સંકેત સેલ્સ, નડિયાદના માલિક મેહુલભાઈ પટેલ તરફથી પણ નડિયાદ સિવિલ હોસ્પિટલને ૧૮૫ લીટરના ત્રણ ફ્રિજ, નાની સાઈઝના ત્રણ ફ્રિજ, એ.સી. નંગ-૭, ૩૨ ઈંચના ટીવી નંગ-૭ની માતબર રકમની ચીજવસ્તુઓ પણ જન કલ્યાણ અને સમાજના કલ્યાણ માટે આપવામાં આવી છે. ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ અને કલેકટર આઈ.કે.પટેલ દ્વારા દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો. આ અદ્યતન અને અતિઉપયોગી સાધનો મળવાથી દર્દીઓની સગવડતામાં વધારો થશે.

મહુધામાં કપડાં ધોવા ગયેલી પરણિતા સાથે દુષ્કર્મનો પ્રયત્ન, નોંધાઈ ફરિયાદ

નડિયાદ

મહુધામાં રહેતી એક પરણિતા પોતાના ખેતર નજીકથી પસાર થતી કેનાલમાં કપડાં ધોવા ગઈ હતી. આ સમયે ગામમાં રહેતો સોહિલખાન નૂરમહંમદ પઠાણ ત્યાં આવ્યો હતો અને કેનાલમાં ન્હાવા પડ્યો હતો. સોહિલ નહેરના પાણીમાં હાથ પછાડીને પાણી ઉડાડતો હોવાથી આ બાબતે પરણિતાએતેને દૂર જઈને શાંતિથી ન્હાવાનું કહેતા સોહિલ ઉશ્કેરાઈ ગયો હતો અને નાલમાંથી બહાર આવીને, પરણિતાની નજીક જઈ તેનો હાથ ખેંચીને તેને રોડ ઉપર ખેંચી જઈ તેની આબરૂ લેવાનો પ્રયાસ કરતાં, પરણિતાએ બૂમાબૂમ કરી હતી. આ સમયે નજીકમાં પશુચરાવી રહેલાં તેમના સસરા ત્યાં દોડી આવતાં, તેમને જોઈને સોહિલ ફરાર થઈ ગયો હતો. આ ઘટનાને પગલે પરણિતા ગભરાઈ ગઈ હતી. જોકે પરિવારજનોએહિંમત આપી તેની પાસેથી સઘળી હકીકત જાણ્યા બાદ અંતે આ મામલે સોહિલખાન નૂરમહંમદ પઠાણ સામે મહુધા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં હાલમાં પોલીસે તપાસ હાથ ધરી છે.

દીપ જલાઓ દરમિયાન વડોદરામાં પોલીસ પર પથ્થરમારો કરનારા ૬ ની ધરપકડ

વડોદરા

વડોદરામાં રવિવારે રાત્રે દીવા પ્રગટાવવા માટે દેશભરમાં લોકોએ પોતાના ઘરોની લાઈટો બંધ કરી હતી. જોકે, આ દરમિયાન કેટલાક તોફાની તત્વો દ્વારા ગુનાઈત પ્રવૃત્તિ કરવામાં આવી છે. આવી જ ઘટના વડોદરામાં પણ બની હતી જેમાં તોફાની તત્વોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જેમની પોલીસે ધરપકડ કરી છે. જ્યારે એક શખ્સ આ ગુનામાં વોન્ટેડ છે. પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. શહેરમાં રવિવારે રાત્રે ૯ વાગ્યે ૯ મિનિટ માટે પ્રજા દ્વારા દીપ પ્રાગટ્ય માટે પોતાના ઘરની લાઈટો બંધ કરવામાં આવી હતી આ દરમિયાન સાવલી વિસ્તારમાં કેટલાક તોફાની તત્વોએ પોલીસને નિશાન બનાવવા માટે પથ્થરમારો કર્યો હતો. પોલીસે આમાંથી ૬ લોકોની ધરપકડ કરી લીધી અને આ ગુનામાં ફરાર એક શખ્સની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ગુનેગારોને એવું હતું કે રાતના અંધારા દરમિયાન તેમના કૃત્યને કોઈ પકડી નહીં શકે પણ તેમને ખબર નહોતી કે પોલીસ તેમના કરતા વધારે હોશિંયાર છે. આ જ રીતે પોલીસ દ્વારા દેશભરમાં રાતના દીયા જલાવ કાર્યક્રમ દરમિયાન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો આ સાથે શહેરની બાહાર નીકળતા રસ્તાઓ પર ચેક પોસ્ટ બનાવવામાં આવી હતી, જેથી કરી કોઈ વ્યક્તિ આ અંધારાનો લાભ લઈને બહાર ના જાય. અમદાવાદ, ગાંધીનગર સહિતના વિસ્તારોમાં પોલીસ દ્વારા આ ૯ મિનિટ દરમિયાન સતત પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, વડાપ્રધાન મોદીએ શુક્રવારે એક વિડીયો મેસેજ દ્વારા દેશની જનતાને અંધારામાં પ્રકાશ ફેલાવા માટે અને કોરોનાની જંગમાં સૌનો સાથ દર્શાવવા માટે ૫ એપ્રિલના દિવસે રાત્રે ૯ વાગ્યે ૯ મિનિટ માટે દીવો, મીણબત્તી, ટોર્ચ કે મોબાઈલ ફ્લેશથી લાઈટ કરવા માટે જણાવ્યું હતું.

માનવતા: પરપ્રાંતીયોને રહેવા ઈસ્કોન મેગા મોલમાં મુકાયો ખુલ્લો!

અમદાવાદ

દેશમાં લોકડાઉનમાં સૌથી ખરાબ પરિસ્થિતિ હાલ પરપ્રાંતીય લોકોની જોવા મળી રહી છે. જે લોકો બહારથી અહિંયા મજૂરી કરવા માટે આવ્યા હતા તે તમામ લોકોને હાલ રહેવા અને ખાવાના ફાંફાં પડી ગયા છે. ત્યારે આવા તમામ લોકોને હાલ અમદાવાદના એસજી હાઈવે ખાતે આવેલ ઈસ્કોન મોલમાં રહેવા માટેની સુવિધા આપવામાં આવી છે.

ગુજરાતમાં નાના મોટા કામ કરીને સ્થાનિક અને પરપ્રાંતીય લોકો પોતાનું ગુજરાન ચલાવે છે. લોકડાઉનને પગલે નાના કામ કરતાં લોકો ગુજરાત છોડીને પોતાના વતન જઈ રહ્યા હતા. ત્યારે પોલીસ અને તંત્રએ આવા લોકોને હંગામી રહેવાની વ્યવસ્થા કરી આપી છે. અમદાવાદનો ઈસ્કોન મોલ આવા લોકોનું શેલ્ટર બન્યું છે. જે મોલમાં લોકોની અવર જવર કરતા હતા ત્યાં લોકોની રસ્તા પર રઝળતા લોકોને સાચવવામાં આવે છે. મોલમાં ગરીબીને પથારી પાથરવામાં આવી છે. ૧૩૦ લોકોને જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. લોકોને જમવા અને રહેવા માટેની સગવડ કરવામાં આવી છે અને અમદાવાદના અલગ અલગ જગ્યાએથી લેવામાં આવ્યા હતા.

એએમસીએ પોઝિટિવ દર્દીઓના નામ અને સરનામાંનું લિસ્ટ જારી કર્યું

અમદાવામાં ૧૧ નવા કેસ નોંધાતા પોઝિટિવ કેસોનો આંકડો ૬૪ થયો

અમદાવાદ

કોરોના વાઈરસનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે. કેસોમાં મોટા ઉછાળા આવી રહ્યા છે. આજે ૧૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં સૌથી વધુ ૬૪ કેસો અમદાવાદમાં નોંધાયા છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપિલ કોર્પોરેશન આજે સામે આવેલા ૧૧ દર્દીઓના નામ સરનામા સહિતની વિગતો જારી કરી હતી.

કોઈ પોઝિટિવ વ્યક્તિના સંપર્કમાં આવ્યો હોય તો જાતે જ હોમ ક્વોરન્ટીન થઈ શકે અને સરકારને જણાવી શકે. આ લિસ્ટ જાહેર કરવા પાછળનો હેતુ એ છે કે, જો તમે આમાંથી કોઈ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય, તેની આસપાસ રહેતા હોય અથવા તમને કોઈ તકલીફ હોય તો તાત્કાલિક ૧૦૪ અને ૧૫૫૦૩ નંબર પર જાણ કરવી. આ ઉપરાંત તમે ૬૩૫૭૦૯૪૨૪૫ વોટ્સઅપ નંબર પર જાણ કરી શકો છો. આજે નોંધાયેલા ૧૧ પૈકી ૧૦ કેસોમાં દર્દીઓ રાજસ્થાનના ઝૂંઝનુ અને દિલ્હીની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ તબલીઘ જમાતના કનેક્શન ધરાવતા કેસો વધારે નોંધાયા હોવાનું જણાવ્યું હતું.

અમદાવાદમાં કોરોના કેર વચ્ચે વધુ એક મહિલા સાજી થતાં રજા અપાઈ

આજે ૧૧ નવા પોઝિટિવ કેસો સાથે રાજ્યમાં સૌથી વધુ ૬૪ કેસો અમદાવાદમાં નોંધાયા છે. ત્યારે કોરોના વાઈરસની એક ૨૩ વર્ષીય યુવતી સાજી થતાં તેને એસવીપી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ૨૪ કલાકમાં બે વાર તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. તે છેલ્લા ૧૬ દિવસથી એસવીપી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી.

કોરોનાની સૌરાષ્ટ્રમાં એન્ટ્રી: મોરબી અને જામનગરમાં ૧-૧ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ

રાજકોટ

સોરાષ્ટ્રમાં કોરોનાનો વાયરસે ફુંફાડો માર્યો છે. અત્યાર સુધી આ ખતરનાક વાયરસ જ્યાં ફેલાયો ન હતો તે સૌરાષ્ટ્રના બે જિલ્લા મોરબી અને જામનગરમાં કોરોનાનો પગપેસારો થતાં સ્થાનિક તંત્ર હરકતમાં આવી ગયું છે. મોરબીનાં એક વૃધ્ધ અને જામનગરનાં ૧૪ મહિનાના એક બાળકનો રિપોર્ટ પોઝીટવ આવતા સ્થાનિક લોકોમાં ફફડાટ ફેલાયો છે. તદ્ઉપરાંત આજે કચ્છનાં એક વૃધ્ધનો રિપોર્ટ પણ પોઝિટીવ આવતા કચ્છમાં કુલ ૨ કેસ પોઝિટીવ થયા છે. દરમિયાન રાજકોટને આજ સતત છઠા દિવસે રાહત રહી હતી. રાજકોટ શહેર અને જિલ્લામાંથી કુલ ૨૦ શંકાસ્પદ દર્દીઓના સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ તે તમામ નેગેટીવ આવ્યા હતા.

આરોગ્ય વિભાગનાં અધિકારીઓનાં જણાવ્યા મુજબ આજે મોરબી ઔદ્યોગિક હબ હોવા છતાં કોરોનાનો એક પણ પોઝિટીવ કેસ નોંધાયો ન હતો. મોરબીમા એક ૫ વર્ષના બાળક સહિત ચારને શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા હતા. બાળકીને મોરબીમાં અને અન્ય ત્રણને રાજકોટ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. તેમાં એક પર વર્ષના વૃધ્ધનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો જ્યારે બાળકી અને બીજા બે વ્યક્તિનાં રિપોર્ટ નેગેટીવ આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર જે બાળકને કોરોના પોઝીટીવ આવ્યો છે. તે પરિવાર મૂળ ઉતરપ્રદેશનો છે છેલ્લા ત્રણ વર્ષથી તે જામનગર નજીક દરેડમાં ભાડે રુમ રાખીને રહેતો હતો. ચાર વ્યક્તિના પરિવારમાં નાના બાળકનો રિપોર્ટ પોઝિટીવ આવતા પરિવાર ચિંતામા ડુબી ગયું છે. આ શ્રમિક પરિવારનો કોઈ વિદેશ પ્રવાસ કે અન્ય રાજ્યનો કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. આ બાળકના માતા-પિતા અને કાકાને હાલ ક્વોરન્ટાઈન કરાયા છે. કોરોના પોઝીટવનો પ્રથમ કેસ જોવા મળતા જામનગર કલેક્ટરે તાકીદની બેઠક બોલાવી હતી.

વડોદરામાં કોરોના વાયરસને કારણે એક મહિલાનું મોત, તંત્રમાં ફફડાટ

વડોદરા

ગુજરાતમાં સતત કોરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે. રાજ્યમાં કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૧૪૪ પર પહોંચી ગઈ છે. આજે નવા ૧૬ પોઝિટિવ કેસ સામે આવ્યા છે તો વડોદરામાં એક મહિલાનું કોરોના વાયરસથી મોત થયું છે. આ મહિલા વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં રહેતા હતા. તેમની ઉંમર ૬૨ વર્ષ છે. આ સાથે વડોદરામાં અત્યાર સુધી કુલ ૨ લોકોના મોત થયા છે.

આ ૬૨ વર્ષીય મહિલાને ૧૮ માર્ચના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. સારવાર દરમિયાન આજે સવારે તેમનું મોત થયું છે. શહેરની એસએસજી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલતી હતી. આ મહિલાએ શ્રીલંકાનો પ્રવાસ કર્યો હતો.

દાહોદમાં લોકડાઉન લંબાવાની અફવા બાદ લોકોમાં અફરાતફરી

દાહોદ

કોરોનાને લઈને તા.૨૨ માર્ચના એકદિવસીય દેશવ્યાપી લોકડાઉન પછી દાહોદ કલેક્ટરના જાહેરનામા બાદ તા. ૨૩થી ૨૫ માર્ચના ત્રણ દિવસ દરમ્યાન પુનઃ દાહોદ ખાતે આવશ્યક ચીજવસ્તુઓ સિવાય દાહોદ શહેર અને જિલ્લા બંધનું એલાન અપાયુ હતું. વડાપ્રધાન દ્વારા કોરોના મહામારીનું સંક્રમણ અટકાવવાના એકમાત્ર ઈલાજ તરીકે તા.૨૫.૩થી તા.૧૪.૪ના ૨૧ દિવસનું દેશવ્યાપી લોકડાઉન જાહેર કર્યું હતું. આમ, આ લોકડાઉનને તા.૫ એપ્રિલે ૧૨ મો દિવસ છે ત્યારે દાહોદની આર્થિક હાલત સ્વાભાવિક બદતર થવા પામી છે. માત્ર આવશ્યક ચીજવસ્તુઓના કેટલાક સંસ્થાનો સવારે ૯થી ૧૧ દરમ્યાન ખુલે છે બાદમાં બધું જડબેસલાક બંધ થઈ જાય છે. ત્યારે આવા સમયે દાહોદ શહેર અને જિલ્લો કોરોનાની ઝપટમાંથી બચી રહેવા પામતા સહુને આંતરિક સંતોષ છે. તા.૫-૪-'૨૦ ને રવિવારે લોકડાઉનના ૧૨ દિવસ પૂર્ણ થઈ ચુક્યા છે અને હવે ૨૧ દિવસીય આ લોકડાઉનના હજુ તો ૯ દિવસ બાકી છે ત્યારે આગામી દિવસોમાં સામાન્ય લોકોની પરિસ્થિતિ ખૂબ કફોડી બની શકે છે. બીજી તરફ દાહોદમાં લોકડાઉન હજી લંબાવાશે તેવી અફવાઓ વચ્ચે લોકોની દ્વિધા વધી છે. આ લોકડાઉનનો સમયગાળો ૧૪ એપ્રિલે સમાપ્ત થવા બદલે હજુ લંબાવાશે તેવી જાતજાતની વાતો નવરાશની પળોમાં છૂટના સમયે લોકચર્ચાનો વિષય બનવા પામી છે.

લોકડાઉન: શહેરામાં ખુલ્લેઆમ ગુટખાનો ધંધો કરનાર વેપારી સામે નોંધાયો ગુનો

શહેરા

પંચમહાલ કલેકટર દ્વારા પણ ૧૪૪ કલમનું જાહેરનામું બહાર પાડી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, શાકભાજી, કરીયાણા, દૂધની ડેરીઓ મેડિકલ સ્ટોર સિવાયના અન્ય ધંધા સામે પ્રતિબંધ લગાવ્યો છે, લોકડાઉનમાં શહેરા પોલીસ પેટ્રોલિંગમાં હતી તે સમય દરમિયાન શહેરા તાલુકાના ધામણોદના પ્રવિણભાઈ બારીયા, તાડવાના બળવંતભાઈ બારીયા, ધાયકાના રંગીતભાઈ સોલંકી તેમજ માધવસિંહ સોલંકી ચારે દુકાનદારો પાન, પડીકી અને ગુટકાનો ખુલ્લેઆમ ધંધો કરી રહ્યા હતા. શહેરા પોલીસે આ પાન-પડીકી અને ગુટકા વેચતા ચારેય દુકાનદારોને ઝડપી પાડી જાહેરનામાંનો ભંગ કરવા બદલ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

આમોદમાં લોકડાઉન વચ્ચે પણ પાનમસાલાની દુકાનોનો ધમધમાટ

આમોદ

હાલ કોરોના વાઈરસને લઈને લોકડાઉન ચાલી રહ્યું છે. ત્યારે આમોદમાં તેનું પાલન થયું હોય તેવું ક્યાંય જણાતું નથી. લોકો માર્કેટમાં ખરીદી અર્થે મોટી સંખ્યામાં ઊમટી રહ્યા છે અને ક્યાંય સોશિયલ ડિસ્ટંન્સિંગ પણ જળવાતું નથી. સત્વરે તત્રં દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આમોદમાં તંત્ર અને પ્રજા બંને કોરોના સ્વાગત કરવા થનગની રહયા હોય તેવા દ્રશ્યો દેખાઈ રહયા છે. શાકભાજીથી માંડી અનાજ કરિયાણાની દુકાન, સસ્તા અનાજની દુકાન બેંકો સહિત તમામ જગ્યાએ સોશિયલ ડિસ્ટન્સ જાળવવામાં આવતુ નથી. આવશ્યક ચીજવસ્તુઓ સિવાયની દુકાનો પણ ખુલ્લી જોવા મળી રહી છે. પગરખાં, પાન પડીકી, ચાની લારીથી માંડીને ચિકનની દુકાનો પણ ખુલ્લી જોવા મળી રહી છે. સમગ્ર ભરૂચ જિલ્લામાં ચિકનની દુકાનો બંધ છે. ત્યારે આમોદમાં દુકાનો ધમ ધોકાર ચાલી રહી છે.

લોકડાઉનમાં જાહેરનામાં ભંગ બદલ પાટડીમાં જુગાર રમતા ૬ ઝડપાયા

પાટડી

આ લોકડાઉનના પગલે જમાદારવાસમાં જુગારધામ ધમધમતો હોવાની બાતમીના આધારે પાટડી પોલીસે દરોડો પાડ્યો હતો. જેમાં પાટડીના નરેન્દ્ર ગઢવી, કૌશીક પ્રજાપતિ, આકાશ અઘારા, ચંદુભાઈ પુજારા, પ્રદિપભાઈ અને પુનિત શંકરભાઈ અઘારાને જુગાર રમતા પકડી લીધા હતા. ઘટના સ્થળેથી ગંજીપાના અને રોકડ રૂ. ૧૦૨૫૦ અને રૂ. ૩૧૦૦૦ની કિંમતના ૫ મોબાઈલ મળી કુલ રૂ. ૪૧,૨૫૦ના મુદ્દામાલ ઝબ્બે કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ દરોડામાં પીએસઆઈ વી.એન.ચૌધરી, જયરાજસિંહ ખેર, ઈન્દ્રજીતસિંહ, નિલેશભાઈ રથવી સહિતનો પોલીસ સ્ટાફ હાજર હતો.

લોકડાઉન જાગૃતિ માટે ડ્રોનમાં સ્પીકર લગાવી લોકોને સંદેશ આપશે રાજકોટ પોલીસ

રાજકોટ

રાજયના રાજકોટ શહેરના પોલીસ તંત્ર દ્વારા લોકડાઉન વચ્ચે બહાર નીકળતા લોકોમાં જાગૃતિ લાવવા માટે નવત્તર પ્રયોગ શરૂ કર્યો છે. રાજકોટ પોલીસે ડ્રોનમાં સ્પીકર લગાવી લોકોને સંદેશ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ સાથે શહેરની પોલીસ ૧૫ જેટલા ડ્રોન દ્વારા વિવિધ વિસ્તારમાં તપાસ કરશે. આ તપાસની સાથે લોક જાગૃતિ માટે ડ્રોનમાં સ્પીકર પણ લગાવામાં આવ્યું છે. આમ પોલીસ ડ્રોનમાં સ્પીકર દ્વારા લોકોને સંદેશ આપી રહી છે.

રાજયમાં લોકડાઉન હોવા છતાં રાજકોટ શહેરમાં લોકો બહાર નીકળી રહ્યાં છે, ત્યારે બહાર નીકળતા લોકો સામે પોલીસ કાર્યવાહી કરી રહી છે. શહેરના મોટા ભાગના વિસ્તારોમાં પોલીસ દ્વારા કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે સોશિયલ ડિસ્ટન્સ જાળવી રાખવાનો આદેશ આપ્યો હતો. જેમાં જણાવામાં આવ્યું છે કે કારમાં બે અને સ્કટર પર એકથી વધારે લોકો હશે તો વાહન જપ્ત કરવામાં આવશે. આમ રાજકોટ પોલીસે બિનજરૂરી બહાર નિકળતા લોકો સામે લાલ આંખ કરી કડક કાર્યવાહી શરૂ કરી છે.

ભાઈ આ ફાવ્યું નથી

ચેમ્બરે પ્રમુખ સહિત ૧૬ આગેવાનોના પોઝિટિવ મેસેજનો ઓડિયો વાયરલ કર્યો

અમદાવાદ

કોરોના સામેની લડાઈમાં ભારતમાં વ્યાપાર-ધંધા-ઉદ્યોગો બંધ છે. આ પરિસ્થિતિમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ફૂડ તથા ડેરી કમિટીએ નવ મિનિટની એક મોટિવેશનલ ઓડિયો ક્લીપ વાયરલ કરી છે. આ ક્લીપમાં ચેમ્બરના પ્રમુખ દુર્ગેશ બૂચથી માંડી TGBવાળા નરેન્દ્ર સોમાણી, કંદોઈ ભોગીલાલ મૂળચંદના કમલેશભાઈ, જૈન ડેરીના માલિક સહિત ૧૬ આગેવાનોના પોઝિટિવ મેસેજનો સમાવેશ કરવામાં આવ્યો. કમિટીનો દાવો છે કે છેલ્લા બે-ત્રણ દિવસમાં ગુજરાતના આ ક્ષેત્ર સાથે સંકળાયેલા એક લાખથી વધુ લોકોને આ ઓડિયો ક્લિપ મોકલવામાં આવી છે.

કોઈ પણ પરિસ્થિતિમાં ગુજરાતના વેપારીઓ હાર્યા નથી. કોરોના સામે આખો દેશ જંગ લડી રહ્યો છે ત્યારે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને તેની સાથે સંકળાયેલા તમામ વેપારીઓ પણ આ લડાઈમાં દેશની સાથે જ છે તેવા મેસેજ સાથે પોઝિટિવ ઓડિયો ક્લિપ 'લડેંગે કોરોના સે, જીતેંગે કોરોના સે'ની શરૂઆત થાય છે.

આ આગેવાનો મેસેજમાં જણાવી રહ્યા છે કે લોકડાઉનનો સમય નિરાશ થવાને બદલે કંઈક નવું વિચારવાનો, કંઈક નવું કરવાનો સમય છે. માટે આ સમયનો સદુપયોગ કરી પોતાના અને પોતાના સાથી મિત્રો માટે કંઈક નવતર પ્રયોગ કરવો જ રહ્યો. આ સોનેરી સમય છે તેનો ઉપયોગ કરવો જોઈએ. આ અગ્રણીઓએ આ સમયમાં શું નવું કર્યું કે શું નવું શિખ્યા તેની વાતો પણ વેપારી મિત્રો સમક્ષ મૂકી છે.

લોકડાઉનમાં જાહેરનામાં ભંગ બદલ પાટડીમાં જુગાર રમતા ૬ ઝડપાયા

પાટડી

આ લોકડાઉનના પગલે જમાદારવાસમાં જુગારધામ ધમધમતો હોવાની બાતમીના આધારે પાટડી પોલીસે દરોડો પાડ્યો હતો. જેમાં પાટડીના નરેન્દ્ર ગઢવી, કૌશીક પ્રજાપતિ, આકાશ અઘારા, ચંદુભાઈ પુજારા, પ્રદિપભાઈ અને પુનિત શંકરભાઈ અઘારાને જુગાર રમતા પકડી લીધા હતા. ઘટના સ્થળેથી ગંજીપાના અને રોકડ રૂ. ૧૦૨૫૦ અને રૂ. ૩૧૦૦૦ની કિંમતના ૫ મોબાઈલ મળી કુલ રૂ. ૪૧,૨૫૦ના મુદ્દામાલ ઝબ્બે કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ દરોડામાં પીએસઆઈ વી.એન.ચૌધરી, જયરાજસિંહ ખેર, ઈન્દ્રજીતસિંહ, નિલેશભાઈ રથવી સહિતનો પોલીસ સ્ટાફ હાજર હતો.

ગુજરાત પર સંકટ
પહેલા પાનાથી ચાલુ

કે લોકડાઉનું પાલન કરે અને જેઓ મરકઝમાં જઈને આવ્યાં છે તેઓ તબીબી તપાસ માટે આગળ આવે તે જરૂરી છે. જેથી બીજાને ચેપ ન લાગે. સરકારનો દાવો છે કે, તબ્લીગી સમાજના લોકોએ કોરોના અંગે કાળજી ન રાખતા મોટી મહામારી સર્જાઈ છે. દિલ્હી ખાતે યોજાયેલી તબ્લીગી જમાતની મરકજમાં ગયેલા લોકોમાં કોરોનાના લક્ષણો દેખાયા અને આવા લોકોએ કોરોના ફેલાવવામાં બેદરકારી દાખવી મહત્વનો ભાગ ભજવ્યો છે

સૌથી વધુ કેસ અમદાવાદમાં ૬૪ નોંધાયા હોવાનું કહીને તેમણે કહ્યું કે, રાજ્યના કુલ ૧૪૪ પોઝિટિવ કેસમાંથી સૌથી વધુ કેસ અમદાવાદમાં નોંધાયા છે. જિલ્લાવાર આંકડાઓ જોઈએ તો અમદાવાદમાં ૬૪ પોઝિટિવ અને ૫ના મોત, સુરતમાં ૧૭ પોઝિટિવ અને ૨ના મોત, ગાંધીનગરમાં ૧૩ પોઝિટિવ, ભાવનગરમાં ૧૩ પોઝિટિવ અને ૨ના મોત, વડોદરામાં ૧૦ પોઝિટિવ અને ૨ના મોત, રાજકોટમાં ૧૦ પોઝિટિવ કેસ, પોરબંદરમાં ૩ પોઝિટિવ, ગીર સોમનાથમાં ૨ પોઝિટિવ, કચ્છમાં ૨ પોઝિટિવ, મહેસાણામાં ૨ પોઝિટિવ, પાટણમાં ૨ પોઝિટિવ, પંચમહાલમાં એક પોઝિટિવ અને એકનું મોત, છોટાઉદેપુર અને જામનગરમાં ૧-૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે.

આજે નવા ૧૧ કેસો મળી અમદાવાદમાં સૌથી વધુ ૬૪ પોઝિટિવ કેસો, છસ્ઝએ પોઝિટિવ દર્દીઓનું લિસ્ટ જારી કર્યું હતું. કોરોના વાઈરસનો કેર દિનપ્રતિદિન વધી રહ્યો છે. કેસોમાં મોટા ઉછાળા આવી રહ્યા છે. આજે ૧૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં સૌથી વધુ ૬૪ કેસો અમદાવાદમાં નોંધાયા છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપિલ કોર્પોરેશન આજે સામે આવેલા ૧૧ દર્દીઓના નામ સરનામા સહિતની વિગતો જારી કરી હતી.

ઉલ્લેખનીય છેકે, કોઈ પોઝિટિવ વ્યક્તિના સંપર્કમાં આવ્યો હોય તો જાતે જ હોમ ક્વોરન્ટીન થઈ શકે અને સરકારને જણાવી શકે. આ લિસ્ટ જાહેર કરવા પાછળનો હેતુ એ છે કે, જો તમે આમાંથી કોઈ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય, તેની આસપાસ રહેતા હોય અથવા તમને કોઈ તકલીફ હોય તો તાત્કાલિક ૧૦૪ અને ૧૫૫૦૩ નંબર પર જાણ કરવી. આ ઉપરાંત તમે ૬૩૫૭૦૯૪૨૪૫ વોટ્સઅપ નંબર પર જાણ કરી શકો છો.

ટ્રાવેલ હિસ્ટ્રી અને મરકઝ કનેક્શનના કેસો વધારે હોવાનું કહીને તેમણે જણાવ્યું કે, આજે નોંધાયેલા ૧૧ પૈકી ૧૦ કેસોમાં દર્દીઓ રાજસ્થાનના ઝૂંઝનુ અને દિલ્હીની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ તબલીઘ જમાતના કનેક્શન ધરાવતા કેસો વધારે નોધાયા હોવાનું જણાવ્યું હતું.

કોરોનાથી હારવાનું
પહેલા પાનાથી ચાલુ

આપણે જેટલું સાથે મળીને કામ કરીશું આ મહામારીને એટલી ઝડપથી હરાવી શકીશું.૪.આરોગ્ય સેતુ મોબાઈલ એપ ડાઉનલોડ કરો

આરોગ્ય સેતુ મોબાઈલ એપ ડાઉનલોડ કરો અને ઓછામાં ઓછા ૪૦ લોકોના મોબાઈલમાં તેને ડાઉનલોડ કરાવો.

૫.વડાપ્રધાન રાહત કોષમાં મદદ કરો

મહામારીની વિરુદ્ધ આ યુદ્ધ માનવતા માટે છે. યુદ્ધના સમયે દેશના લોકો માટે આપણે દાન કરીએ છીએ. હાલના સમયે લાખો લોકો પીએમ કેર્સ ફન્ડમાં દાન કરે છે. પ્રત્યેક કાર્યકર્તાએ પોતે પણ સહયોગ કરવો જોઈએ અને બીજેપીના ૪૦ સાથીઓને પણ સહયોગ કરવા માટે પ્રેરિત કરવા જોઈએ.

૨૦૦૮-૦૯ની
પહેલા પાનાથી ચાલુ

બધુ બંધ રાખી ના શકાય. એવી સ્થિતિમાં કંપનીઓએ પોતાના વર્કર્સને વધુ સુરક્ષા આપતા ઓફિસ આવવા પહેલા સ્ક્રીનિંગ કરવું અને ઓફિસમાં સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરી કામ કરાવવું પડશે.

રિપોર્ટ પ્રમાણે રઘુરામ રાજને કહ્યું કે સરકારે ગરીબ અને સામાન્ય વર્ગને આર્થિક મદદ કરવાની રહેશે. કારણ કે નોકરી ન રહેતા અને પૈસાની તંગીના કારણે તેમનું સર્વાઈવલ જોખમમાં પડી શકે છે. રઘુરામ રાજને કહ્યું કે, ભારત પાસે એટલા સ્ત્રોત છે કે જેથી માત્ર આ મહામારીથી લડવાની સાથે તેને માત આપી ફરી ઉભા થવાની ક્ષમતા ધરાવે છે. તેથી એવા લોકો પાસેથી મદદ લેવી પડશે જે અનુભવી છે. આ અંગે વિપક્ષની પણ મદદ લઈ શકાય છે. બધુ કામ વડાપ્રધાન ઓફિસથી થઈ ન શકે. કારણે કે ત્યાં પહેલાથી જ વધુ દબાણ છે. તેથી દરેક રાજ્ય સરકારોએ સાથ મળીને રણનીતિ બનાવવી પડશે.

લોક ડાઉન દરમિયાન કારને ત્રણ ચાર દિવસે દસ મિનિટ માટે ચાલુ રાખવી

ચેમ્બર દ્વારા કાર કેર એન્ડ મેઈન્ટેનન્સ ડ્યુરિંગ એન્ડ પોસ્ટ લોકડાઉન વિશે વેબીનાર યોજાયો

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગઈકાલે સાંજે ૫:૦૦ કલાકે 'કાર કેર એન્ડ મેઈન્ટેનન્સ ડ્યુરીંગ એન્ડ પોસ્ટ લોકડાઉન'વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે વર્લ્ડ ઓટો ફોરમના સીઈઓ શ્રી અનુજ ગુગલાની, ઓટોમોટીવ સ્કીલ ડેવલપમેન્ટ કાઉન્સીલના સીઈઓ શ્રી અરીદમ લહેરી અને એમક?વીકના ફાઉન્ડર શ્રી મેહુલ દેસાઈએ લોકડાઉન દરમિયાન લોકોના ઘરોમાં તેમજ ગેરેજમાં બંધ પડેલી કારને ટેકનીકલી મુશ્કેલીથી બચાવવા તેમજ કોરોના ફ્રી રાખવા માટે એની કેવી રીતે દરકાર લેવી તે અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, લોકડાઉન દરમિયાન એક મહિના સુધી કાર ઘરમાં પડી રહેશે ત્યારે કારમાં કોઈ ટેકનીકલી સમસ્યા ઉભી ન થાય તેના માટે આપણે શું કાળજી રાખવી જોઈએ તે અંગેના માર્ગદર્શન માટે આજના વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

શ્રી અનુજ ગુગલાનીએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનના પિરિયડમાં પણ જેવી રીતે આપણે ઘરોમાં જુદી-જુદી એકટીવિટી કરી રહયાં છે તેવી રીતે કારને પણ ચાલુ કન્ડીશનમાં રાખવી પડશે. એના માટે ત્રણ-ચાર દિવસમાં એક વખત કારને પાંચ-દસ મિનિટ માટે ચાલુ કરો. કારના કાચ નીચે ઉતારીને અંદર કોઈ ગેસ ગાડીમાં લીક થયો છે કે કેમ તે ચકાસો. એક જ જગ્યાએ ગાડી ઉભી રહેશે તો ટાયરમાં ફ્લેટ સ્પોર્ટ્સ બની જાય છે એટલે ગાડીને આગળ પાછળ મુવ કરીને સુરક્ષિત સ્થળે પાર્ક કરો. ખાણીપીણીની ચીજવસ્તુઓ કારમાં નહી રહી જાય તેનું ખાસ ધ્યાન રાખો.

કાર સેનીટાઈઝેશન અંગે માહિતી આપતા તેમણે કહયુ હતુ કે, કારને કોરોના ફ્રી રાખવા માટે સોપ સોલ્યુશન વોટરથી કારને વોશ કરો. ઈથનોલ રબીગ અલ્કોહોલને પાણીમાં નાંખીને તેનો કારમાં સ્પ્રે કરી શકાય છે. કારના દરવાજા ખોલતી વખતે ગ્લવ્જ પહેરી શકો છો અને કારને સેનીટાઈઝ કરી શકો છો. ઘરની સાફસફાઈ માટે ઉપયોગમાં લેવાતા અમોનિયા અને બ્લીચ જેવી વસ્તુઓનો ભૂલથી પણ ઉપયોગ ન કરો. હાલના સંજોગોમાં એસીને કલીયર કરવા માટે કારના ચારેય દરવાજા ખોલીને એસી ચાલુ કરીને એ પૂરું નહીં થાય ત્યાં સુધી કારને તડકામાં જ ઉભી રાખો. કારમાં ફ્રેશ એર જમા થાય એ પણ જરૂરી છે.

શ્રી અરીંદમ લહેરીએ જણાવ્યુ હતુ કે, મોટાભાગે કાર આઉટડોર પાર્ક થાય છે તો કારને કવરથી ઢાંકી દેવી જોઈએ. બર્ડ ડ્રોપ જો લાંબા સમય સુધી કાર પર પડી રહેશે તો ડાઘ રહી જવાની શકયતા વધી જાય છે. જો એકજ જગ્યાએ કાર ઉભી રહેશે તો ટાયરની લાઈફ પુરી થઈ શકે છે. કારણ કે કારના ટાયર ભલે મોટા હોય પણ એના પોઈન્ટ્સ ખૂબ જ નાના હોય છે. લોકડાઉન બાદ એસીને ચેક કરવાનુ નહીં ભુલતા. ઉનાળામાં એસી સર્વિસિંગ કરવાની જરૂરિયાત હોય છે. સર્વિસ સેન્ટર પરના લોકો પણ ગામ જતા રહયા હશે તો તમારી ગાડીની સર્વિસ લંબાઈ જશે. આથી ઘરે રહીને પણ તમારા કારની તમે ધ્યાન રાખી શકો છો. શ્રી મેહુલ દેસાઈએ જણાવ્યુ હતુ કે, લોકો માટે વ્હીકલ પહેલા લકઝરી હતી પણ હવે એ બધાની જરૂરિયાત બની ગઈ છે. હાલમાં કોરોનાની જે વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે તે ભવિષ્યમાં કયારેય પણ ન સર્જાય તેવી આશા વ્યકત કરી કાર્યક્રમનું ખૂબ જ કુશળતાપૂર્વક સંચાલન કર્યુ હતુ.આ વેબીરનામાં સુરત ઉપરાંત વિવિધ શહેરોમાંથી લોકોએ ભાગ લીધો હતો અને તેઓના વિવિધ સવાલોના વકતાશ્રીઓએ સંતોષકારક જવાબ પણ આપ્યો હતો. ચેમ્બરના ઈવેન્ટ્ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઈએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.

નવસારી જિલ્લામાં હથિયારબંધી લાગુ

નવસારી જિલ્લામાં કાયદો-વ્યવસ્થા અને લોકોમાં સુલેહ-શાંતિ જળવાઈ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કે.જે.રાઠોડે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા ધ્વારા તાત્કાલિક અસરથી તા.૧૮/૦૪/૨૦૨૦ સુધી શસ્ત્રો, દંડા, તલવાર જેવા હિંસા પહોચાડી શકે તેવી ચીજવસ્તુઓ, સ્ફોટક પદાર્થો લાવવા લઈ જવા તેમજ સુરૂચિનો ભંગ થાય તેવા કોઈ પણ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનારને કેદ અને દંડની સજા થઈ શકે છે.

મહુવાના કાછલ ગામમાં ૩૪ શ્રમિકોને આશરો અપાયો

કોરોના સંકટના કારણે દેશમાં ઊભી થયેલી પરિસ્થિતિમાં સામાજિક સંસ્થાઓ, સેવાભાવી લોકોએ ગરીબવર્ગ માટે મદદનો ધોધ વહાવ્યો છે, ત્યારે મહુવા તાલુકાના કાછલ ગામ ખાતે રાજસ્થાન, સોનગઢ, ડાંગ, સમશૂંગીથી રોજગારી માટે આવેલા ૩૪ શ્રમિકો વતન જઈ શક્યા ન હતા. લોકડાઉનના કારણે વાહનવ્યવહાર બંધ હોવાથી કાછલ ગામમાં રહેવા માટે મજબૂર બન્યા હતાં. જેમની વ્હારે આવતાં મહુવા તાલુકા આદિવાસી પંચના યુવાનો, ગ્રામજનોએ શ્રમિકો માટે અનાજ, કરિયાણું, શાકભાજીની વ્યવસ્થા કરી છે. મહુવા અને તરકાણી, વહેવલ, મહુવરીયા, વલવાડા, કરચેલીયા, મોગરા, કાછલ, ગામના યુવાનો દ્વારા તેમની તમામ સારસંભાળ રાખવામાં આવી રહી છે. યુવાનોએ કોરોનાના વિકટ સમયમાં માનવતા મહેકાવી છે. સર એ શાકભાજી ભેગી કરી આપવામાં આવી

દસાડા-લખતરના ધારાસભ્યે CHCની મુલાકાત લઈ રૂ. ૧૦ લાખની ફાળવ્યા

પાટડી

કોરોનાના કહેરની વચ્ચે દસાડા-લખતર મત વિસ્તારના ધારાસભ્ય નૌશાદભાઈ સોલંકીએ પાટડી અને દસાડા સીએચસી માટે રૂ. ૩-૩ લાખ અને લખતર અને રાણાગઢ સીએચસી માટે રૂ. ૨-૨ મળી કુલ રૂ. ૧૦ લાખની ફાળવણી કરીહતી. ત્યારબાદ બુધવારે ધારાસભ્ય નૌશાદભાઈ સોલંકીએ વિક્રમભાઈ રબારી, ફારૂકખાનજી મલિક અને વિનોદભાઈ પટેલ સહિતના કોંગ્રેસી કાર્યકરો સાથે પાટડી અને દસાડા સામુહિક આરોગ્ય કેન્દ્રો અને ખેરવા,બજાણા અને ખારાઘોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની રૂબરૂ મુલાકાત લઈ ડોકટરો અને મેડીકલ ઓફિસરો સાથે કોરોના વાયરસની અસરોના પગલે સવિસ્તૃત ચર્ચા વિચારણા કરી માહિતી મેળવી સુચનો કર્યા હતા.

કોરોના સામેની લડાઈમાં સુરસાગર ડેરી દ્વારા CM રાહત ફંડમાં ૫૧ લાખનું દાન

લીંબડી

વૈશ્વિક મહામારી કોરોના વાયરસે ૨૦૦ દેશોને પોતાના ભરડામાં લઈ લીધા છે. ગુજરાતમાં તા.૫ એપ્રિલે સાંજે ૬:૦૦ વાગ્યા સુધી કોવીડ-૧૯ના ૧૨૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. કોરોના વાયરસને કારણે ૧૧ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. લોકોની સુરક્ષા માટે રાજય સરકાર, આરોગ્ય અને પોલીસ તંત્ર ખડેપગે સેવા આપી રહ્યા છે.

કોરોના વાયરસની જીવલેણ મહામારી સામે નાણાકીય અછત ઊભી ન થાય તે માટે ધાર્મિક સંસ્થાઓ, જાગૃત નાગરિકો, સરકારી કર્મીઓ આગળ આવી રહ્યા છે. ઝાલાવાડની દૂધગંગા એવી સુરસાગર ડેરી વઢવાણ અને તેની સંલગ્ન દૂધ સહકારી મંડળીઓ દ્વારા કોવીડ-૧૯ સામે લડવા રાજય સરકારને રૂ. ૫૧લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

સુરસાગર ડેરી ચેરમેન બાબાભાઈ ભરવાડે સીએમ રાહત ફંડમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ૫૧ લાખનો ચેક અર્પણ કર્યો હતો . આ પ્રસંગે તેમની સાથે પૂર્વ મંત્રી કિરીટસિંહ રાણા, જીલ્લા ભાજપ પ્રમુખ દિલીપભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી જગદીશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યાં હતા.

લોકડાઉન દરમ્યાન આણંદ BAPS દ્વારા એક લાખ લાભાર્થીઓ માટે ભોજનની વ્યવસ્થા

આણંદ

કોરોનાના વૈશ્વિક પ્રકોપ વચ્ચે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા પૂજય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ભારત અને વિશ્વનાં અનેક કેન્દ્રોમાં કરોડોના ખર્ચે વિવિધ સ્તરે લોકસેવાઓ હાથ ધરવામાં આવી છે, જેમાં સંસ્થાના ૧૦૦૦ થી વધુ સંતો અને ૫૦૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા છે. રાહતકાર્યોના એ અવિરત દોર ઉપરાંત, બી.એ.પી.એસ. સંસ્થાએ આજે પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં પણ પોતાનું આર્થિક અનુદાન અર્પણ કર્યું છે. લોકડાઉન દરમ્યાન કુલ એક લાખ લાભાર્થીઓ માટે ગરમ ભોજનની વ્યવસ્થા અને ફૂડપેકેટનું વિતરણ કરવામાં આવશે. દરરોજ આ રીતે હજારો લાભાર્થીઓ સુધી પહોંચીને બી.એ.પી.એસ. સંસ્થા તેમની આંતરડી ઠારેછે. આ ઉપરાંત કુલ પાંચ લાખ ભોજન થાળી માટે પર્યાપ્ત થઈ રહે તેટલાં ૬૦ ટન લીલાં શાકભાજીનું સ્વચ્છતાનાં ધોરણોનું ગંભીરતાથી પાલન કરીને વિતરણ કરાઈ રહ્યું છે. રોજ ૨૪૦૦૦ ભોજન થાળી માટે વિતરણ કરાતાં આ તાજાં શાકભાજીમાં રીંગણ, દુધી, કોબીજ, ફલાવર, બટાટા, ટામેટાં, મરચાં, આદુ, લીંબુ વગેરેનો સમાવેશ થાય છે. તેમજ કુલ ૧૦,૦૦૦ પરિવારોને એક મહિના સુધી ચાલે તેવી રાશનકીટ તૈયાર કરીને જરૂરીયાતમંદ લોકોને પહોંચાડાઈ, જેમાં લોટ, દાળ, ચોખા, તેલ, માસાલા, ગોળ વગેરેનો સમાવેશ થાય છે.

સલામ છે કોરોના વોરિયર પોલિસ જવાનને

એકતરફ પુત્ર જન્મની ખુશી, બીજી તરફ લોકડાઉનની વિકટ સ્થિતિમાં ફરજનિષ્ઠા

સુરતના સિંગણપોર પોલિસ સ્ટેશનના કોન્સ્ટેબલ જૈમિનદાન ગઢવી માટે પરિવાર પહેલા લોકોની સુરક્ષા મહત્વની

સુરત

સમગ્ર વિશ્વ કોરોના વાયરસ જેવી મહામારી સામે સંઘર્ષ કરી રહ્યું છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર પણ પૂરી તાકાત અને તૈયારી સાથે કોરોના સામે લડી રહ્યા છે. કોરોના સામેના જંગમાં લોકડાઉન એકમાત્ર અસરકારક ઉપાય હોવાથી લોકો પોતપોતાના ઘરમાં જ રહે એ માટે ગુજરાતનાં પોલીસકર્મીઓ ૨૪ કલાક ખડેપગે રહીને લોકડાઉનનું કડકપણે પાલન કરાવી રહ્યા છે. સંકટના આ સમયમાં સુરતના પોલીસકર્મીની ફરજનિષ્ઠાનો એક કિસ્સો જાણીને પોલિસના જવાનો પ્રત્યેની તમારી માન્યતા બદલાઈ જશે. પોતાના નિજી જીવન અને પારિવારિક વ્યવહારોનો વિચાર કર્યા વિના લોકોની સુરક્ષા અને લોકડાઉનના ચુસ્તપણે અમલ માટે કર્તવ્યરત આવા પોલિસ જવાનો સાચા કોરોના વોરિયર્સ છે.

મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના હેમુ ગઢવીના ઢાંકણીયા ગામના વતની ૨૭ વર્ષીય જૈમિનદાન ભરતદાન ગઢવી હાલ પોતાના ગામ અને ઘર-પરિવારથી દૂર રહી સુરતના સિંગણપોર પોલિસ સ્ટેશનમાં પોલિસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. વતનમાં તેમના પત્નીએ રામનવમીના પવિત્ર દિવસે સિઝેરિયન ડિલીવરીથી પુત્રને જન્મ આપ્યો હતો. હાલ કોરોનાની દહેશત વચ્ચે લોકડાઉનના અમલ માટે રાતદિન ફરજ નિભાવી રહેલા જૈમિનદાનને પુત્રજન્મના સમાચાર મળતાં તેમની ખુશીઓનો પાર રહ્યો ન હતો. આવા ખુશીના પ્રસંગે સ્વાભાવિકપણે કોઈ પણ પિતાની નવજાત પુત્ર અને પત્નીની દેખરેખ, સારસંભાળ માટે હાજરી હોવી જરૂરી હોય છે. પરંતુ પુત્રજન્મની ખુશીના પ્રસંગનો વિચાર કર્યા વિના માત્ર દેશહિતને તેમણે મહત્વ આપ્યું છે.

તા.૨જી એપ્રિલના રોજ રામનવમીના દિવસે રાત્રે ૧૦.૩૦ વાગ્યે હોસ્પિટલથી તેમના સાસુએ સૌપ્રથમ ફોન કરી પુત્રજન્મના સમાચાર આપ્યાં ત્યારે જૈમિનદાન ડભોલી-જહાંગીરપુરા ફ્લાયઓવર બ્રિજના પોઈન્ટ પર ઓન ડ્યુટી હતા. એ સમયે તેમણે દીકરાનું મુખ વિડિયો કોલ દ્વારા જોયું હતું. ગામથી ૪૦૦ કિ.મી. દૂર વોટ્સએપ કોલથી પોતાના વહાલસોયા દીકરાને પ્રથમ વખત જોઈને તેમણે માતા-પિતા સાથે વાત કરી પત્ની અને દીકરાના ખબરઅંતર પૂછ્યા બાદ તરત જ ફરજ પર પ્રવૃત્ત થઈ ગયા હતા. લોકડાઉન સમયે લોકોને ઘરમાં સુરક્ષિત રહેવા અને બહાર ન નીકળવા માટે પોલિસ તંત્ર દ્વારા અપીલ કરાઈ રહી છે, ત્યારે ઘરથી દૂર રહેલા આ પોલિસ જવાન પત્નીની પ્રસુતિની વેદના, હોસ્પિટલનું રોકાણ તેમજ પારિવારિક ફરજ અને પુત્રજન્મની ખુશી ભૂલીને લોકોની સુરક્ષા અને કાયદાના અમલ માટે અવિરત ફરજ નિભાવી રહ્યા છે. પત્ની ગર્ભવતી હોવા છતાં પણ ફિકર કર્યા વગર જનતાના હિત અને કાયદાના પાલન માટે જૈમિનદાન ઉપરી અધિકારીઓ પાસે રજા માંગવા માટે પણ ગયા ન હતા.

કર્તવ્યભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડનારા શ્રી જૈમિનદાન ગઢવીએ જણાવ્યું હતું કે, કોરોના સામેની લડાઈમાં લોકડાઉનની પરિસ્થિતિ દરમિયાન પોલીસકર્મીઓની ભૂમિકા સૌથી અગત્યની હોય છે. આપણા રાજ્ય અને દેશ પર સંકટનો ઓછાયો હોય ત્યારે લોકોની સુરક્ષા અને કાયદાના પાલન માટે ખડેપગે રહેવું એ અમારૂં પ્રથમ કર્તવ્ય છે. આવા સંજોગોમાં પારિવારિક પ્રસંગો, સામાજિક ફરજો અમારા માટે ગૌણ બની જાય છે. જીવ જોખમમાં મૂકીને પણ લોકોની રક્ષા કરવી એ અમારી નૈતિક ફરજ છે. મારે ત્યાં પુત્રરત્નનો જન્મ થયો એ આનંદની વાત છે, કારણ કે મારૂ આ પ્રથમ સંતાન છે. પરંતુ સમાજના આરોગ્યમય ભવિષ્ય, દેશહિત અને કોરોનાના ભય વચ્ચે પણ લોકોની સલામતી જળવાઈ રહે એ માટે લોકડાઉનનું કડક પાલન કરાવવું એ મારી પ્રાથમિકતા છે એમ જણાવી જ્યારે લોકડાઉન પૂર્ણ થશે અને પોલિસ વિભાગની પરવાનગી મળશે ત્યારે જ ઘરે જઈશ એમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે, કોરોનાને ફેલાતો અટકાવવા લોકો ઘરમાં જ રહે તે ખુબ જરૂરી છે. દેશના હજારો ડોક્ટરો, નર્સ, મેડિકલ સ્ટાફ, પોલિસ જવાનો અને આરોગ્યકર્મીઓ કોરોના સામેની લડાઈના યોદ્ધાઓ છે, જે ઘરમાં નહીં, ઘરની બહાર રહીને કોરોના વાયરસનો મુકાબલો કરી રહ્યા છે. અમે ત્યારે જ સુરક્ષિત ઘરે જઈ શકીશું, જયારે લોકો ઘરમાં રહેશે. હાલ લોકો પરિવાર સાથે ઘરમાં રહે એ જ સાચી રાષ્ટ્રભક્તિ છે.

જૈમિનદાન વર્ષ ૨૦૧૭માં પોલિસ વિભાગમાં પોલિસ કોન્સ્ટેબલ તરીકે ભરતી થયા હતા. પ્રથમ પોસ્ટિંગ આણંદ ખાતે આપવામાં આવ્યું હતું, ત્યારબાદ સુરતમાં ટ્રાન્સફર થઈને સિંગણપોર પોલિસ સ્ટેશન ખાતે ફરજ પર હાજર થયાને એક મહિનો જ થયો છે. વતનમાં તેમના પિતા ખેતી સાથે સંકળાયેલા છે. તેમનો નાનો ભાઈ અમરેલી આર.ટી.ઓ.માં ફરજ બજાવે છે.

લોકડાઉન શરૂ થયું ત્યારથી જ અહર્નિશ ફરજ બજાવતા પોલિસના જવાનોનો જુસ્સો વધારવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી પણ સી. એમ. ડેશ બોર્ડના માધ્યમથી પોલિસકર્મીઓ સાથે સંવાદ કરી તેમના કામની સરાહના કરે છે. ગુજરાતની જનતા સલામ કરે છે આવા કોરોના વોરિયર્સને જેઓ પરિવાર પહેલા ફરજને પ્રાધાન્ય આપે છે. સાથોસાથ જૈમિનદાનનો નવજાત પુત્ર મોટો થઈને તેના જન્મ સમયની દાસ્તાન પિતાના મુખેથી સાંભળશે ત્યારે પુત્ર પણ ગૌરવ લેશે કે પિતાએ કોરોનાની વિકટ પરિસ્થિતિમાં પણ પોતાની ફરજને પ્રાધાન્ય આપ્યું હતું.

દીપ જલાઓ અભિયાનઃ દેશની સાથે પાટણ વાસીઓએ પણ સુર પુરાવ્યો

પાટણ

કોરોના વાયરસનાં અંધકાર સામે કરવા માટે પ્રકાશ પૂંજ પ્રજ્વલિત કરવા માટે અને તેના દ્વારા ઊર્જા શક્તિનું તેજ પેદા કરીને તેની આધ્યાત્મિક દિવ્ય તાકાત ઉભો કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાકલ અને અપીલને સમગ્ર દેશની સાથે પાટણ વાસીઓએ પણ સુર પુરાવ્યો હતો અને ૯ કલાકથી ૯:૦૯ સુધી ૯ મિનિટ માટે લાઈટ બંધ રાખી રાત્રિના અંધકારમાં ઘરે ઘરે દીપ જ્યોતિ મોબાઈલની ફેશલાઈટ, મીણબત્તી પ્રજવલિત કરતા એકસાથે લાખો દીવડાઓથી દિવ્ય વાતાવરણ સર્જાયું હતું. શહેરના હાઈવે વિસ્તારની સોસાયટીઓમાં તેમજ શહેરના મહોલ્લા પોળોમાં પણ દિવ્ય જ્યોત શક્તિ ના દર્શન થયા હતા. આ પ્રસંગે શહેરના લોકોએ ફટાકડા ફોડી આતશબાજી કરી તેમજ શંખનાદ કરીને પણ કોરોના સામેની લડાઈમાં તેઓ દેશની સાથે તેઓની પ્રતીતિ કરાવી હતી. કોરોના રૂપી અંધકારને દૂર કરવા એકજુટ થઈ સંઘે શક્તિ યુગે યુગેનો એહસાસ કરાવ્યો હતો. પાટણના પંચાસરા જિનાલય પાસે સ્થિત ત્રિસ્તુતીક જૈન ઉપાશ્રયમાં વ્યવસ્થા સંભાળતા પીન્ટુભાઈ અને શૈલેષભાઈ મોદી દ્વારા ૯ :૦૯ કલાકે દિપક પ્રગટાવવામાં આવ્યા હતા. દિપક સજાવટ કોરોના વાયરસના નિયંત્રણ માટે ચાલતા લોકડાઉનની થીમ ઉપર દિપક પ્રગટાવવામાં આવ્યા હતા. દિપકની થીમના ફોટા તેમજ વિડીયો સોશિયલ મિડિયા પર વાયરલ થતા આકર્ષકનુ કેન્દ્ર રહ્યા હતા.

રાણપુરના ગુદા ગામના ડેમમાં પાણી પીધા બાદ ૬૩ પક્ષીના મોત, હાથ ધરાઈ કાર્યવાહી

રાણપુર

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ગુંદા ગામના ડેમમાં રવિવારના રોજ રાત્રે પક્ષીઓના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. મોટી સંખ્યામાં પક્ષીઓના મૃત્યુ થવાથી પક્ષી પ્રેમીઓમાં ગમગીની પ્રસરી ગઈ હતી. આ બનાવની જાણ થતા રાજસંદીપ ડી.સી.એફ. બોટાદ, અનોપસિંહ ડોડીયા ઈ.આર.એફ.ઓ.રાણપુર, વિક્રમભાઈ ગઢવી માનદ વન સંરક્ષક સહિતનો ફોરેસ્ટ સ્ટાફ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં દોડી જઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ગુંદા ગામના ડેમ પાસે રવિવારના રોજ રાત્રે ડેમ ઉપર પાણી પીવા માટે આવેલા પક્ષીઓ પૈકી ૬૩ પક્ષીઓના મતદેહ મળી આવતા ગ્રામજનો દ્વારા ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવતા ફોરેસ્ટ વિભાગની ટીમ દ્વારા પક્ષીઓના મૃતદેહને પી.એમ.કરાવવા માટે રાણપુર ખસેડવામાં આવ્યા હતા. ગુંદા ગામના ડેમ પાસે ૬૩ પક્ષીઓના મૃત્યુમાં કાકણસર પક્ષી ૫૯, કીલીયાળી બતક-૨, ગડેરો-૧, મકટો-૧ મળી કુલ ૬૩ પક્ષીઓના કરુણ મોત નીપજયા હતા. પક્ષીઓના મૃતદેહ મળી આવતા ફોરેસ્ટ વિભાગ દ્વારા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી ગીરનારી નર્સરી, રાણપુર ખાતે રાણપુર, લાઠીદડ, બોટાદના વેટરનીટી ડોક્ટર દ્વારા પેનલ પી.એમ. કરવામાં આવ્યું હતું. પક્ષીઓના મૃત્યુ ગ્રેન એન્ગોર્જમેન્ટ તેમજ એન્ટરાઈટીસ દ્વારા થયું હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. જયારે મૃતક પક્ષીઓના દેહની દફનવિધિ રાણપુર ખાતે કરવામાં આવી હતી. ગુંદા ગામે મોટી સંખ્યામાં પક્ષીઓના મૃત્યુ થવાના કારણે પક્ષી પ્રેમીઓમાં ગમગીની પ્રસરી ગઈ હતી.

આણંદના ભાલેજની જૂની મસ્જિદમાં તબલીગી જમાતના ૧૧ લોકો રોકાયાનો ઘટસ્ફોટ

આણંદ

ઉમરેઠ તાલુકાના ભાલેજ ગામે તબલીકી સમાજનો ધર્મપ્રચારનો કાર્યક્રમ ૧૯મી માર્ચથી રાખવામાં આવ્યો હતો. જેમાં મહારાષ્ટ્રના સોલાપુરથી ૧૧ જણાં આવ્યા હતા અને રોકાયા હતા. જો કે ત્યારબાદ લોકડાઉન જાહેર કરાયું હતું. તેઓ ઘણા દિવસ સુધી ભાલેજમાં રોકાયા હોવા છતાં મસ્જિદના પ્રમુખ કે અન્ય કોઈ આગેવાન દ્વારા આ અંગેની જાણ તલાટી કે મામલદાર કચેરીને કરાઈ નહોતી. ત્યારે બીજી તરફ ૧૧ જણાં મસ્જિદમાં રોકાયા બાબતની જાણ તલાટીને પોલીસ દ્વારા થતાં તેમણે મસ્જિદના પ્રમુખને સમગ્ર મામલે નોટિસ પાઠવી હતી. ભાલેજ ગામમાં તબલીકી સમાજની વસ્તી વધુ છે. અવારનવાર તબલીકી સમાજના ધર્મપ્રચાર માટે ભાલેજ ગામે કાર્યક્રમ રાખવામાં આવેછે. ગત ૧૯મી માર્ચે ભાલેજ જૂની મસ્જિદમાં તબલીકી જમાતનો એક ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જૂની મસ્જિદમાં મહારાષ્ટ્રના સોલાપુરથી ૧૧ લોકો ધાર્મિક કાર્યક્રમમાં આવ્યા હતા અને રોકાયા હતા. ભાલેજ પોલીસ દ્વારા આ અંગેની જાણ તલાટીને કરાઈ હતી. જેને પગલે તલાટી દ્વારા મસ્જિદના પ્રમુખ મહેમુદમિયા ઠાકોરને નોટીસ પાઠવીને તેમનો જવાબ માગ્યો હતો. આ અંગે વાત કરતા ભાલેજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. જે. જોડેજાએ જણાવ્યું હતું કે, તેઓ આણંદમાં ગત ડિસેમ્બરમાં આવ્યા હતા. જેની જાણ એ સમયે આણંદ ટાઉન પોલીસને કરાઈ હતી. દરમિયાન એ સમયે લોકડાઉનની કોઈ સ્થિતિ નહોતી. તબલીકી સમાજનો વિવાદ થોડાં દિવસ અગાઉ આવ્યો હતો. પરંતુ એ પહેલાં જ તંત્ર દ્વારા અમને જાણ કરાતા અમારા દ્વારા આરોગ્યની ટીમને સાથે રાખીને મસ્જિદમાં રોકાયેલા તમામના મેડીકલ ચેક અપ દરરોજ કરાયા હતા. તેમણે તલાટીને જાણ કરવાની હતી, પરંતુ તેઓએ તે જાણ તેમને ન કરતા અને તલાટીને તેની જાણ અમારા દ્વારા થતા તેમને નોટિસ આપી ખુલાસો માંગ્યો છે.

કોરોનાની સૌથી વધુ અસર સ્ટેજ પર અભિનય કરતા કલાકારોને

ચેમ્બર દ્વારા વેબીનારમાં જાણીતા કલાકાર દર્શન જરીવાલા સાથે વિચાર ગોષ્ટી યોજાઈ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગઈકાલે સાંજે ૫:૦૦ કલાકે ફિલ્મો અને નાટકોના વિખ્યાત અભિનેતા શ્રી દર્શન જરીવાલા સાથે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં તેમણે હાલમાં કોરોનાની સૌથી મોટી અસર સ્ટેજ ઉપર અભિનય કરતા કલાકારો ઉપર પડી હોવાનુ જણાવ્યુ હતુ. ગુજરાતી નાટકોની સ્થિતિને સુધારવા માટે પેશનવાળા પ્રોડયુસરની જરૂર હોવાની ટકોર કરી નેપોટીઝમ વિશે પોતાનુ મંતવ્ય રજૂ કરતાની સાથે તેમણે ફિલ્મ તેમજ નાટય જગતની ખૂબ જ રસપ્રદ વાતો વાગોળી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનની સ્થિતિમાં વેબીનાર થકી ચેમ્બરના સભ્યો તેમજ ઉદ્યોગકારોને વિવિધ વિષયોની માહિતી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. જેના ભાગરૂપે આજરોજ ફિલ્મ જગત તેમજ નાટય જગત સાથે સંકળાયેલી હસ્તી એવા અભિનેતા શ્રી દર્શન જરીવાલા સાથે વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

અભિનેતા શ્રી દર્શન જરીવાલાએ જણાવ્યુ હતુ કે, આમ તો લોકડાઉનની અસર બધાને જ થઈ છે પણ સૌથી વધુ અસર એવા લોકોને થઈ છે કે જેઓને લોકોના ટોળાં વચ્ચે જઈને કામ કરવાનું હોય છે. ભલે એ નાટય જગતના હોય, નૃત્યની દુનિયાના હોય, સંગિતકાર હોય કે ગાયક એવા લોકોને ઓડિયન્સની વચ્ચે જઈને જ કામ કરવાનું હોય છે. અમે સ્ટેજ પર હોઈએ ત્યારે સામે ૫૦૦ પ્રેક્ષકો બેસેલા હોય અને તેઓ અમને પ્રતિભાવ આપે, જેને કારણે જે ભજવાઈ રહયુ હોય તે પણ ઘડાતું જાય છે. જેમાં પહેલાથી નકકી કરેલુ નાટક ભલે હોય પણ પર્ફોમન્સ વખતે ઓડિયન્સના રિસ્પોન્સને કારણે કલાકારોને હોપ મળતી હોય છે. સ્ટેજ ઉપર અભિનય કરતા કલાકારો ઉપર સૌથી મોટી અસર પડી છે.

હું એક સ્ટેજના કલાકાર તરીકે સ્ટેજ પર પણ અભિનય કરુ છુ. આપણે બધા જ ઓછાવત્તા અંશે અભિનેતા છીએ. રોજિંદા જીવનમાં ઘણા બધા લોકો સાથે નેગોશિએટ કરવું પડે છે તેમાં પણ અભિનય છુપાયેલો હોય છે. કારણ કે આપણે બધાની સાથે એકસરખી નહી પણ જુદી–જુદી રીતે વાત કરતા હોય છે, જે પણ એક અભિનય જ છે. આપણા જીવનમાં વાર્તાઓનું બહુ જ મહત્વ છે. સુક્ષ્મ રીતે આપના મનમાં વાર્તા ચાલતી જ હોય છે. લોકડાઉનની પરિસ્થિતિમાં જુદા પ્રકારનો અભિનય કરવાનો વારો આવ્યો છે. ક્રિએટીવિટી ભલે એ જ છે પણ એના ઓપ્શન્સ જુદા–જુદા છે.

તેમણે જણાવ્યુ હતુ કે, બોલાયેલી ભાષા અને પાના પર લખાયેલી ભાષા એ બંને વચ્ચે જીવન – મરણ વચ્ચેનો ફરક છે. એક અભિનેતા, અભિનયની મર્યાદાઓથી બહાર જઈને નાટક લખે છે. પણ મોટાભાગે સ્ટેજની મર્યાદાને ધ્યાનમાં રાખીને નાટકો લખાતા હોય છે. આ મર્યાદા તોડીને નાટક લખાશે તો મારા મુજબ એ સૌથી વધારે સારુ લખી શકાશે. લોકો મોટાભાગે મને સ્ટાઈલના પ્રિન્સીપાલ તરીકે ઓળખે છે, ઘણા લોકો મને નરસિંહ મહેતાથી ઓળખે છે. ગાંધીના પાત્રમાં દર્શન જરીવાલા દેખાય જ નહી તે જ મહત્વનું હોય છે. જાતની બાદબાકી કરી પાત્રનું સત્ય શું છે તે ઉભું કરવાના બધા જ પ્રયત્નો કરતો હોવુ છુ.

તેમણે કહયુ કે, માણસમાં કોઈ ઈગો હોય તો જ એ કિએટીવિટી કરી શકે છે. વ્યકિત વિશેની કોન્શીયસનેસ બાજુમાં મુકીને પાત્રને આગળ મુકીને ચાલવુ જોઈએ. સ્ટેજ પર બધા અભિનેતામાં સ્વીકૃતિ હોય છે કારણ કે એ ટીમ વર્કનું કામ હોય છે. રમુજમાં એકબીજાની ટાંટીયાખેંચ ચાલતી હોય છે પણ એની અસર કોઈ દિવસ સ્ટેજ પર નહી થવી જોઈએ. તમે જયારે સ્ટેજ પર હોવ ત્યારે નિર્જન ટાપુ પર હોવ તેમ માનીને તમારા અને નાટકના પાત્ર વચ્ચે કંઈ જ ન આવવુ જોઈએ. બીજી બધી બાબતો સ્પર્શશે નહીં ત્યારે જ તમે તમારા પાત્રને વફાદાર રહી શકો. મારા મતે અભિનેતાએ પાત્રમાં જ રચ્યાપચ્યા રહેવુ જોઈએ.

તેમણે અભિનેતા શ્રી પરેશ રાવલ અને શ્રી શરમન જોશીની સાથે ફિલ્મોમાં તેમજ નાટકોમાં કામ કરવાનો પોતાનો અનુભવ પણ વર્ણવ્યો હતો. આ લોકોએ મને સ્ટેજ અને ફિલ્મ જેવી યાદગાર ક્ષણો ભેટ આપી હોવાનુ જણાવ્યુ હતુ. તેમણે કહયુ કે, શ્રી પરેશ રાવલ અને શ્રી નસીરૂદ્દીન શાહ જેવા બે – ચાર જણાંને એકટીગમાં હુ બાપ માનુ છુ. 'બે યાર'મારી માનીતી ફિલ્મ છે. અભિષેક જૈન પાસેથી સામેથી ચાલીને મે પાત્ર માગ્યુ હતુ. એમના મનમાં જુદુ પાત્ર હતુ પણ મે આખી સ્કીપ્ટ વાંચીને પાત્રની માંગ કરી હતી. ખૂબ જ સરસ રોલ હતો. એક સીનમાં ચિત્ર બનાવીને આપે ત્યારે મિત્ર વિશે વાત કરે છે અને યાદોમાં સરી પડીને વાત કરે છે એ ક્ષણ મને ખૂબ જ ગમ્યો હતો. એમાં દિકરા સાથેનો બીજો એક કોમેડી સીન પણ બહુ જ ગમ્યો હતો.

ફિલ્મ જગતના મહાનાયક શ્રી અમિતાભ બચ્ચન વિશેનો અનુભવ વ્યકત કરતા તેમણે જણાવ્યુ કે, બચ્ચન સાહેબ એટલે હિમાલયન મેન. તેમની સાથે કામ કરો એટલે એકટીંગનો કોર્ષ શીખી જવાનો મોકો મળી જાય છે. તેમની સાથે કામ કરતા હોવ ત્યારે દરરોજ સાત વાગ્યે ઉઠતા હોવ તો આપોઆપ પાંચ વાગ્યે ઉઠી જશો. કેટલાક લોકો ઘણા હંબલ હોવાનો ડોળ કરતા હોય છે પણ આ એક માણસ એવો મળ્યો કે ખરેખર હંબલ છે. એટલા ડાઉન ટુ અર્થ છે કે તેમને હંબલ થવાની જરૂર નથી પણ એ તેમની મહાનતા છે. તેઓ ઈનકેડીબલ હયુમન બિઈંગ છે.

તેમણે જણાવ્યુ હતુ કે, નાટકમાં કામ કરવા માટે કોઈ કલાસની જરૂર નહી પડે. કામ જ કામને શીખવે છે એવુ મારુ માનવુ છુ. ટેલેન્ટ અને હુનર હોય તો તમે કરી શકો છો. તમારુ શરીર, તમારો અવાજ અને ટોટલ ફિઝીયોનોમી એ બધાને તમે વિકસાવો તો તમને ફાયદો થાય ખરો. અભિનયની કોઈ માર્કશીટ નથી. સ્ટેજ પર અભિનય કરવો એ ચેલેન્જીંગ બાબત છે. જો કદાચ તમને કશે જઈને એકટીંગ શીખવાની ઈચ્છા થાય તો તમારે એવુ કરવુ જોઈએ. ભારતમાં એવી કોઈ વિશ્વસનીય સંસ્થા મને દેખાતી નથી. લંડનમાં શીખવનારા લોકો છે કે જે માત્ર એકટીંગ શીખવવા માટે જ એકટીંગ કરે છે. એના માટે શિષ્યવૃત્તિ રાખો, જયાંથી શીખવા મળે છે એને ગ્રહણ કરો. નાટકો જોવાનું રાખો, જેથી ખ્યાલ આવશે કે એકટીંગમાં શું કરવુ જોઈએ અને શું ન કરવુ જોઈએ.

લંડન વિશેનો અનુભવ વાગોળતા તેમણે જણાવ્યુ હતુ કે, લંડનમાં ખૂબ જ પ્રોફેશનલ લોકો છે. દરેક યુનિટ સાથે સંકળાયેલા લોકો બધા પોતપોતાની બાબતોમાં જ પડયાપાથર્યા રહે છે. પોતાનું કામ શ્રેષ્ઠ કઈ રીતે કરવું છે તેનામાં જ ધ્યાન આપે છે. આપણા કરતા એ લોકોની કામ કરવાની પ્રવૃત્તિ ઘણી જુદી છે. એ લોકો ખૂબ જ શિસ્તબદ્ધ પદ્ધતિથી કામ કરે છે. લંડનનો અનુભવ ખૂબ જ જુદો અને સમૃદ્ધ કરી નાંખે એવો અનુભવ રહયો છે.

નેપોટીઝમ વિશે તેમણે કહયુ કે, નેપોટીઝમનું અસ્તિત્વ છે ખરું. ખાસ કરીને ફિલ્મોમાં કોણ કોણે કેવી રીતે ઓળખે છે તેના પર આધાર રાખે છે. ફિલ્મો તેમજ નાટકોમાં કાસ્ટીગ ખૂબ જ ગ્રેટ બાબત છે. હવે નેપોટીઝમ ઓછુ થવા લાગ્યુ છુ. કારણ કે કેટલાક લોકોને હવે શ્રેષ્ઠ જ જોઈએ છે. એને કારણે સરસ કાસ્ટીગ થતુ હોય છે. કેટલાક નિર્દેશકો ઘણા વખતથી જોવાતા અભિનેતાને સાવ જુદા જ અભિનયમાં લઈ આવતા હોય છે. દસ – વીસ વર્ષ પહેલાં જેટલુ નેપોટીઝમ હતુ તેટલુ હવે રહયુ નથી.

મુખ્યમંત્રી રાહત નિધિમાં રૂ. એક લાખની સહાય

નવસારી

કોરોના વાયરસની મહામારીને પગલે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉદાર હાથે યોગદાન આપવાની અપીલને ધ્યાને લઈ ૧૭૬-ગણદેવીના ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલે આગામી વર્ષ ૨૦૨૦-૨૧ ની ગ્રાન્ટમાંથી રૂ.૨૫ લાખ ગુજરાત હેલ્થકેર સોસાયટીમાં ફાળવી આપ્યા છે તેમજ રૂ. એક લાખનો ચેક મુખ્યમંત્રી રાહત નિધિમાં આપવામાં આવ્યો છે. કોરોના સામેની લડાઈમાં પ્રજા હિતમાં સરકારના પ્રયાસોમાં સહભાગી થઈને વૈશ્વિક મહામારી કોરોના વાયરસથી અસરગ્રસ્તોને મદદ માટે ફાળો આપવાની વાતને એકસૂરે સ્વીકારવામાં આવી હોવાનું ધારાસભ્યશ્રી પટેલે જણાવ્યું હતું.

સાપુતારા નોટીફાઈડ એરિયામાં અનાજની કીટનું વિતરણ કરાયું

આહવા

કોરોના વાઈરસના કારણે સરકારશ્રી દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવતા ડાંગના સાપુતારા તળેટીના ૪ જેટલા ગામોમાં નોટીફાઈડ એરિયા ના ઈજારદાર દ્વારા અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો સોનુનિયા ગામથી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ઈજારદાર શ્રી અર્જુનભાઈ કે.ગવળીએ જણાવ્યું હતું કે ગિરિમથક સાપુતારા તળેટીની આજુબાજુના વિસ્તાર ધરાવતા ગામો કે જ્યાંથી લોકો સાપુતારા ખાતે મજૂરી,કામધંધો કે ખેતી પર નિર્ભર છે. હાલમાં લોકોને પડતી મુશ્કેલીઓને દુર કરવા માટે આજે આજે આ ગરીબ લોકો માટે અનાજની કીટ વિતરણ કરવામાં આવી છે. જેમાં સોનુનિયા-૫૨, ગોટિયામાળ-૫૦,બરમ્યાવડ-૪૮ અને ગુંદિયા ગામમાં ૨૫ કીટ આપવામાં આવી છે.

લોકોને અપાતી આ કીટમાં ૫ કિ.ગ્રા.ચોખા,૧ કિ.ગ્રા. તુવરદાળ,તેલ ૧ કિ.ગ્રા.,ડુંગળી-બટાકા-૧-૧ કિ.ગ્રા. અને ૧ કિ.ગ્રા. ખાંડ આપવામાં આવી હતી.

અંકલેશ્વર હ્યુમન એઈડ ટ્રસ્ટ દ્વારા મધ્યમ વર્ગના લોકોને કીટ વિતરણ

અંકલેશ્વર

સમગ્ર અંકલેશ્વર શહેરમાં અનેક સ્વયંસેવી સંસ્થાઓ જ્યારે જરુરિયાતમંદો માટે કાર્યરત છે ત્યારે અંકલેશ્વર હ્યુમન એઈડ ટ્રસ્ટના સૌજન્યથી મધ્યમ વર્ગીય પરિવારોને જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે અંકલેશ્વર હ્યુમન એઈડ ટ્રસ્ટ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે તો સંકળાયેલું છે અને અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ઘણા વર્ષોથી સફળતાપૂર્વક ચાલી રહી છે. જેમાં નાત જાતના ભેદભાવ વગર ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. ત્યારે સામાજિક ક્ષેત્રે પણ આ ટ્રસ્ટ દ્વારા ઉત્તમ કામગીરી બજાવવામાં આવી રહી છે. આજે જ્યારે ખરેખર મધ્યમ વર્ગના કેટલાય પરિવારો એવા છે કે જેઓ પોતાના દુઃખ દર્દ છુપાવીને હાથ લંબાવી નથી શકતા. ત્યારે આવા પરિવારોને ઘરે-ઘરે મદદ પહોંચાડવાનું કામ આ ટ્રસ્ટ દ્વારા ઉઠાવવામાં આવ્યું છે.

આ અંગે અંકલેશ્વર હ્યુમન એઈડ ટ્રસ્ટના ટ્રસ્ટી નાઝુ ફડવાલાએ જણાવ્યું હતું કે ગરીબ પરિવારોને પણ મદદ પહોંચી રહી છે અને ઉચ્ચ વર્ગીય લોકોને પણ તકલીફ નથી પડી રહી. પરંતુ ખરેખર મધ્યમ વર્ગીય પરિવારો જેને કહેવાય એ લોકો અનેક તકલીફોથી પીડાઈ રહ્યા છે અને મદદની જરૂર છે. ત્યારે અમે એવા પરિવારની વહારે આવ્યા છીએ. આગામી દિવસોમાં પણ અમે આવા પરિવારોને ઘરે-ઘરે મદદ પહોંચાડવા માટે કટિબદ્ધ છીએ. આ કિટ વિતરણમાં ઉપસ્થિત માં વિંધ્યવાસિની ચેરીટેબલ ટ્રસ્ટના જે. જે. શુક્લાએ જણાવ્યું હતું કે અંકલેશ્વર હ્યુમન એઈડ ટ્રસ્ટની કામગીરી ખરેખર ઉત્તમ છે. આ પરિસ્થિતિ સૌ માટે કપરી છે પરંતુ એકમેકના સાથ અને સહયોગથી આ કપરી પરિસ્થિતિમાં પણ સામનો કરી શકાશે.

નવસારી સ્વામિનારાયણ મંદિર દ્વારા દરિદ્રનારાયણોની અવિરત સેવા

કોરોના વાયરસની સામે ધાર્મિક સંસ્થાઓની સરાહનીય સેવાકીય કામગીરી

નવસારી

કોરોના વાઈરસની મહામારીના કારણે ઊભી થયેલી મુશ્કેલ પરિસ્થિતિમાં નવસારીમાં આવેલી ઝૂંપડપટ્ટીના શ્રમિકો, કામદારો, પરપ્રાંતીય લોકોને લોકડાઉનના સમયમાં ભોજન મળી રહે તે માટે જરૂરિયાતમંદ લોકોને ભોજન સુવિધા પૂરી પાડવા શ્રી સ્વામીનારાયણ મંદિર, ગ્રીડ રોડ, નવસારી દ્વારા દરરોજ બે ટાઈમ હજારો લોકોને ભોજન પૂરૂ પાડવામાં આવે છે.

કોરોના વાયરસના સંક્રમણથી ઊભી થયેલી વિકટ પરિસ્થિતિના પગલે લોકડાઉન અમલી છે, ત્યારે આર્થિક રીતે નબળા વર્ગના ગરીબ લોકોની વ્હારે અનેક સામાજિક સંસ્થાઓ આવી છે, ત્યારે શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા સંકટ સમયે સહાયરૂપ થવાના આશયથી સંતશ્રી કોઠારીસ્વામીજીએ જણાવ્યું હતું કે, લોકડાઉનના સમયમાં મુશ્કેલી અનુભવનારા દરિદ્રનારાયણોને સહાયરૂપ થવા ૩૫૦ કીટો તૈયાર કરવામાં આવી. જેમાં પાંચ કિલો ઘઉંનો લોટ, પાંચ કિલો ચોખા, બે કિલો ખાંડ, ત્રણ કિલો તુવેર દાળ, એક કિલો કઠોળ, બે કિલો શાકભાજી રાખવામાં આવ્યા છે. આ સામગ્રીને સંતો તથા હરિભક્ત યુવાનોએ જાતે કીટોમાં ભરીને તૈયાર કરવામાં આવી છે. તૈયાર કરાયેલ કીટોનું અસરગ્રસ્ત વિસ્તારોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

તેમણે વધુમાં કહયું કે સ્વામી નારાયણ મંદિરના સંતો અને ઉત્સાહી યુવાનો આજે કોરોના વાયરસના કારણે સર્જાયેલા આપત્તિના સમયમાં સેવાનો હાથ લંબાવી રહયાં છે.

માલેગામ, જોગબારી ગામના લોકોને અનાજની કીટનું વિતરણ કરાયું

શિક્ષણ સમિતિ આહવા દ્વારા સેવા કાર્ય

આહવા

કોરોના વાઈરસના ના કારણે સમગ્ર દેશમાં ભારત સરકારશ્રી દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. આમ આ પરિસ્થિતિમાં નાના કુટુંબો તેમજ વિધવા,જમીન વિહોણા ખેતમજૂરો તેમજ એપીએલ-૧ હેઠળ આવતા કુટુંબો માટે ડાંગ જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા અનાજની કીટ અર્પણ કરવાનું નક્કી કરાયું હતું. સમગ્ર ડાંગ જિલ્લા ના ત્રણે તાલુકાઓમાં અંદાજીત કુલ ૪૦ હજાર જેટલી કીટ તૈયાર કરી ડાંગ કલેકટર શ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ બાકી રહેતા તમામ લોકોને કીટ આપવાનું સેવાકાર્ય ચાલુ છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એમ.સી.ભુસારાના નેતૃત્વ હેઠળ સમગ્ર ડાંગ જિલ્લામાં જુદા જુદા ગામે શિક્ષકો દ્વારા આપવામાં આવેલ અનાજની કીટ વિતરણ કરાઈ રહયું છે. જે પૈકી આજરોજ માલેગામ ખાતે ૨૦૦ કીટ અને જોગબારી ગામે ૧૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અનાજની આ કિટમાં ૫ કિ.ગ્રા.ચોખા,૧ કિ.ગ્રા. દાળ,૧ કિ.ગ્રા.તેલ,૧ કિ.ગ્રા.મીઠુ તેમજ ડુંગળી-બટાકા ૧-૧ કિ.ગ્રા.આપવામાં આવ્યા હતા.

અનાજકીટ વિતરણની વ્યવસ્થામાં માલેગામના જય અંબે મિત્ર મંડળના યુવાનોએ મદદ કરી હતી. કેળવણી નિરીક્ષક શ્રી નગીનભાઈ ડી.ભોયે,સી.આર.સી.દેવરામ બી.ઠાકરે ઉપસ્થિત રહયા હતા. સમગ્ર શિક્ષણ આલમ કોઈપણ કામમાં હંમેશા મોટુ યોગદાન આપે છે ત્યારે દેશમાં કોરોના ને કારણે ઉભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા સખાવતમાં પણ આગળ રહયું છે. શિક્ષણ વિભાગના ૨૫૦ જેટલા માધ્યમિક શિક્ષકો અને ૭૫૦ જેટલા પ્રાથમિક શિક્ષકો ભારે જહેમત ઉઠાવી ગરીબોને મદદ કરવા માટે રાત-દિવસ કામ કરી રહયા છે. સમગ્ર ડાંગ જિલ્લામાં એકપણ કુટુંબ કે વ્યક્તિ અનાજ વગર રહી ન જાય તેની સંપૂર્ણ તકેદારી રાખી સી.આર.સી., બી.આર.સી અને કેળવણી નિરીક્ષકો સાથે મળીને તમામ ગામોમાં અનાજ વિતરણ કામગીરી કરી રહયા છે. ખરેખર શિક્ષકોના આ કામને ખૂબ ખૂબ અભિનંદન.

સાપુતારા હોટલ એસો. લોક ડાઉનમાં ગ્રામજનોની મદદે

ગામડાઓમાં અનાજનું વિતરણ

સુરત

કોરોના વાઈરસના કારણે લોકડાઉન પરિસ્થિતિને ધ્યાને લેતા ડાંગ જિલ્લાના જરૂરિયાતમંદ લોકોને અનાજ-કરિયાણાની જીવન જરૂરિયાત ચીજ-વસ્તુઓ વિનામૂલ્યે આપવા માટે હોટલ એસોસિએશન,પેરાગ્લાઈડીંગ ટીમ અને સાપુતારા નોટીફાઈડ એરિયા તંત્ર વ્હારે આવ્યું હતું.

રાજયમાં એકમાત્ર ગિરિમથક ધરાવતા ડાંગ જિલ્લાનું સાપુતારા હાલ કોરોના વાઈરસ ઈફેક્ટને કારણે સંપૂર્ણ બંધ છે. ત્યારે હોટલ એસોસિએશન અને વહીવટી તંત્રનો ભાગ એવી નોટીફાઈડ એરિયા કચેરી દ્વારા ગરીબ અને નાના ધંધાર્થી લોકોને જીવન જરૂરિયાતની અનાજ-કરિયાણાની કીટ આપવામાં આવી હતી.હોટલ એસોસિએશન સેક્રેટરી શ્રી તુકારામ કરડીલેએ જણાવ્યું હતું કે અહી નવાગામ ખાતે રહેતા નાના ધંધાદારીઓ, લારી-ગલ્લાવાળા તથા ગરીબ અને જરૂરિયાતમંદ એવા લોકો કે જેમને અનાજ-કરિયાણાની આવશ્યકતા છે એવા ૨૦૦ લોકોને જુદા તારવીને આજરોજ અનાજકીટ આપવામાં આવી હતી. સાથે સાથે માલેગામ, બરડપાણી,જોગબારી જેવા ગામોના લોકોને પણ આવી કીટ આપવામાં આવી રહી છે.નવાગામ ખાતે આજરોજ આપવામાં આવેલ અનાજ-કરિયાણાની કીટ એકમેકથી અંતર રાખવાના નિયમનું પાલન કી તમામ લોકોના ઘરે-ઘરે પહોંચાડવામાં આવી હતી. સાથે સાથે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સેનીટાઈઝેશન કરી નવાગામને સપૂંર્ણ સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું. નવાગામ ખાતે મીડિયાના મિત્રોએ પણ સુંદર સહકાર આપી કીટ વિતરણ વ્યવસ્થાના સહભાગી બન્યા હતા. પેરાગ્લાઈડીંગના પ્રમુખ હરિરામભાઈ સાવંત, રામચંદ્રભાઈ, નોટીફાઈડ એરિયાના નિ.નાયબ મામલતદાર ગાવિત સહિત નવાગામ યુવક મંડળના સભ્યોએ મદદ કરી સમગ્ર વિતરણ વ્યવસ્થાને સુચારૂ રીતે પાર પાડી હતી.

વલસાણામાં મીલ કામદારોને ૧૦ હજાર અનાજની કિટનું વિતરણ

પલસાણા એનવાયરો પ્રોટેકેશન દ્વારા માનવીય સેવા યજ્ઞ

કડોદરા

પલસાણા તાલુકામાં મીલોના મજુરોને મદદરૂપ થવા પલસાણા એનવાયરો પ્રોટેકશન દ્વારા અંદાજે એક કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલ ૧૮ હજાર કીટમાંથી ૧૦ હજાર રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું પીઈપીએલના ચેરમેન વિપુલભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

પલસાણા તાલુકામાં આવેલ અંદાજે ૪૦૦ જેટલી મીલોના કામદારોને લોકડાઉન દરમ્યાન કેટલાક કામદારોને પૈસા તેમજ રાશનની પણ સમસ્યા ઉભી થવા પામી હતી જેને ધ્યાને લઈ રાજયના કેબીનેટ મંત્રી ઈશ્વરબાઈ પરમારના અધ્યક્ષ હેઠળ પલસાણા એનવાર્યો પ્રોટેકશનના ચેરમેન વિપુલભાઈ દેસાઈ, એશ્વર્યા મિલના રમેશભાઈ ડુમસિયા તેમજ કડોદરા નગર પાલિકાના કારોબારી અધ્યક્ષ અંકુર દેસાઈ અને તાલુકા પંચાયતના પ્રમુખ મીતેશ નાયક દ્વારા એક મીટિંગ મળી હતી. જયા સરકારી અધકારીઓ પમ હાજર રહ્યા હતા. અને જેમાં લેવામાં આવેલ નિર્ણય અનુસાર પલસાણા એનવાયરો પ્રોટેકશન તથા ન્યુ પલસાણા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા અંદાજે એક કરોડ રૂપિયાના ખર્ચે ૧૮ હજાર રાશનની કીટ બનાવવામાં આવી રહી છે. જેમાં બનેલ ૧૦ હજાર રાશન કીટ ટેમ્પામાં ભરી ભરેલા કીટના ટેમ્પાને કેબીનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમાર દ્વારા તૈયાર થયેલ કીટના ટેમ્પાઓને લીલી ઝંડી આપી અંત્રોલી, વરેલી, કડોદરા, તાતીથૈયાલ મેળવા જેવા ગામેગામ કીટ વિતરણ માટે પોલીસ બંદોબસ્ત સાથે મોકલવામાં આવ્યા હતા અને બે દિવસ સુધી અંદાજે ૪૦૦ જેટલી ડાઈંગ મિલોમાં કામ કરતા ગરીબ મજુરોને અનાજની કીટ આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. આ મીલ માલિકોએ કોરોના જેવી મહામારી દરમ્યાન કારીગરો મજુરોને પડતી મુશ્કેલીઓને પહોંચી વળવાના હેતુથી અંદાજે એક કરોડ જેટલા રૂપિયાના અનાજ કીટની સહાય પ્રથમ ચરણમાં શરૂ કરવામાં આવી છે.

સોશિયલ ડીસ્ટન્સ નહીં જાળવતા લોકોને રૂ. ૧૦૦નો દંડ કરાશે

સુરત

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા સમયાંતરે આ કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવે છે. શહેરના વિવિધ વિસ્તારમાં આવેલ શાકમાર્કેટ, મેડિકલ સ્ટોર્સ, કરિયાણાની દુકાનોમાં જેહરજનતા દ્વારા સોશિયલ ડિસ્ટન્સ જળવાતુ નથી. શેહરમાં કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે જાહેરજનતાને એપેડેમિક ડિસિઝ એકટ- ૧૮૯૭ હેઠલ જણાવવામાં આવે છે કે જેઓ સોશિયલ ડિસ્ટન્સ જાળવશે નહીં તેઓને રૂ. ૧૦૦નો દંડ કરવામાં આવશે.

રાજ્ય બહારથી આવેલી વ્યક્તિને

શરદી-તાવ હોય તો અચૂક પણે આરોગ્યની તપાસ કરાવી દેવી

બહારના વ્યક્તિઓએ સુરત મહાનગર પાલિકાની કોવિડ-૧૯ ટ્રેકર એપ ફરજિયાત ડાઉનલોડ કરી વિગતો ભરવી

સુરત

વૈશ્વિક મહામારી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સુરત મહાનગર પાલિકાના હદ વિસ્તારમાં જે વ્યકિતઓ અન્ય રાજ્યમાં મુસાફરી કરીને આવેલા હોય તેઓ સંદિગ્ધ કોરોના કોવિડ -૧૯ ના વાહકો હોઈ શકે છે. જેથી આવા વ્યક્તિઓને તાવ, શરદી, કફ, ખાંસી જેવા લક્ષણો હોય તો તેઓએ તાત્કાલિક હોસ્પિટલમાં જઈ તપાસ કરાવવી તેમજ ફરજિયાતપણે સુરત મહાનગરપાલિકાની કોવિડ-૧૯ ટ્રેકર એપ ફરજિયાત ડાઉનલોડ કરવાની પાલિકા દ્વારા તાકીદ કરવામાં આવી છે. ખાનગી હોસ્પિટલોમાં જો એ.આર.આઈ. ના કેસ દાખલ થયા હોય ત્યારે તેનું ફરજિયાતપણે ટેસ્ટીગ કરાવવાનું રહેશે. સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર સેલ્ફ ડેકલેરેશન અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૨૩ ૮૦૦૦ પર જાણ કરવી એમ મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

સુરત શહેરમાં ખાનગી વાહનો પર જડબેસલાક પ્રતિબંધ

લોકડાઉનમાં ટુ,થ્રી, ફોર વ્હીલર લઈન બહાર અવર જવર કરવા અંગે ગુનોનોંધી વાહનો જપ્ત કરાયા

સુરત

લોકડાઉન છતાં સંખ્યાબંધ લોકો રસ્તા પર બિનજરૂરી ફરતા હોવાથી કોરોનાનો ચેપ વધુ ઝડપથી ફેલાઈ શકે એવી ભીતિ હોવાથી સુરત પોલીસ કમિશનરશ્રી આર.બી. બ્રહ્મભટ્ટ દ્વારા એક જાહેરનામું બહાર પાડી સુરત શહેરમાં ટુ, થ્રી અને ફોર વ્હીલર જેવા ખાનગી વાહનો ચલાવવા પર પ્રતિબંધ લગાવ્યો છે. તા.૬ એપ્રિલ, સોમવારે મધ્યરાત્રિથી જાહેરનામાનો અમલ શરૂ થઈ ગયો છે, અને ૧૪ એપ્રિલ સુધી શહેરની હદમાં જરૂરી કામગીરી માટે નિયત કરેલી વ્યક્તિઓ સિવાય જે લોકો કારણ વિના બહાર અવર જવર કરતા હશે તેમની સામે ગુનો નોંધાશે. તેમજ તેમના વાહન પણ જપ્ત કરી લેવામાં આવશે.

લોકડાઉનની જાહેરાત છતાં લોકો વાહનો લઈ નીકળી પડે છે, જેના પગલે લોકડાઉનના કડક અમલીકરણ પોલીસ કમિશનરશ્રીએ આ જાહેરનામું બહાર પાડ્યું છે. જે અનુસાર શહેરમાં કોઈપણ વ્યક્તિ કારણ વગર ટુ, થ્રી વ્હીલર, ફોર વ્હીલર પર ફરી શકશે નહીં. માત્ર આવશ્યક ચીજ વસ્તુઓ, ડોક્ટરો, પેરામેડીકલ સ્ટાફ, ઓન ડ્યુટી સરકારી કર્મચારીઓ તેમજ દૂધ- શાકભાજી અને કરીયાણું લેવા જતા લોકો જેવા નિયત કરેલા ૨૭ કેટેગરીમાં આવતા લોકોને જ છૂટ આપવામાં આવી છે.જેમાં, સુરત પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં (૧) સંરક્ષણ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, તિજોરી વિભાગ, જાહેર ઉપયોગિતા જેવી કે પેટ્રોલિયમ, સી એન જી, એલ પી જી, પી એન જી સહિતની સેવાઓ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, વીજઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, પોસ્ટ ઓફીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભિક ચેતવણી એજન્સી (૨) પોલીસ, હોમગાર્ડ, સીવીલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને જેલો (૩) જીલ્લા વહીવટી અને ટ્રેઝરી વિભાગ, (૪) વીજળી અને પાણીની સ્વચ્છતા (૫) મ્યુનિ કોર્પો ના ફકત પાણીની સપ્લાય તેમજ સફાઇ જેવી આવશ્યક સેવાઓ માટે જરૂરી કર્મચારીઓ (૬) જાહેર અને ખાનગી ક્ષેત્ર સહીતના તમામ તબીબી સંસ્થાઓ અને તેમના ઉત્પાદન, વિતરણ એકમો જેવાકે ડીસ્પેન્સરી, કેમિસ્ટ અને તબીબી ઉપકરણોની દુકાનો, પ્રયોગશાળાઓ / કલીનીકસ, નર્સિંગ હોમ્સ, એબ્યુલન્સ કાર્યરત રહેશે તમામ મેડીકલ સ્ટાફ, નર્સ, પેરા મેડિકલ સ્ટાફ તથા અન્ય હોસ્પિટલ સંપર્ટ સેવાઓ માટે પરિવહનની મંજૂરી રહેશે (૭) રેશનકાર્ડની દુકાનો (જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ની દુકાનો) સહિતની દુકાનો, ખાદ્યપદાર્થો, કરિયાણાવાળા, ફળો અને શાકભાજી, ડેરી અને દુધના બૂથ, માંસ અને માછલી, પશુ ઘાસચારા વાળા ફેરીયાઓ તેમજ આવશ્યક ચીજવસ્તુઓ પહોંચાડનાર હોમ ડીલીવરી કરતા માણસો (૮) બેન્ક, વીમા કચેરીઓ અને એટીએમ (૯) પ્રિન્ટ અને ઈલેકટ્રોનીક મીડિયા (૧૦) દુરસંચાર, ઈન્ટરનેટ સેવાઓ, પ્રસારણ અને કેબલ સેવાઓ અને આઇ ટી આધારિત સેવાઓ (૧૧) ઈ - કોમર્સ દ્વારા ખોરાક, ફાર્માસ્યુટીકલ્સ, સાધનો સહિત તમામ આવશ્યક ચીજોની હોમ ડિલીવરી (૧૨) પેટ્રોલ પંપ, એલપીજી, પેટ્રોલિયમ અને ગેસ, છૂટક અને સ્ટોરેજ ગોડાઉન (૧૩) વીજ ઉત્પાદન, ટ્રાન્સમીશન અને વિતરણ એકમો અને સેવાઓ (૧૪) સિક્યોરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા સૂચિત કેપીટલ અને ડેન્ટ માર્કેટ સેવાઓ (૧૫) કોલ્ડ સ્ટોરેજ અને વેર હાઉસીંગ સેવાઓ (૧૬) ખાનગી સીકયુરીટી સેવાઓ (૧૭) આવશ્યક ચીજ વસ્તુઓના ઉત્પાદન એકમો તથા અન્ય ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરુર પડે છે. તેવા રાજય સરકારની મંજુરીથી ચાલુ રાખી શકાશે (૧૮) આવશ્યક ચીજ વસ્તુઓના પરિવહન માટેના વાહનો (૧૯) ફાયર વિભાગ તેમજ કાયદો અને વ્યવસ્થા અને ઈમરજન્સી સેવાઓ (૨૦) હોટલો, હોમસ્ટેઝ, લોજ અને મોટેલ જેમાં લોક ડાઉનના કારણે અટવાયેલા પ્રવાસીઓ અને વ્યકિતઓ રોકાયેલ છે તે ઉપરાંત જેમાં મેડિકલ અને ઈમરજન્સી સ્ટાફ, હવાઈ - દરિયાઈ સેવા માટેના સેફ રોકાયેલ છે, (૨૧) કવોરોન્ટાઈન માટે ઉપયોગમાં લેવાયેલ સંસ્થાઓ (૨૨) અંતિમ સંસ્કારના કિસ્સામાં, ૨૦ જેટલા વ્યકિતઓ ભેગા થઈ શકે તે માટે પરવાનગી આપી શકાય છે (૨૩) દુધ, કરિયાણું, શાકભાજી જેવી જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ ખરીદવા નીકળેલ વ્યકિતઓ તથા દવા અને તબીબી સારવાર માટે નીકળેલ વ્યકિતઓ (૨૪) કલેકટરશ્રી, સુરત શહેરનાઓ તરફથી અપવાદ હેઠળ પાસ ધરાવતી વ્યકિતઓ (૨૫) કૃષિ મશીનરીની દુકાનો તેને સંબંધિત સ્પેર પાર્ટસ (સપ્લાય ચેઈન સહીત) અને તેની મરામત સંબંધિત દુકાનો ખુલી રેહશે. (૨૬) હાઇ - વે પર ની તથા પેટ્રોલ પંપ પર ની ટ્રક રીપેરની દુકાનો (૨૭) ચા ઉદ્યોગ, રોપણ પ્રક્રિયામાં વધુમાં વધુ ૫૦ ટકા મજુરો રોકાયેલ હોય, આમ કુલ ૨૭ પ્રકારની અપવાદરૂપ સેવાઓને છૂટ અપાઈ છે. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

સુરતમાં કોરોના સામેની જંગમાં ત્રણ દીકરીઓએ આપ્યા દાન બચતના ૩૦ હજાર

સુરત

કોરોના વાયરસ નો કહેર અત્ર-તત્ર-સર્વત્ર જોવા મળી રહ્યો છે. આ દરમિયાન અનેક લોકોએ દાનની ગંગા વહેડાવી છે. જેમાં સુરત શહેરમાં રવિવારે એક અનોખો કિસ્સો સામે આવ્યો હતો. નાની દીકરીઓએ પોતાનાં ગુલ્લકમાં જમા કરેલાં રૂપિયાને કોરોના વાયરસ અનુસંધાને દાન તરીકે સચિન પોલીસ ઈન્સ્પેક્ટર એન.એ. દેસાઈને આપી સેવાની સુગંધ ફેલાવી દીધી છે. લૉકડાઉન બાદ અનેક સેવાકીય સંસ્થાઓ સહિત નેતા-અભિનેતાઓ સહિત અનેક લોકોએ દાનની ગંગા રોકડ તેમજ અનાજની કિટ સ્વરૂપે વહાવી છે.

પરંતુ આજે જે અહીં સમાચાર પ્રસિદ્ધ કરાઈ રહ્યા છે તેમાં ન્યૂઝ ૧૮ ગુજરાતી પણ આનોખું દાન આપનારી દીકરીઓ માટે ગર્વની લાગણી અનુભવે છે. ધન્ય છે આ દીકરીઓનાં માતા-પિતાને જેઓએ તેમના સંતાનોમાં આવા સંસ્કારોનું સિંચન કર્યું છે. સચિન વિસ્તારના આ પરિવારની દીકરીઓ પૈકી કાવ્યા વિમલભાઈ પટેલ (ઉ. ૮ વર્ષ), ધાન્વી સુનિલભાઈ કામાણી (ઉ. ૭ વર્ષ), દ્વિતી વિમલભાઈ કામાણી (ઉ. ૪ વર્ષ)એ સાથે મળીને પોતાનાં ગુલ્લકમાં જમા થયેલી ધનરાશિ રૂપિયા ૩૦ હજાર એકત્ર કરી સચિન પોલીસ મથકનાં પી.આઈ. એન.એ. દેસાઈને કુમકુમ તિલક કરી દાન તરીકે આપ્યાં હતાં.

પોલીસે નાની દીકરીઓએ આપેલી આ ધનરાશીને સન્માન સહિત સ્વીકારી હતી. દીકરીઓએ પોતાના પીગી બેંકની રકમ આપતા પહેલા પી.આઈ.નું કુમકુમ ચંદનથી તીલક કરી સન્માન કર્યું હતું. આ કપરી પરિસ્થિતિમાં અડીખમ ઉભા રહીને કામ કરવા બદલ દીકરીઓએ પોલીસ ઈન્સ્પેક્ટરને અભિનંદન પણ પાઠવ્યા હતા. ત્યાર બાદ દીકરીઓએ પોતાની પાસેની પીગી બેક્ક પોલીસ અધિકારીના હાથમા આપી દીધી હતી અને કહ્યું હતું કે કોરોના માટે દાન સ્વીકાર કરજો.

મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ. એક લાખનું દાન

વૈશ્વિક કોરોના વાયરસની મહામારીમાં રાજય સરકારને સહાયરૂપ થવાં ધી ઓલપાડ સાયણ કિમ નાગરિક ધિરાણ સહકારી મંડળી લી, ઓલપાડ- સાયણ- કિમ દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમા રૂ. ૧.૦૦ લાખ ની સહાયનો ચેક ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલને અર્પણ કરવામાં આવ્યો હતો. મંડળીના તમામ ડિરેકટરશ્રીઓ અને સભાસદો વતી કાર્યકારી અધ્યક્ષશ્રી કૌશિકભાઈ પટેલ તથા મંડળીના મેનેજરશ્રી હેમંતભાઈ શાહે આ ચેક અર્પણ કરી સેવાકીય અભિગમ દર્શાવ્યો હતો.

ધારાસભ્ય ઝંખના બેન પટેલ દ્વારા ફૂડ પેકેટ તથા અનાજનું વિતરણ

ચોર્યાસીના ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ દ્વારા બી. એન. પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ અને સુરત સુપરબાઈકર્સ ક્લબના સહયોગથી શ્રમજીવી પરિવારોને ભોજનના પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ઝંખનાબેનના હસ્તે આજે ૩૦૦ જરૂરિયાતમંદ શ્રમજીવીઓને રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. જીઆઈડીસીમાં અને આજુબાજુના વિસ્તારમાં પણ ૨૫૦ અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવા કાર્યમાં ઉદ્યોગપતિઓ કિશોર પટેલ, જગદીશ રામાણી, મયુર ગોળવાલા, બીપીન રામાણી નિલેશ ગામી, મિતુલ મેહતા, મોહન બારી તેમજ ફિયાસવીના ચેરમેન શ્રી ભરતભાઈ ગાંધી તથા અન્ય ઉદ્યોગકારો પણ જોડાયા હતા. સચીન જીઆઈડીસીના તમામ ઉદ્યોગકારોનો આ ભગીરથ કાર્યમાં ખૂબ મોટો ફાળો રહ્યો છે.

વલસાડ જિલ્લામાં ૭૦ વ્યક્તિઓ હોમકોરેન્ટાઈન હેઠળ

આજની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ૬૮ વ્યક્તિઓને હોમકોરેન્ટાઈન અને બે સરકારી ફેસીલીટીમાં કોરેન્ટાઈન મળી કુલ ૭૦ વ્યક્તિઓ હોમકોરેન્ટાઈનમાં છે. ૯૮૭ વ્યક્તિોનું ૧૪ દિવસીય હોમકોરેન્ટાઈન પૂર્ણ થયું છે. હોમકોરેન્ટાઈનમાં રહેલા વ્યક્તિાઓનું ક્રોસ વેરીફિકેશન પણ કરવામાં આવ્યું છે. ૮ સરકારી સ્થળોએ કોરેન્ટાઈન ફેસીલીટી ઊભી કરી ૧૭૨ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. વલસાડ જિલ્લામાં આજદિન સુધી કોવિદ-૧૯નો એકપણ પોઝીટીવ કેસ જોવા મળ્યો નથી, તેમ જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા જણાવાયું છે.

સોનગઢ પાલિકાના કર્મીઓના આરોગ્યની પણ તપાસ કરાઈ

'કોરોના' ના સંક્રમણને અટકાવવા માટે રાતદિવસ ખડેપગે સેવા કરતા સરકારી કર્મચારી, અધિકારીઓના સ્વાસ્થ્યની પણ સમયાંતરે તપાસ કરીને, તેમની કાળજી લેવામાં આવી રહી છે. સોનગઢ નગરપાલિકાના ચીફ ઓફિસર પૂર્વી પટેલ તરફથી મળેલી વિગતો અનુસાર ×કોરોના× ના કહેર વચ્ચે નગરના પ્રજાજનોના સ્વાસ્થ્ય અને સલામતી માટે ફરજ બજાવી રહેલા સોનગઢ નગરપાલિકાના ૬૦ જેટલા આરોગ્ય કર્મચારીઓ સહિત, પાણી પુરવઠાના ૨૦ કર્મચારીઓ, કચેરીના ૨૦ કર્મયોગીઓ, અને ૧૦ સભ્યોના આરોગ્યની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. નગરજનોના સ્વાસ્થ્યની સલામતી સાથે સંકળાયેલા આ તમામ કર્મયોગીઓનું થર્મલ ગન દ્વારા સ્કીનીગ કરીને તેમનું સ્વસ્થ ચકાસવામાં આવ્યું હતું.

સરકાર ૮ કરોડ પરિવારોને ત્રણ મહિના સિલિન્ડર મફત આપશે

વિડીયો કોન્ફરન્સ દ્વારા જિલ્લાના નોડલ અધકારીઓ સાથે એલપીડીના પુરવઠાની સમીક્ષા

સુરત

એલપીજી સિલિન્ડરના પુરવઠાની પૂરતી તથા અવિરત ઉપલબ્ધતા તથા ઉજજવલા યોજનાના લાભાર્થી એવા ૮ કરોડ પરિવારોને ૩ મહિના સુધી નિઃશુલ્ક એલપીજી સિલિન્ડર મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રી પેટ્રોલિયમ અને કુદરતી ગેસ તથા સ્ટીલ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે તમામ ઓઈલ માર્કેટિંગ કંપનીઓના આશરે ૭૦૦થી વધુ જિલ્લા નોડલ અધિકારીઓ સાથે મંત્રણા કરી હતી.

વિડીયો કોન્ફરન્સ દ્વારા કરાયેલી આ મંત્રણામાં શ્રી પ્રધાને જણાવ્યું હતું કે સામાજિક પરિવર્તનના એક મહત્વના કારક તરીકે સ્થાપિત થયેલી પ્રધાન મંત્રી ઉજજવલા યોજના, વર્તમાનમાં નોવેલ કોરોના વાયરસના સંક્રમણના સમયમાં ફરી એક વાર મહત્વની ભૂમિકા ભજવશે.

તેમણે પીએમયુવાય યોજનાના લાભાર્થીઓ માટે પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ યોજનાની વિવિધ વિશેષતાઓ વિશે માહિતી આપી હતી. જેમાં૧૪.૨ કિ.ગ્રાના મહત્તામ ૩ સિલિન્ડરની ઉપલબ્ધી તથા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા પીએમયુવાય ગ્રાહકોના બેન્ક ખાતામાં અગ્રિમ આરએસપી ટ્રાન્સફર કરવા જેને ઉપાડી ડિસ્ટ્રીબ્યુટર પાસેથી ગેસનો સિલિન્ડર મેળવવા સહિતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમણે આ યોજનાના અસ્ખલિત અમલીકરણ માટે પણ સૂચનો આપ્યાં હતાં.

મંત્રીએ પુનરોચ્ચાર કરતાં જણાવ્યું હતું કે લોકડાઉન છતાં ૧૫ પોર્ટ ટર્મિનલ્સ, ૧૯૫ એલપીજી બોટલિંગ પ્લાન્ટ્સ તથા પરિવહન નેટવર્ક રોજિંદા ધોરણે કાર્યરત છે, જેથી દેશમાં એલપીજી ઉત્પાદનોની પુરતી અને અવિરત ઉપલબ્ધતા જળવાઈ રહેશે.

સરકારી કેચરીઓ પાસે ઉપવાસ તથા આંદોલન કરવા પર પ્રતિબંધ

સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે પ્રતિબંધક આદેશ

નવસારી

ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની દુર્ઘટનાઓ વારંવાર બનવા પામી છે. નવસારી જિલ્લામાં પણ નાગરિકો પોતાની માંગણી, રજૂઆત તરફ ધ્યાન ખેદ્વચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતુ અને મનસ્વી આયોજન કરી કચેરીમાં તેમજ જાહેરમાર્ગે પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે.

નવસારી જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોદ્વચે અને લોકોમાં સંવાદિતા જળવાય તે હેતુસર નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કે.જે.રાઠોડે એક જાહેરનામા ઘ્વારા મળેલી સત્તાની રૂએ નવસારી કલેકટર અને મેજીસ્ટ્રેટની કચેરી, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રી નવસારી કચેરી તથા પોલીસ સ્ટેશનના કંપાઉન્ડ તથા તાલુકા ખાતે આવેલી તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, પોલીસ સ્ટેશનના કંપાઉન્ડ તેમજ કંપાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસો ભેગા થવા સભા/ સરઘસ કરવા પર તાત્કાલિક અસરથી તા.૧૮/૦૪/૨૦૨૦ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનાર સજાને પાત્ર થશે.

એપીએમસી માર્કેટ બંધ કરી દેવાતા શાકભાજીના ભાવો આસમાને

સુરતમાં શાકભાજી અને ફલોના જથ્થાની અછત સર્જાવાની ભીંતી

સુરત

સોશ્યલ ડિસ્ટન્સિંગ માટે એપીએમસી માર્કેટ બંધ કરાવી દેવાતા સુરત શહેરમાં સ્થાનિક શાકભાજી બજાર અને છુટક લારીવાળાઓએ શાકભાજીના ભાવમાં બેફામ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. લોકડાઉન લોકોની આવક બંધ થઈ ગઈ છે. બીજી તરફ મૂલભુત જરૂરિયાત શાકભાજીના ભાવો વધતા લોકો બરોબર અકળાયા છે.

કોરોના વાઈરસની સામેની લડતમાં લોકડાઉન અને સોશ્યલ ડિસ્ટન્સિંગ જરૂરી હોવા છતા પણ લોકો જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ ખરીદવા માટે ભારે ભીડ કરતા હોવાથી સુરત જાહેરના તમામ ઉચ્ચ અધિકારીઓએ લોકડાઉનનો અમલ કરવા માટે કડક પગલા ભરવાની જાહેરાત સાથે એપીએમસી માર્કેટ પણ બંધ કરાવી દેતા સુરત શહેરમાં શાકભાજીના ભાવોમાં અસહય ઉછાળો આવ્યો હતો. એક તરફ લોકડાઉનને કારણે લોકોની આવક બંધ થઈ ગઈ છે. ત્યારે બીજા તરફ શાકભાજીના ભાવોમાં બેફામ વધારો ઝીંકાઈ ગયો છે. એક તરફ સરકાર શાકભાજી સહિતના જીવન જરૂરિયાતની ચીજ વસ્તુની સપ્લાય અટકાવવામાં નહીં આવશે, તેવી જાહેરાત કરે છે અને બીજી તરફ એપીએમસી માર્કેટ બંધ કરાવી દેવાતા આવે છે. આ નિર્ણયને કારણે શાકભાજીના ભાવોમાં વધારો થતા લોકોની ભારે રોષ વ્યાપી ગયો છે.

તા.૧૪મી સુધી એપીએમસી માર્કેટ સંપૂર્ણ પણે બંધ રહેશે

સુરત

સહારા દરવાજા પાસે આવેલી એ.પી.એમ.સી. માર્કેટ (સરદાર માર્કેટ)માં શાકભાજી અને ફળફળાદીનું મોટા પ્રમાણમાં ખરીદવેચાણ થાય છે. ગુજરાત ઉપરાંત અન્ય રાજયોમાંથી પણ શાકભાજી અને ફળફળાદીનો વિપુલ જથ્થો વાહનો મારફતે અહી આવે છે. એટલે આઠ-દસ હજાર જેટલા નાના-મોટા ટ્રક, ટેમ્પો જેવા વાહનો સાથે સાથે મોટી સંખ્યામાં મજુરો પણ હોય છે, ઉપરાંત માર્કેટ યાર્ડમાં વ્યાપારીઓ, શહેરીજનો ખુબ જ વિશાળ સંખ્યામાં એકઠા થતાં હોવાથી કોરોનાનો ચેપ વધુઝડપથી ફેલાઈ શકે એવી ભીતિ હોવાથી સુરત પોલીસ કમિશનરશ્રી આર.બી. બ્રહ્મભટ્ટ દ્વારા એક જાહેરનામું બહાર પાડી તા.૦૫ એપ્રિલથી તા. ૧૪ એપ્રિલ સુધી સંપૂર્ણ બંધ રાખવાનો આદેશ કાર્યો છે. જરી લોં કો ભેગા થાય છે, પ્રવર્તમાન સ્થિતિ જોતાં, કૌરના વાયરસના કારણે zocial distancing જળવાતું નથી આથી કોરોનો વાયરસનું સંક્રમણ ફેલાવવાની ઘણી શક્યતા રહેલી છે.

સરકારી અનાજ વિતરણ પૂર્વે લોકોને જાણકારી માટે સત્તાવાર જાહેરાત કરો

સુરત

'કોરોના' ના કારણે લોકડાઉનની પરિસ્થિતિ સામે પોહચી વળવા જરૂરિયાતમંદ વ્યક્તિઓને સરકાર તરફથી વિવિધ સહાય યોજના અંતર્ગત આપવામાં આવતી સહાયની માહિતી અસ્પષ્ટ હોવાને કારણે ગરીબ લોકો રઝળી રહ્યા હોય જેથી વ્યવસ્થા સુધારવા બાબતે આજ રોજ સુરત એડિશન કલેકટરને રૂબળુ આવેદનપત્ર સુરત કોંગ્રેસ ના આગેવાનો દ્વારા પાઠવવામાં આવ્યું.

સરકારને જણાવવામાં આવ્યું કે, રેશનકાર્ડ ધારકો જે કાયમી સસ્તા દરનું રાશન પ્રાપ્ત કરતા હતા તેમજ રાશનકાર્ડ હોય પરંતુ સસ્તા દરનું અનાજ મળવા પાત્ર નહીં હતું તેમજ જેઓની પાસે રેશનકાર્ડ નથી તેવા પરિવારોને કયા સમયે? કયા કયા જથ્થાની કીટ? કેટલા પ્રમાણમાં? તેવી માહિતી દર્શાવતા બેનરો-પોસ્ટરો-જાહેરાતો સલ્મ અને ગરીબ વિસ્તારોમાં લગાવવામાં આવે તેમજ શહેરના અગ્રીમ અખબારો અને ટીવી સમાચારો અને રેડિયો પર તેની માહિતી પ્રસારિત કરવામાં આવે જેથી કરી ગરીબ પ્રજા ધક્કે ચઢ્ચા વગત સીધેસીધો તેમને મળવા પાત્ર સહાય મેળવી શકે.

છેલ્લા કેટલા દિવસોથી ખોટા ખોટા વાયરલ મેસેજોના કારણે શહેરની પ્રજા અસમંજસ માં મુકાય ગઈ છે જેના કારણે લોકો કોઈ એક જગ્યાએ ધસારો કરી સોસીયલ ડિસ્ટનસિંગનું પાલન કરી શકતા નથી.

જેથી લોકો સુધી સ્પષ્ટ માહિતી પોહચે તે બાબતે સુરત એડિશનલ કલેકટરને સુરત કોંગ્રેસના આગેવાન શ્રી હરિશકુમાર સૂર્યવંશી(સુરત કોંગ્રેસ ઉપપ્રમુખ, કોર કમિટી સભ્ય), આશિષભાઈ રાય(પ્રદેશ આગેવાન-કોંગ્રેસ), કિશોરભાઈ શિંદે(વોર્ડ-૨૩ પ્રમુખ-કોંગ્રેસ), શૈલેશભાઈ રાજપૂત(સુરત શહેર મંત્રી) ની ઉપસ્થિતિમાં આવેદન પાઠવવામાં આવેલ છે.

સુરતમાં સતત બીજા દિવસે વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાતા આંકડો ૧૯ પર પહોંચ્યો, રાંદેર, સચિન, બેગમપુરા વિસ્તાર માસ ક્વોરન્ટીન

● બેગમપુરા વિસ્તારમાં માસ ક્વોરન્ટીનના બેનર લગાવાયા : પોઝિટિવ આવેલા વ્યક્તિઓની સોસાયટી અને આસપાસના વિસ્તારને સેનિટાઈઝ કરાયો

● ત્રણ નવા કેસમાં ત્રણેયની ટ્રાવેલ હિસ્ટ્રી ન હોવાનું જાણવા મળ્યું : કાપોદ્રા અને કડોદરાના યુવકના સ્મીમેરમાં સારવાર દરમિયાન મોત : શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯ પોઝિટીવ કેસ નોંધાયા છે



સુરત

શહેરમાં આજે વધુ બે મહિલા સહિત ત્રણ વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.સુરત શહેર અને જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં બેના મોત થયા છે અને પાંચ રિકવર થયા છે. લોકલ ટ્રાન્સમિશનવાળા કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દ્વારા પગલાં લેવામાં આવ્યા છે. જેમાં રાંદરે, સચિન, બેગમપુરા વિસ્તારને માસ ક્વોરન્ટીન કરી દેવામાં આવ્યા છે. આ વિસ્તારમાં બેરિકેટ મૂકી કોર્ડન કરી પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે.

૧૪૧૦ લોકો ક્વોરેન્ટીન

સુરત મહાનગરપાલિકાના મ્યુ. કમિશનર બંછાનિધિ પાનીએ આજ તા.૦૬ એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં કોરોનાના ૨૧૩ શંકાસ્પદ કેસો પૈકી ૧૯૧ નેગેટિવ રિપોર્ટ નોંધાયા છે. ૧૭ પોઝીટિવ અને ૦૫ રિપોર્ટ પેન્ડીગ છે. આજે આજે સુરતમાં ૧૪ શંકાસ્પદ કેસો ઉમેરાયા, જેમાંથી ત્રણ નવા કોરોના પોઝિટીવ કેસો નોંધાયા છે. ગત.તા.૦૫ એપ્રિલના રોજ પણ ૦૩ પોઝિટીવ કેસ નોંધાયા હતા. આજની સ્થિતિએ ૧૨૯૨ લોકો હોમ ક્વોરેન્ટાઈન હેઠળ છે. જેમાં ૧૧૧ સરકારી ક્વોરેન્ટીનમાં, ૦૭ વ્યક્તિ વિક એન્ડ હોટેલમાં એમ કુલ મળી કુલ ૧૪૧૦ લોકો ક્વોરેન્ટીન હેઠળ છે.

રાજ્યમાં સૌથી વધુ સેલ્ફ ડેક્લેરેશન

આજ સુધી પાલિકાની વેબસાઈટ પર ૧૯૮૩ લોકોએ સેલ્ફ ડેકલેરેશન કર્યું છે. જે દેશભરમાં સૌથી વધુ છે. શહેરમાં ૪૮૮ ટીમોના ૯૧૦ કર્મચારીઓ દ્વારા ડોર ટુ ડોર સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે. શહેરમાં આજરોજ ૨૮૮૬ સ્થળોએ ડિસઈન્ફેક્શનની કામગીરી કરવામાં આવી છે. તેમજ આજ સુધી શહેરમાં ૨૭૫૯૫ જાહેર અને જરૂરી સ્થળોએ ડિસઈન્ફેક્શન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. આજ સુધી હોમ ક્વોરેન્ટાઈનમાંથી ૨૫.૧૨ મેટ્રિક ટનનો બાયો મેડિકલ વેસ્ટ મળ્યો છે, જેનું ખાસ પદ્ધતિથી અલગ રીતે વેસ્ટ મેનેજમેન્ટ કરવામાં આવશે. પાલિકાના પ્રાણી સંગ્રહાલય અને એક્વેરિયમમાં પ્રાણીઓ અને માછલીઓને પણ કોઈ પણ પ્રકારનું ઈન્ફેકશન ન થાય એ માટે સઘન કામગીરી કરવામાં આવીછે.

કોર્પોરેટરે લોકોને અપીલ કરી

વોર્ડ નંબર ૧૦ના કોર્પોરેટર અને સુરત મહાનગર પાલિકાની ટ્રાન્સપોર્ટ કમિટીના ચેરમેનએ ૬ થી વધુ સોસાયટીઓમાં હેમાલિબેન બોઘાવાળાએ સાવચેતી રાખવા લોકોને અપીલ કરતાં કહ્યું કે,રાંદેર-અડાજણ વિસ્તારના સૌ રહીશોને વિનંતી છે કે, આપણા વિસ્તારમાં ઘણા કોરોના પોઝિટિવ દર્દીઓ તાપસમાં બહાર આવ્યા છે.બે હાથ જોડીને વિનંતી કરું છુ કે, મહેરબાની કરીને ઘરમાં જ રહીને પોતાનું,પોતાના પરિવાર અને આપણા વિસ્તારનું કોરોનાની મહામારીથી રક્ષણ કરો.

નવા ત્રણ પોઝિટિવ કેસ

આજના બે નવા કેસ રાંદેર વિસ્તારમાં નોંધાયા છે. જ્યારે એક કેસ બેગમપુરાનો છે. સવારે રાંદરે વિસ્તારમાં આવેલી અલ અમીન રેસીડેન્સીમાં રહેતા ૫૨ વર્ષીય અહેસાન રાશિદ ખાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી જ નથી. જ્યારે રાંદેરમાં જ બાગ એ રહેમત અલવી રો હાઉસમાં રહેતી ૪૫ વર્ષીય યાશ્મીન અબ્દુલ વહાબ કાપડિયાનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. જેમની પણ કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. જ્યારે ત્રીજા કેસમાં બેગમપુરાના ૮૦ વર્ષીય વૃદ્ધા દયાકૌર હિરાલાલ ચાપડિયા છે. જે બેગમપુરાના પોઝિટિવ વૃદ્ધના સાસુ છે. જેમની પણ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. જેથી આરોગ્ય વિભાગે તેમના પરિવારની સુરક્ષા માટે જરૂર પગલાં લીધા છે.

પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું કે, ગત રોજ ત્રણ અને આજે પણ ત્રણ પોઝિટિવ કેસ નોંધાયા છે. તમામ કેસ લોકલ ટ્રાન્સમિશનના છે જે ગંભીર બાબત છે. આ પોઝિટિવના સંપર્કમાં આવેલાની તપાસ ચાલી રહી છે. પાલિકા કોરોના સામેની લડાઈમાં વધુ આક્રમક બની મુખ્ય કચેરી ખાતે વોર રૂમ શરૂ કર્યો છે. ડોર ટુ ડોર સર્વેમાં શંકાસ્પદ જણાતા કેસને વોર રૂમમાં બેઠેલા તબીબો ચેક કરીને કોરોના હોસ્પિટલમાં તપાસ માટે મોકલશે. આ સાથે નેચર પાર્કમાં ૪૯ પ્રજાતિના ૪૦૦ પ્રાણીઓ અને એક્વેરિયમની ૧૫૦ પ્રજાતિઓની ૪૦૦૦ માછલીઓને પણ કોરોનાનું ઈન્ફેક્શન ન લાગે તે માટે અલયાદી વ્યવસ્થા કરવામાં આવી છે.

APMC માર્કેટમાં મોટા વાહનોને પ્રવેશવા પર છૂટ

APMC માર્કેટને ૧૪ એપ્રિલ સુધી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, પોલીસ કમિશનર દ્વારા બંધના જાહેરનામામાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં મોટા વાહનનોને માર્કેટમાં પ્રવેશવાની છૂટ આપવામાં આવી છે. જ્યારે નાના વાહનો અને પગપાળા લોકો ઉપર પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે. મોટા વાહનો માટે પણ માર્કેટના સંચાલકોએ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરાવવાનું રહેશે.

બે શંકાસ્પદના મોત

સ્મીમેર હોસ્પિટલમાં કોરોનાના બે શંકાસ્પદ દર્દીઓના મૃત્યુ નીપજયા હતા. જે પૈકી એક દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો અને એક વ્યક્તિનો રિપોર્ટ આવવાનું હજી બાકી છે. સ્મીમેર હોસ્પિટલ ખાતેથી મળતી માહિતી મુજબ સુરત શહેરના કાપોદ્રા વિસ્તાર અને કડોદરા વિસ્તારના શંકાસ્પદ કોરોના લક્ષણ ધરાવતા બે વ્યક્તિઓના સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયા હતા.

૮ વર્ષીય યુવકને શ્વાસ લેવામાં તકલીફ થતી હતી

કાપોદ્રાની અક્ષરધામ સોસાયટીમાં રહેતા ૨૨ વર્ષીય મુન્ના શંભુરામ ને તાવ સહિતની તકલીફ જણાતા સ્મીમેર હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો અને રિપોર્ટ કરાવવા માટે સેમ્પલ મોકલવામાં આવ્યા હતા. સેમ્પલ નેગેટિવ આવ્યા હતા પરંતુ યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું હતું. આવી જ અન્ય એક ઘટનામાં સુરતના છેવાડે આવેલા કડોદરાના વરેલી ગામના ૧૮ વર્ષીય યુવકને શનિવારના રોજ તાવ અને શ્વાસ લેવામાં સમસ્યાઓને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન યુવકનું મૃત્યુ નીપજયું હતું .આ યુવકનો રિપોર્ટ આવવાનો હજી બાકી છે.

ગત રોજ એક જ દિવસમાં વધુ ત્રણ કેસ પોઝિટિવ નોંધાયા

શહેરમાં વધુ એક કોરોના પોઝિટિવ દર્દીનું મોત નિપજવાની સાથે એક જ દિવસમાં વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાતા શહેરનું આરોગ્ય વિભાગ સતત દોડતું રહ્યું હતું. આ સાથે શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૬ પોઝિટીવ કેસ નોંધાયા છે. જેમાંથી ૨ દર્દીના મોત થયા છે. ૫ દર્દી સાજા થતા તેમને રજા આપી દેવાઈ છે. અત્યાર સુધીમાં ૨૦૫ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૮૨ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

ન્યુ રાંદેર રોડનો વિસ્તાર કોરોન્ટાઈન કરવાનું શરૂ

સમગ્ર વિસ્તારમાં સુરત મનપાનું આરોગ્ય તંત્ર ઉતરી પડયું

સુરત

આજે ન્યુ રાંદેર રોડ અલ અમીન રેસીડેન્સીમાં રહેતા અહેસાન રસીદ ખાનનો રિપોર્ટ પોઝિટિવ આવતા સુરત મહાનગર પાલિકા તંત્રના આરોગ્ય વિભાગ દ્વારા આ વિસ્તારમાં યુદ્ધના ધોરણે ડિસ ઈન્ફેકશનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તેમજ એપાર્ટમેન્ટમાં પણ તમામ લોકોને હોમ કોરોન્ટાઈન રહેવા માટે હુકમ કર્યો છે. તેમજ આ દર્દીના સંપર્કમાં આવનારા પરિવારજનો સહિતનાને કોરોના વાઈરસનો ટેસ્ટ કરવા માટેની પ્રક્રિયા કરવામાં આવી રહી છે.

અત્રે નોંધનીય છે કે રાંદેર ટાઉનમાં કોરોના વાઈરસનો દર્દી મળી આવતા સમગ્ર વિસ્તારને કોરોન્ટાઈન કરવામાં આવ્યો હતો. તેમજ બેગમગપુરા હાથી ફળિયામાં ૬૦૦૦ વ્યક્તિઓને હોમ કોરોન્ટાઈન કરાયા હતા.

રાંદેરમાં જિંતાજનક રીતે કોરોના વાઈરસના દર્દીમાં વધારો થતો જાય છે. ગઈ કાલે મનપા કમિ બચ્છાનિધી પાનીએ પરિસ્થિતિ ગંભીર બનતી હોવાનું સ્વીકારીને લોકોએ સોશ્યલ ડિસ્ટન્સિંગ નહી આપ્વશે તો આપનારા દિવસો સુરત શહેર માટે કપરા છે.

સુરત / પુણેથી નવું મશીન મંગાવ્યું, ૨૦થી ૨૫ ફૂટ એક સાથે સેનિટાઈઝ કરાશે



ફાયર વિભાગ દ્વારા પાલિકા કચેરી બહાર મશીનનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું : કોરોના વાઈરસ સામે પાલિકાનો નવતર પ્રયોગ : ૬૦૦ લીટરની ટાંકી સાથેનું સેનેટાઈઝ મશીન લવાયું

સુરત

પાલિકા દ્વારા શહેરને સેનિટાઈઝ કરવા માટે નવું મશીન મંગાવવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના પુણેથી ૬૦૦ લીટરની ટાંકી સાથેનું સેનિટાઈઝ મશીન લવાયું છે. જેના કારણે ૨૦થી ૨૫ ફૂટ એક સાથે શહેરને સેનિટાઈઝ કરી શકાશે. આ મશીનથી સમગ્ર શહેર અને વાતાવરણને સેનિટાઈઝ કરવા અતિ ઉપયોગી થશે. ફાયર વિભાગ દ્વારા પાલિકા કચેરી બહાર મશીનનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

શ્રી શ્યામ સેવા ટ્રસ્ટની દરિદ્રનારાયણો માટે અનોખી સેવાકીય પ્રવૃત્તિ

કોરોના સંક્રમણના સમયમાં અનેક સેવાભાવી સંસ્થાઓ ગરીબ અને જરૂરિયાતવાળા લોકો અને શ્રમજીવીઓની વ્હારે આવ્યા છે. સુરતના શ્રી શ્યામ સેવા ટ્રસ્ટ દ્વારા દરિદ્રનારાયણો માટે અનોખી સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા પ્રતિદિન ગરીબો માટે ફૂડ પેકેટ સેવા શરૂ છે. ગત રોજ શ્રી શ્યામ સેવા ટ્રસ્ટના સેક્રેટરી શ્રી સુશીલ જી ગાડોદીયાને રાત્રે ૧૦ વાગ્યે માહિતી મળી કે આજે એક શ્રમજીવી વિસ્તારમાં રહેતા ૨૦૦ જેટલા લોકોને ભોજનની સમસ્યા છે. ભોજનની સુવિધા ન મળવાના કારણે મુશ્કેલી અનુભવી રહ્યા છે. સુશીલભાઈ તાત્કાલિક ઘરેથી નીકળી શ્યામ મંદિરના રસોડામાં ૨૦૦ લોકો માટે ખિચડી તૈયાર કરવામાં લાગી ગયા. ખીચડી તૈયાર થયા પછી ઝૂંપડપટ્ટીવાસીઓને સ્વયંસેવકશ્રી રાહુલ શર્માની ટીમ દ્વારા ખીચડીના પાર્સલોનું વિતરણ કરવામાં આવ્યું હતું,અને ભૂખ્યાજનોની જઠરાગ્નિ ઠારવામાં આવ્યો હતો.

લાજપોર જેલમાં કેદીઓ માટે માસ્ક અને સેનિટાઈઝરનું દાન

કોરોના મહામારીના વિકટ સમયમાં માસ્ક અને સેનિટાઈઝરના ઉપયોગથી કોરોનાવાઈરસના સંક્રમણથી બચી શકાય છે, આમ નાગરિકો માસ્ક અને માસ્ક અને સેનિટાઈઝર sulab સુલભ છે, ત્યારે જેલના બંદીવાન ભાઈઓ-બહેનોને કોરોનાથી રક્ષણ મળે એવા આશયથી ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી દ્વારા ૩૦૦૦ માસ્ક અને સુરત સ્થિત શક્તિ ડિસ્ટિલરીઝ પ્રા.લિ. કંપની દ્વારા ૩૦ લિટર સેનિટાઈઝર અને લાજપોર જેલના આંતરિક ભાગોની સ્વચ્છતા માટે ૫૦ લિટર સોડિયમ હાઈડ્રોક્લોરાઈડનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો હતો. જેલ અધિક્ષકશ્રી મનોજ નિનામાએ આ જથ્થો સ્વીકારી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ધરમપુરમાં સામાજિક સંસ્થાઓ દ્વારા ગરીબો માટે સેવાયજ્ઞ

કોરોના વાયરસ સામે તકેદારી રાખવા લોકડાઉનની સ્થિતિમાં ગરીબોને જમવાનું તેમજ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તે માટે વહીવટીતંત્ર સાથે સામાજિક સંસ્થા અને વ્યક્તિઓ પણ જોડાયા છે. ધરમપુર તાલુકામાં આવા જ સેવાભાવી લોકો દ્વારા જરૂરિયાતમંદોને ઘરબેઠા જમવાનું પહોંચાડવામાં આવી રહ્યું છે. આમ આફતના સમયે લોકોએ માનવતાના દર્શન કરાવ્યા છે.

સુરતમાં લોકલ ટ્રાન્સમિશનના કેસમાં વધારો, ૧૯માંથી ૯ કેસમાં ટ્રાવેલ હિસ્ટ્રી નથી



● સુરતીઓ સોશિયલ ડિસ્ટન્સ ન જાળવે તો ગંભીર પરિણામ ભોગવવા પડશે

● ગત રોજ એક જ દિવસમાં ત્રણ અને આજે ત્રણ પોઝિટિવ કેસ બાદ ચેતવણી

સુરત

શહેરમાં ગત રોજ કોરોનાના ત્રણ પોઝિટિવ કેસ અને આજે વધુ ત્રણ પોઝિટિવ કેસથી તંત્રની ઉંઘ ઉડી ગઈ છે. પાલિકા કમિશનરે સુરતીઓને આગામી દિવસોમાં તકેદારી રાખવામાં નહીં આવે તો ખુબ કપરાં દિવસ આવી શકે તેવી ચેતવણી આપી છે. શહેર અને જિલ્લાના કુલ ૧૯ પોઝિટિવ કેસમાંથી ૯ કેસ લોકલ ટ્રેન્સમિશનનના છે. જેમની કોઈ હિસ્ટ્રી ન હોવાથી તેના રહેઠાણના આખા વિસ્તારને જ માસ ક્વોરન્ટીનમાં મૂકી દેવામાં આવ્યો છે.

વોર રૂમ કીએટ કરીને ૨૪ કલાક કામગીરીની તૈયારી

બે દિવસ પહેલા મોત થયું તે મહિલા અને ગત રોજના ત્રણ કેસ અને આજના ત્રણ કેસમાં પણ લોકલ ટ્રાન્સમિશન થઈ રહ્યું છે. જેથી સોશિયલ ડિસ્ટન્સ ન થાય તો આગામી દિવસોમાં ખુબ કપરાં દિવસો આવે તેવી શક્યતા છે. કેટલાક દિવસોમાં એક એક કેસ આવ્યા ત્રણ દિવસમાં એક પણ કેસ આવ્યો નહોતો. હવે ગત રોજ ત્રણ કેસ અને આજે ત્રણ કેસ આવ્યા છે. હાલ ક્વોરન્ટીન, માસ ક્વોરન્ટીન, આઈસોલેશન પદ્ધતિથી કામગીરી ચાલી રહી છે. વધુને વધુ લોકોને રાખીને વોર રૂમ કીએટ કરીને ૨૪ કલાક કામગીરીની તૈયારી થઈ ગઈ છે.

ગતરોજના ત્રણ અને આજે ત્રણ પોઝિટિવ કેસ

અત્યાર સુધીમાં ૨૦૦ શંકાસ્પદ પૈકી ૧૮૦ રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. ૧૯ પોઝિટિવ અને ૬ દર્દીના રિપોર્ટ પેન્ડીગ છે. ગત રોજના ત્રણ પૈકી મહિલા સત્યભામા વનારે ડી - માર્ટનો જે કર્મચારીને પોઝીટીવ આવ્યો હતો તેના માતા છે. ઝાંપાબજારમાં રમેશચંદ્ર રાણા છે તે પણ લોકલ ટ્રાન્સમિશન છે. ઉપરાંત અડાજણ પાટિયા સિદ્દીકી સ્ક્વેરમાં રહે છે અબ્દુલ સિદ્દીકી છે તે રતન માર્કેટમાં એક દુકાન છે તે પણ લોકલ ટ્રાન્શમિશન છે. જ્યારે આજના બે કેસ રાંદરેના અને અન્ય એક પણ લોકલ ટ્રાન્સમિશનના છે.

૯ દિવસમાં ૯ પોઝિટિવ કેસ, એકનું મોત

શહેરમાં રવિવારે એક જ દિવસમાં ત્રણ કેસ અને આજના બે કેસ સાથે અત્યાર સુધીમાં કોરોના દર્દીનો આંકડો ૧૯ પર પહોંચી ગયો છે. જોકે, છેલ્લા નવ દિવસમાં જે ૯ પોઝિટિવ કેસ નોંધાયા છે, એ તમામ લોકલ ટ્રાન્સમિશનનો ભોગ બન્યા છે. આ ૯ વ્યક્તિને કોરોના નો ચેપ ક્યાંથી અને કેવી રીતે લાગ્યો તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. એટલું જ નહીં કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી પણ ન હોય તંત્ર ચિંતિત થયું છે. લોકલ ટ્રાન્સમિશનના વધતાં કેસ અટકાવવા માટે ફરજિયાત તમામ લોકોને માસ્ક પહેરીને બહાર નિકળવા અને સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ કરવા તંત્ર અપીલ કરી રહ્યું છે.

૯ કેસ જેની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી જ નથી

(૧) દયાકૌર હિરાલાલ ચાપડિયા (ઉ.વ.૮૦) (૨) યાશ્મીન અબ્દુલ વહાબ કાપડિયા(ઉ.વ.૪૫) (રહે. રાંદરે) (૩) અહેસાન રાશિદ ખાન(ઉ.વ.૫૨) (રહે. રાંદેર) (૪) અબ્દુલ વાહિદ કુરેશી (ઉ.વ.ઉ.વ.૫૦) (૪-૪) (અડાજણ પાટિયા) (૫) રમેશચંદ્ર રાણા (ઉ.વ.૬૫) (બેગમપુરા) (૪-૪) (૬) સત્યભામા વનારે (ઉ.વ.૪૦) (રહે. હરિધામ સોસાયટી, પાંડેસરા) (૫-૪) (૭) રજનીબેન મનોહરલાલ લીલાણી (ઉ.વ.૬૭) (રહે.નક્ષત્ર પ્લેટીનિયમ, પાલનપુર કેનાલ રોડ) (૪-૪) (૮) મંગેશ વનારે (ઉ.વ.૨૨) (રહે. હરિધામ સોસાયટી,પાંડેસરા) (૩૧-૩) (૮) અહમદ યુસુફ મુદાન (ઉ.વ.૬૭) (રહે. કુરેશી સ્ટ્રીટ, રાંદેર) (૨૯-૩)

લોકડાઉનના પગલે વલસાડના નારગોલમાં ૧૧૨૩ માછીમારને ક્વોરન્ટાઈન કરાયા



વલસાડ

નારગોલ-ઉમરગામ, મરોલીના સ્થાનિક માછી સમાજના વિરોધ વચ્ચે સૌરાષ્ટ્રથી આવેલી ૨૩ બોટના ૧૫૦૦થી વધુ માછીમાર ખલાસીને નારગોલ બંદરે ઉતારવામાં આવ્યા હતા. જે બાદ આરોગ્ય ખાતાની ટીમ દ્વારા તમામનું થર્મલ સ્કેનિંગ કરવામાં આવ્યું અને ૧૪ દિવસ સુધી હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. વલસાડના નારગોલમાં ૧૮૦૦માંથી ૧૧૨૩ માછીમાર ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રથી નારગોલ ૧૮૦૦ જેટલા માછીમારો આવ્યા હતા. મહારાષ્ટ્ર સહિત અન્ય રાજ્યના માછીમારોને પરત મોકલાશે. એક માછીમારમાં કોરોનાના લક્ષણ દેખાતા દાખલ કરાયા હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, ઉમરગામ, નારગોલ અને મરોલી કાંઠાના ગામના લોકો અને માછી સમાજના વિરોધના કારણે સૌરાષ્ટ્રથી ખલાસીઓ ભરીને આવેલી બોટ ઉમરગામના મધદરિયે છેલ્લા બે દિવસથી અટવાઈ પડી હતી. આ બોટમાં ઉમરગામ તાલુકાના સ્થાનિક માછીમારો ખલાસી ભાઈઓ હોવાથી મંત્રી રમણભાઈ પાટકરે સ્થાનિક માછીમારો અને વહીવટી તંત્ર સાથે ચર્ચા વિચારણા કરી હતી. જે બાદ આખરે રવિવારે સવારે ઉમરગામ નારગોલ બંદરે ૨૩ જેટલી બોટને લંગારાઈ હતી. જેમાના અંદાજે ૧૫૦૦ જેટલા ખલાસીઓને પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ઉતારવામાં આવ્યા હતા.

આ તમામ ખલાસીઓનું આરોગ્ય વિભાગની ટીમ દ્વારા થર્મલ સ્કેનિંગ કરવામાં આવ્યું હતું અને તમામ સ્થાનિક ખલાસીઓને પોતાના ઘરે મોકલી ૧૪ દિવસ સુધી હોમ ક્વોરન્ટાઈન કરી દેવાયા હતા. આ તમામ ખલાસીઓ સ્વસ્થ હોવાનું આરોગ્ય વિભાગ પાસેથી જાણવા મળ્યું છે. જ્યારે એક ખલાસીને તાવ, શરદી અને ખાંસીનાં લક્ષણો જણાતા તાત્કાલિક વલસાડની સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. આ બોટમાં વલસાડ-નવસારી અને બીલીમોરાના પણ ખલાસીઓ હતા. તેઓને ધોલાઈ બંદરે ઉતારવામાં આવ્યા હતા. વધુમાં આ બોટમાં ઉમરગામ તાલુકાને અડીને મહારાષ્ટ્રના ગામડાઓના પણ અંદાજે ત્રણસો જેટલા ખલાસીઓ હોવાનું કહેવાય છે. મહારાષ્ટ્રના ખલાસી ઓને નારગોલ બંદરે ઉતારવા દેવામાં આવ્યા ન હતા. વધુમાં ચાલતી ચર્ચા મુજબ હજુ બીજી પણ ઘણી બોટ સૌરાષ્ટ્રથી ખલાસીઓને લઈને ઉમરગામમાં આવે તેવી શક્યતા જોતાં સ્થાનિક માછીમારોમાં ભારે ઉચાટ વર્તાઈ રહ્યો છે.

લોકડાઉન પાલન : આગામી ગુરુવારે શબે બરાત તહેવારે તમામ મુસ્લિમ બિરાદરો ને લોકડાઉન નું પાલન કરી ઘરેજ રહી ઈબાદત કરવા ટ્રસ્ટીઓની અપીલ

ઈબાદત કરી કોરોના નાબૂદ થાય તે માટે ખાસ દુઆ કરવા રાજપીપળા જામા મસ્જિદ અને કબ્રસ્તાન ના ટ્રસ્ટીઓનું આહવાન

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના વાઈરસ ને કારણે સમગ્ર ભારત ભરમાં લોકડાઉન અમલ માં છે ત્યારે એપેડેમીક ડીસીઝ એકટ મુજબ ના કાયદાઓ પણ લગાવવામાં આવ્યા છે ઉપરાંત વધુ માણસો ભેગા ન થાય અને સોસીયલ ડિસ્ટનસિંગ જળવાય તે માટે દરેક જગ્યાએ ધારા ૧૪૪ પણ લાગુ કરાઈ છે.

આગામી ૯ એપ્રિલ ૨૦૨૦ ગુરુવાર ની રાત્રે મુસ્લિમ સમાજ માટે મોટી ઈબાદત માટેની રાત આવી રહી છે જેને શબે બરાત તરીકે પણ ઓળખાય છે આ દિવસે મુસ્લિમ બિરાદરો રોજા રાખે છે તેમજ માન્યતા પ્રમાણે સાંજે સમૂહમાં નમાજ અદા કરી અલ્લાહ ની ઈબાદત કરે છે અને રાત્રે કબ્રસ્તાન જઈ મૃત્યુ



પામેલા પોતાના પરિજનો ની કબર પાસે જઈ તેમની રૂહ માટે દુઆ કરે છે ઉપરાંત આ રાત્રે જીવનની પાછલા વર્ષ ની હિસાબ કિતાબ ની ડાયરી બન્ધ થાય છે અને નવી ડાયરી શરૂ થાય છે. ચાલુ વર્ષે કોરોનાએ સમગ્ર વિશ્વને બાનમાં લીધું છે ત્યારે રાજપીપળા ના જામા મસ્જિદ ટ્રસ્ટ ના પ્રમુખ શરીફખાન ગરાસિયા તેમજ કબ્રસ્તાન ના પ્રમુખ હસનભાઈ તાઈ દ્વારા સમગ્ર મુસ્લિમ બિરાદરો ને ઘરેજ રહી ઈબાદત કરવાની અપીલ કરી છે તેમજ આ મોટી ઈબાદત ની રાત્રે કોરોના મહામારી નો અંત આવે તેવી દુઆ કરવા પણ ખાસ આહવાન કરાયું છે. ઉપરાંત મસ્જિદ માં તેમજ કબ્રસ્તાન માં ન જઈ ઘરેથીજ પોતાના મરહુમો ને ઈસાલે સવાબ કરે તેવી પણ આપીલ કરી છે. મસ્જિદ તેમજ કબ્રસ્તાન ની બહાર લોકડાઉન નું પાલન કરવાની સૂચના આપતા બોર્ડ પણ લગાવાયા છે. અને લોકડાઉનના પાલન માં પ્રશાશન અને પોલીસને તમામ મુસ્લિમ બિરાદરો પૂરતો સહકાર આપે તેવી પણ આપીલ કરી હતી.

લોકડાઉનમાં રાજપીપલામાં ટ્રાફિક બ્રિગેડ જવાનની માનવતા જોવા મળી:એક વૃદ્ધ ભિક્ષુક ને મદદરૂપ



રાજપીપળા શહેરમાં હાલ લોકડાઉન સમયે સાંજે ખાસ વાહનવ્યવહાર કે આમ જનતા માર્ગ ઉપર ફરતી ન હોય તેવામાં એક નિઃસહાય વૃદ્ધ ભિક્ષુક ને સ્ટેશન રોડ પર ફરજ બજાવતા ટ્રાફિક બ્રિગેડના જવાન વાસુદેવ માછી એ ભોજન પીરસી આપી માનવતા મહેકાવી હતી.આમ પણ નર્મદા પોલીસ આવી સેવાકીય બાબતે હંમેશા આગળ રહી છે ત્યારે હાલ લોકડાઉન ટાણે વધુ એક માનવતા નું ઉદાહરણ જોવા મળ્યું હતું. (તસવીરઃભરત શાહ,રાજપીપળા)

સેલવાસના નરોલી ગામમાંથી એક વ્યક્તિ કોરોના પોઝિટિવ, બે ગામ લોકડાઉન

સેલવાસ

સેલવાસ કલેક્ટર સંદિપ કુમાર સિંહ ના જણાવ્યા અનુસાર તેઓએ કોરોનાના રિપોર્ટ માટે દાદરા નગર હવેલીમાંથી જેટલા પણ લોકોના બ્લડ સેમ્પલ લીધા હતા તે તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. પરંતુ રવિવારના રોજ નરોલીમાં રહેતા વિજય રાઠોડ નામનો એક વ્યક્તિ વિનોબા ભાવે હોસ્પિટલ ખાતે સારવાર માટે આવ્યો હતો. ત્યાં તેણે ડોક્ટર્સને પોતાની કેટલીક તકલીફો અંગે જણાવ્યું. ડોક્ટર્સને તેનામાં કોરોના વાયરસના લક્ષણો જણાતા તેને વધુ સારવાર માટે મુંબઈની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

મુંબઈની હોસ્પિટલમાં તેનો કોરોના વાયરસનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આજે સોમવારના રોજ તેનો કોરોના વાયરસનો રિપોર્ટ આવ્યો છે કે જે પોઝિટિવ છે. રિપોર્ટ આવતાની સાથે જ દાદરા નગર હવેલીમાં પ્રશાસને જરૂરી પગલા લેવાનું શરૂ કરી દીધું છે. વિજય રાઠોડ તાજેતરના દિવસોમાં કેટલા-કેટલા લોકોના સંપર્કમાં આવ્યો છે તે અંગેની જાણકારી એકઠી કરીને અમે તે તમામ લોકોને ક્વોરન્ટાઈન કરી લીધા છે.

સેલવાસ કલેક્ટરના જણાવ્યા અનુસાર, નરોલી ગામ અને ખાબસા ગામ કે જે બંને વચ્ચે ત્રણ કિલોમીટરનું અંતર છે તે તમામ વિસ્તારને અમે ક્વોરન્ટાઈન જાહેર કરી દીધો છે. વિજય રાઠોડ ૨૦ માર્ચના રોજ દાદરા નગર હવેલી ખાતે આવ્યા હતા. ત્યારબાદથી તેમની તબિયત થોડી ખરાબ રહી હતી. જેથી અમે તેમને તાત્કાલિક મુંબઈ ખાતે ખસેડ્યા હતા. જ્યાં તેમની પરિસ્થિતિ સ્થિર છે. કોરોનાના વધુ કેસ ન નોંધાય તેથી અમે નરોલી અને ખાબસા ગામને સંપૂર્ણ પણે લોકડાઉન કરી દીધા છે. નાગરિકોને કોઈ તકલીફ ન પડે તે માટે પ્રશાસન જરૂરી પગલા ભરી રહ્યું છે.

લોકડાઉન : રાજપીપળાના સેવાભાવી મુસ્લિમો દ્વારા અનાજ-શાકભાજી -ફુટનું વિતરણ:૫૦૦ થી વધુ કીટ વિતરણ કરાઈ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના મહામારી ના કારણે લોકડાઉન માં ગરીબોની હાલત ફફોડી બની છે ત્યારે કેટલીક સામાજિક સંસ્થાઓએ દ્વારા ભોજન તેમજ અનાજ નું વિતરણ કરાયું છે ત્યારે રાજપીપલા માં પણ ઘણા બધા સેવાભાવી ગ્રુપ ગરીબો ની વ્હારે આવ્યા છે.

રાજપીપળા ના મુસ્લિમ યુવાનો દ્વારા લોકડાઉન સમયે કેટલાક લોકો માટે શાકભાજી, ફુટ ,અનાજ ની લગભગ ૫૦૦ થી વધુ કિટનું વિતરણ કરાયુ હતું.

સેવાભાવી યુવાનો ના જણાવ્યા મુજબ જ્યારથી લોકડાઉન શરૂ થયું છે ત્યારથી બીજાજ દિવસથી અમે ગરીબ જરૂરિયાતમંદો માટે અનાજ, ફુટ તેમજ શાકભાજી નું વિતરણ શરૂ કર્યું છે આજસુધી ૫૦૦ થી વધુ કીટ વિતરણ કરી છે ઉપરાંત સસ્તા અનાજ ની દુકાનો બેંકો વિગેરે જ્યાં લોકો વધુ હોય છે ત્યાં પાણીનું પણ વિતરણ કર્યું છે અને જ્યાંસુધી લોકડાઉન રહેશે ત્યાંસુધી આ સેવા ચાલુ રાખીશું .ન્યાત જાત ના ભેદભાવ વિના માનવતા દાખવી અમે આ સેવા કરી રહ્યા છે.

સુરતમાં મહાવીર જયંતીની ઉજવણી

TRB જવાનો અને સફાઈ કામદારોને અપાઈ રાશન કિટ

સુરત

કોરોના લઈને દેશમાં લોકડાઉન છે. ત્યારે લોકો આ વાઈરસ દૂર રહે તે માટે અનેક જવાનો પોતાના જીવના જોખમે પોતાની ફરજ અદા કરી રહ્યા છે. આજે ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણ દિવસની ઉજવણી અનોખી રીતે કરવાં આવી હતી. હાલની સ્થિતિને જોતાં મંદિરમાં લોકોની ભીડ ભેગી કરવાના બદલે જીવના જોખમે ફરજ બજાવતાં સફાઈ કર્મચારી, ટી.આર.બી.ના જવાનો સહિતના લોકોને ગોળથી મીઠું મોં કરાવીને અનાજની કીટ આપવાનું શરૂ કરી દેવાયું છે. ૧૦૦૦થી વધુ કીટ તૈયાર કરવામાં આવી છે.


જૈન સમાજ દ્વારા મહાવીર સ્વામી જન્મ કલ્યાણ દિવસે વર્ષોથી સુરતમાં ખુબ જ ધૂમધામથી ઉજવાય છે ત્યારે આવ સમયે લોકોની ભીડ એકત્ર નહીં થાય અને ઉજવણી અનોખી રીતે કરવાનું નક્કી કરાયું હતું. કોરોના લોકડાઉન



વચ્ચે યોદ્ધા બનીને કામ કરતા રાંદેર ઝોનમાં અડાજણ, મોરાભાગળ, પાલનપોર અને જહાંગીરપુરાના ફાયર બ્રિગેડના જવાનો પોઝીટીવ કેસ હોય ત્યાં કે પછી વધુ માત્રામાં લોકો ભેગા થતાં હોય ત્યાં ડીસ ઈન્ફેક્શનની કામગીરી કરી રહ્યાં છે.

સુરતના રાંદેર વિસ્તારના સફાઈ કામદાર, ફાયર બ્રિગેડના જવાનો તથા બેલદાર અને પોલીસ કર્મચારી, ટી.આર.બી. જવાનને એક મહિના ચાલે એટલા અનાજ-કઠોળની કીટ આપવામાં આવી હતી. સોશિયલ ડિસ્ટન્સ જાળવવા રાંદેર વિસ્તારના ૧૧ વોર્ડ ઓફિસમાં સમાજના અગ્રણીના હસ્તે કીટનું વિતરણ કરાય હતી.જવાનોનો આભાર વ્યક્ત કરવા મહાવીર જન્મ કલ્યાણક દિવસ નિમિત્તે પ્રયાસ કરાયો છે જોકે આ સમયે શહેર ના મેયર ડેપ્યુટી મેયર પોલીસ કમિશનર અને મહાનગર પાલિકા કમિશનર પણ હાજર રહિયા હતા

સિવિલ હોસ્પિટલની મહિલા ડોક્ટર અને પાડોશીઓનો ઝઘડો પોલીસ સ્ટેશને પહોંચ્યો



સુરત

અડાજણ વિસ્તારમાં રહેતી અને નવી સિવિલિ હોસ્પિટલની મહિલા ડોક્ટર અને પાડોશીઓ વચ્ચે થયેલો ઝઘડો પોલીસ સુધી પહોંચ્યો છે. મહિલા ડોક્ટરે પાડોશી પર કોરોના બાબતે ધમકાવતા હોવાનો આક્ષેપ કરી વીડિયો વાઈરલ કર્યો હતો. ત્યારબાદ અડાજણ પોલીસ દ્વારા પાડોશી યુવકની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે પાડોશી યુવકની પત્નીએ તમામ આરોપો નકારી કાઢ્યા હતા અને જણાવ્યું હતું કે, મહિલા ડોક્ટરે આખી વાત ગેર માર્ગે લઈ જઈ તેમના પતિની ખોટી રીતે કસ્ટડી કરાવી છે. અડાજણ સંજીવકુમાર ઓડિટોરિયમની બાજુમાં રાજહંસવ્યુમાં રહેતી નવી સિવિલની મહિલા ડોકટર સંજીવની પાનીગ્રહીને તેના પડોશી ચેતન મહેતા કહ્યું કે તમે હોસ્પિટલમાં નોકરી કરો છો તો તમને કોરોના તો નથી ને એવું કહી શનિવારે ધમકાવવા હોવાનો આરોપ મૂક્યો હતો.

સાંજે ચેતન મહેતાની પત્ની તેના ફ્લેટ પાસેથી જતી હતી તે સમયે મહિલા ડોકટરે પાળેલું ડોગી ભસવા લાગ્યું હતું. જેથી ચેતનની પત્નીએ બૂમાબૂમ કરી માથાકૂટ કરવા લાગી હતી. જોતજોતામાં ચેતન મહેતા પણ ત્યાં આવી ગયો હતો અને તેણે મહિલા ડોકટર સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. મહિલા ડોકટરે પડોશી ચેતન મહેતાનો ઝઘડો કરતો વીડિયો મોબાઈલમાં ઉતારી લીધો હતો. મહિલા ડોકટરે ઘારાસભ્યને જાણ કરી હતી. જેથી અડાજણ પોલીસ ત્યાં દોડી આવી હતી. અડાજણ પોલીસે ડોકટરની ફરિયાદ લઈ ચેતન મહેતાની સામે અટકાયતી પગલા લીધા હતા.

કૂતરાને લઈ થયેલા ઝઘડાને ડોક્ટર કોરોના વાઈરસ સુધી લઈ ગયા હોવાનું પોલીસ કસ્ટડીમાં બંધ ચેતનભાઈની પત્નીએ જણાવ્યું છે. ૨૫મી માર્ચના રોજ થયેલા ઝઘડા બાદ ફરી ડોક્ટરનું શ્વાન તેમની ઉપર એટેક કરતા ભુમાબુમ કરવી પડી હતી અને તેમના પતિ ચેતનભાઈ દોડી આવ્યા બાદ શ્વાન ડોક્ટરના ઘરમાં ઘૂસી ગયો હતું એટલે મારા પતિએ પાડોશી ડોક્ટરને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

પેન્શન તથા વિધવા સહાય ઘરે પહોંચાડવા પોસ્ટ દ્વારા વ્યવસ્થા

લોકડાઉનમાં પોસ્ટ ઓફીસે નવી સેવા શરૂ કરી

નવસારી

ભારત સરકારે ભારતીય ટપાલ ખાતા દ્વારા અપાતની સેવાઓને આવશ્યક સેવાઓમાંની એક સેવા જાહેર કરેલી છે ત્યારે પોસ્ટ ઓફિસ મારફત પેન્શન મેળવતા પેન્શનરો તગા ગંગા સ્વરૂપના ખાતા ધરાવનાર ખાતેદારોને આ કપરા સમયમાં તેમના દરેક નાણાંકીય વ્યવહાર સચવાઈ રહે અને તેમને જરૂરી નાણાં તેમના ઘરે જ મળી રહી તે હેતુ ભારતીય ટપાલ વિભાગે ખાસ વ્યવસ્થા કરી છે. પેન્શનરોએ નજીકની પોસ્ટ ઓફિસ કે પોસ્ટમેનનો સંપર્ક કરી જેટલા નાંણા ઉપાડવાની જરૂર હોય તે જણાવી તેઓને જાઈતી રકમનું ચુકવણું તેમના ઘરે જ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે. તેમજ ગંગા સ્વરૂપ (વિધવા સહાય) નું ચુકવણું પણ લાભાર્થીને ઘરે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત ભારતીય ટપાલ વિભાગ દ્વારા એ. ઈ. પી. એસ.(આધાર ઈનેબલ પેમેન્ટ સિસ્ટમ) દ્વારા વૃદ્ધ, બીમાર તેમજ અશકત વ્યકિતઓ માટે ઘરે જ આધાર તેમજ મોબાઈલ નંબરથી લીક કોઈપણ બેન્કના ખાતમાંથી ઉપાડ કરવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. તે માટે આધાર નંબર તથા ઓટીપી માટે બેદ્વક ખાતા સાથે લિન્કડ મોબાઈલ નંબર જણાવી એક દિવસ માટે મહત્તમ રૂ.૧૦,૦૦૦/- સુધીની રકમનો ઉપાડ કરી શકશે. આવા ખાતેદારોએ નજીકની પોસ્ટઓફિસ અથવા આઈપીપીબી શાખાનો મો.નં-૯૮૩૩૭૦૩૨૬૮/૭૭૪૯૦૨૭૦૨૬ પર સંપર્ક કરવા જણાવાયું છે. પોસ્ટઓફિસ કર્મચારીઓ દ્વારા જરૂરી નાણાંની વ્યવસ્થા ઘરે જ કરી આપવામાં આવશે. આ કામગીરી દરમિયાન દરેક કર્મચારીએ પ્રવર્તમાન કોરોના વાયરસને લગતી જરૂરી તકેદારી રાખવા નવસારી પોસ્ટ વિભાગ દ્વારા યાદીમાં જણાવાયું છે.

લોક ડાઉન દરમિયાન પોલીસે ધારણ કર્યું કોરોનાનું સ્વરૂપ

લોકડાઉનના પાલન માટે મહુવા પોલિસનો નવતર પ્રયોગ

સુરત

કોરોના સંકટના કારણે દેશમાં ઊભી થયેલી વિકટ પરિસ્થિતિમાં લોકડાઉન અમલી બનાવી લોકો ઘરમાં જ રહે એ એકમાત્ર અસરકારક ઉપાય છે, પરંતુ ઘણાં લોકો વિના કારણ બહાર નીકળીને પોતાનો જીવ જોખમમાં મૂકે છે. આવા લોકો સમજદારી કેળવે એવા આશયથી લોકડાઉનના પાલન માટે સુરત જિલ્લાની મહુવા પોલિસ દ્વારા એક અનોખો અને નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં પોલિસકર્મીઓ દ્વારા રસ્તા પર ઉભા રહી કોરોના વાઈરસના આકારના હેલ્મેટ પહેરી લોકડાઉનનો ભંગ કરનાર લોકો તેમજ અન્ય વાહનચાલકોને કોરોના વાઈરસ સામે ગંભીર બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. પોલિસ જવાનોએ કોરોના સ્વરૂપ ધારણ કરીને કોરોના સામે લડવા માટે નાગરિકોને પોતાના ઘરમાં જ પરિવારજનો સાથે સુરક્ષિત રહેવાની અપીલ પણ કરી હતી. પોલિસના સેફટી ગાર્ડને પણ કોરોના વાઈરસના ફેલાવાને રોકવાનો સંદેશ લખવામાં આવ્યા છે. લોકોએ પણ પોલિસના નવતર પ્રયોગને વધાવ્યો હતો.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)